વર્ષ ૧૦, : ઓગસ્ટ–૧૯૫૩ : અંક ૬.

# કલ્યાણ

737

## રાજકારણ અને ધર્મ

શ્રી૦

સંસ્કૃતિપ્રધાન ભારતદેશમાં પૂર્વકાલથી ધર્મ પ્રત્યે, ધાર્મિક આચાર-વિચારો પ્રત્યે, પ્રજાના પ્રત્યેક વર્ગના હૃદયમાં એક સરખો સદ્ભાવ રહેલો છે. આત્મા–પરમાત્માઃ ઇહલોક–પરલોકઃ પુણ્ય–પાપઃ ઇત્યાદિ અધ્યાત્મવાદનાં ચિરંતન તત્ત્વો વિષેની શ્રદ્ધા આપણે ત્યાં ઠેઠથી ચાલી આવે છે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં, જીવનની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં આવા આસ્તિક લોકો વર્તમાનલોક–ઇહલોક કરતાં પરલોકને દૃષ્ટિ સન્મુખ રાખી શ્રદ્ધાશીલ બની પોત–પોતાના કર્તવ્યોને આચરનારા રહ્યા છે.

સદાચાર, જાતિમત્તા, પાપભય, લજ્જા, દાક્ષિણ્યતા, ક્ષમા, ત્યાગ, તપ, સંયમ, વૈરાગ્ય, ઔદાર્ય આ બધા ઉત્તમકોટિના ગુણોને અધ્યાત્મદૃષ્ટિયે ખૂબ જ મહત્ત્વ અપાયેલું છે. ૫–૨૫, ૫૦–૬૦ કે ૧૦૦ વર્ષના પરિમીત વર્તમાનકાળીન જીવન કરતાં ભાવિ જીવન ખૂબ જ દીર્ઘ અને અપાર છે. વર્તમાન જીવન પ્રત્યેની જ કેવળ હિતદૃષ્ટિ સંકુચિત અને સ્વાર્થ ભરેલી ગણાય છે. ધર્મના સિદ્ધાંતો, આચાર-વિચારો તથા તેનું તત્ત્વજ્ઞાન હંમેશા દેશ, કાલ, સમાજ, વ્યક્તિ કે, સમષ્ટિ સર્વ–કોઈને ગૌણ કરીને સંસારભરના સમસ્ત આત્માઓના પારલૌકિક હિતને જ દૃષ્ટિ સમક્ષ રાખે છે.

જ્યારે આ રીતે ધર્મ કેવલ અધ્યાત્મને અનુલક્ષીને જ પ્રવર્તિ રહેલો જોઈ શકાય છે, ત્યારે પ્રશ્ન એ થાય છે કે, 'રાજકારણને અને ધર્મને કાંઇ સંબંધ ખરો કે નહિ? ધર્મમાં માનનાર, આચરનાર યા ધર્મને જ જીવનનું ધ્યેય સ્વીકારી સંસાર ત્યજનાર મહાત્માઓ રાજકારણમાં, રાજકીય ક્ષેત્રમાં ભાગ સાક્ષાત્ યા પરંપરાએ લઇ શકે યા નહિ?' આ પ્રશ્ન આજે અતિશય વિચારણા માંગે છે. રાજકારણને પરલોકપ્રધાન ધર્મની સાથે જેઓ ભેળવી દેવા માંગે છે, તેઓએ એકદમ લાગણીવશ બનીને કોઇપણ પ્રકારના પૂર્વગ્રહથી દોરવાઇ જવું ન જોઇએ. રાજકારણ, એ એક સંકુચિત ક્ષેત્ર છે. દેશે–દેશે, કાલે–કાલે, ક્ષેત્રે–ક્ષેત્રે રાજકારણની પ્રવૃત્તિઓ પલટાતી જાય છે. દેશ એ વિશાલ સંસારની અપેક્ષાએ ઘણું જ ન્હાનું અને સંકુચિત ક્ષેત્ર છે. તેના હિતની દૃષ્ટિમાં અન્ય અનેકોના અહિતની વૃત્તિ સંકળાઇને રહેલી સંભવિત છે. દેશનું

રાજકીયક્ષેત્ર સર્વ સાધારણ જનકલ્યાણનું કે જીવમાત્રના હિતનું ક્ષેત્ર નથી. એ કોઈએ ભૂલવું જોઈતું નથી જ.

રાજકારણમાં હિંસા, માયા, છલ, પ્રપંચ, કાવા-દાવા, અસત્ય, તેમજ ભયંકર શસ્ત્રાસ્ત્રોના યુદ્ધો પણ સંડોવાયેલા છે. કેવલ પરલોકને, આત્મદમનને કે આત્મસાધનાને લક્ષ્યભૂત રાખીને સંસાર સમસ્તનો ત્યાગ કરનારા સાધુપુરુષોએ રાજકારણના મેલા પાણીને ડહોળવાનાં ન હોય; જનસમાજના પારલૌકિક હિતનો માર્ગ દર્શાવનારા સંત મહાત્માઓને સ્વ કે પર, મારૂં કે પારકું, પોતાનું કે પરનું એ વૃત્તિ દેશ, સમાજ કે પ્રદેશને અંગે કદિ હોઈ શકે નહિ. એની સાધના એમ કરવામાં કલંકિત બને છે.

એની આત્મસાધનામાં સમસ્ત સંસારના પ્રત્યેક દેશ, પ્રત્યેક સમાજ કે પ્રત્યેક કુટુંબના સાર્વત્રિક હિતની સાધના પરમાર્થભાવે રહેલી હોય છે. એની નિષ્પાપ, નિર્મલ તથા સુવિશુદ્ધ આત્મકલ્યાણની પ્રવૃત્તિઓ બ્રહ્માંડના જીવમાત્રનું વાસ્તવિક કલ્યાણ કરનારી જ હોય છે. આ થઈ સંસારત્યાગી સાધુ-સમાજની વાત, જ્યારે ગૃહસ્થાવસ્થામાં રહેલા અલ્પસાધકની વાત આથી કાંઈક ભિન્ન છે. એ દેશ, સમાજ તથા કુટુંબની સાથે સંકળાઈને રહેલો છે. ઘરમાં રહીને ઘરના સંબંધોથી જેમ એને જોડાયેલા રહેવાનું છે, તેમ દેશ, પ્રદેશ, કુટુંબ કે સમાજ: આ બધાયની સાથે એને જોડાતા રહેવાનું છે, છતાં પોતાની અધ્યાત્મપ્રધાન આત્મકલ્યાણના પારલૌકિક હિતની દૃષ્ટિને, સાધનાને ભૂલીને એણે આ બધાયને અતિશય પ્રમાણમાં મહત્ત્વ આપવાનું ન હોય !

ધર્મ એ અધ્યાત્મપ્રધાન છે. અને રાજકારણ ઈહલોકપ્રધાન છે. પારલૌકિક હિતને સાધવામાં આડે આવતા રાજકારણને આસ્તિકવર્ગે વિવેકપૂર્વક જીવનવ્યવહારોમાં સ્થાન આપવાનું રહે છે. તેમાંયે જ્યારે રાજકારણમાં ધર્મ જેવી અધ્યાત્મવાદની પોષક વસ્તુને માનવાનો ઇન્કાર થતો હોય, સામાજિક કે વ્યક્તિગત જીવનમાં જોડાયેલા પારલૌકિક તથા ઇહલૌકિક ધાર્મિક કે નૈતિક હિતકારક સંસ્કારો, સદાચારો, રીત-રીવાજો, વગેરેની સ્હામે રાજકારણના પ્રધાનપુરુષોદ્વારા હસ્તક્ષેપ થતો હોય, તે સમયે વિશાલદૃષ્ટિને લક્ષ્યમાં રાખી ધર્મ કે ધાર્મિકતાના પોષક આચાર-વિચારોને રાજકારણમાં ભૂલે-ચૂકે ભેળવી નહિ દેવા માટે રાજકારણમાં વિવેકપૂર્વક ભળવાનું રહે છે.

આપણે આજે એટલું સમજી લેવું જોઈશે કે, રાજકારણ જડવાદ તરફ વહેનારૂં હોય છે. જ્યારે ધર્મ હંમેશાં ચેતનવાદમાં માનનારો અને તેનો જ સમર્થક હોય છે. માટે તે બન્નેનાં ક્ષેત્રો, અધિકારો કે મર્યાદાઓ કદિ એક ન હોઈ શકે.

# સમયનાં ક્ષીર—નીર.

## શ્રી સંજય.

**જૈન મુનિઓ માટે પાઠયપુસ્તક દ્વારાનિંદ્યપ્રચાર:**

વર્તમાન રાજકારણી પુરુષો આપણને વારંવાર કહી રહ્યા છે કે, ભારતનું રાજ બંધારણ અસાંપ્રદાયિક છે. રાજ્યને કોઈ ધર્મ, જ્ઞાતિ, સમાજ, કે સંપ્રદાય નથી. હકીકતની દૃષ્ટિયે માની લઈએ કે રાજ્યનો સ્વતંત્ર કોઈ ધર્મ ન હોઇ શકે. અનેક ધર્મોમાં માનતી રાજ્યની ભિન્ન-ભિન્ન સંપ્રદાયની પ્રજાના વિભિન્ન ધર્મો પ્રત્યે સમભાવ રાખવો એ કુશલ રાજ્યકર્તાઓનું પ્રધાન કર્તવ્ય છે. પણ એથી રાજ્યકર્તાઓને કોઈ પોતાનો ધર્મ જ ન હોવો જોઇએ, એ રીતનો જે આજે પ્રચાર કોંગ્રેસ જેવી હિંદની મહાન રાજકીય સંસ્થાના જવાબદાર અધીકારીઓ દ્વારા વારંવાર આપણી સમક્ષ થઈ રહ્યો છે. એ બિલકુલ ન સ્હમજી શકાય તેવી વસ્તુ છે, છતાં એ ગમે તે હોય. ધર્મને માનવો યા ન માનવો એ સહુની પોત-પોતાની માન્યતા કે શ્રદ્ધા ઉપર જ આધાર રાખે છે. એને અંગે કોઇપણ પ્રકારનો કોઈના ઉપર બલાત્કાર ન જ હોઇ શકે એ સ્પષ્ટ વાત છે. પણ એથી કોઇપણ ધર્મમાં માનનાર સમાજને, યા તેના પૂજ્ય ધર્મગુરુઓને કે તેની ધાર્મિક સંસ્થાને હલકટ, નિંદ્ય તેમજ વાંચનાર યા સાંભળનારને તેના પ્રત્યે તિરસ્કાર પેદા થાય, તેવું લખવા યા બોલવાનો અધિકાર સ્વતંત્ર ભારતમાં કોઈપણ વ્યક્તિ, સમાજ કે સંસ્થાને ન જ હોઇ શકે, એમાં કશું કહેવાનું રહેતું નથી.

પણ જ્યારે આવો નિંદ્ય પ્રચાર છડેચોક હિંદમાં થતો હોય, તે પણ હિંદી સરકાર યા પ્રાંતીય સરકાર માન્ય પાઠયક્રમને અનુલક્ષીને શાળાઓમાં ~~અભ્યાસક્રમ~~ દ્વારા નિયત થયેલા પાઠયપુસ્તકોનાં લખાણો મારફતે, ત્યારે આપણને પારાવાર દુઃખ થાય છે. અહિં જે હકીકતનો નિર્દેશ થાય છે, તે હકીક્ત હમણાં જ અમારા જાણવામાં આવી છે.

**'હમારી રાષ્ટ્રભાષા' નામનું હિંદી ભાષાનું પાઠયપુસ્તક ધી જનરલ બુક ડીપો, મુંબઈના પ્રચારક સંસ્થા મારફત પ્રસિદ્ધ થયું છે.** આ પુસ્તકના પાંચ ભાગો છે. જે પહેલા વર્ગથી ૯ વર્ગ સુધીના વિદ્યાર્થીઓને માટે અભ્યાસને અંગે શાળાઓમાં કેળવણી ખાતા તરફથી મંજુર થયેલ છે. મુંબઈ પ્રાંતના ગૂજરાત, મહાગૂજરાતના જિલ્લાઓમાં, સૌરાષ્ટ્ર પ્રાંતમાં તેમજ કચ્છ પ્રદેશમાં શાળાઓના અભ્યાસક્રમમાં આ પુસ્તક હાલ ચાલે છે. આ પુસ્તકની પહેલી આવૃત્તિ ઇ. સ. ૧૯૫૨ માં પ્રસિદ્ધ થઇ છે. જુદા-જુદા હિંદી લેખકોનાં લખાણોને સંગૃહીત કરીને આ પુસ્તકમાલા તૈયાર કરવામાં આવી હોય એમ લાગે છે. અમારે જે કાંઇ કહેવાનું છે તે **આ પુસ્તક શ્રેણીના ભાગ પાંચમાને અંગે છે. જે આ લખાતી વખતે અમારી સ્હામે છે. આ પુસ્તકની શરૂઆતમાં લેખક કાંતિલાલ જોશી એમ. એ. મંત્રી બંબઇ પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સભા. બંબઇ ૨૬'** એ રીતે પુસ્તકના લેખકનું નામ વાસ્તવિક રીતે સંપાદકનું નામ જોઇએ. પ્રસિદ્ધ થયું છે. લેખકભાઇ પુસ્તકનાં નિવેદનમાં 'એ શબ્દ' લખે છે. તેમાં તેઓ જે જણાવે છે, તેનો ગૂજરાતી અનુવાદ અક્ષરશઃ આ મુજબ છે. 'મુંબઇ સરકારે પોતાનો પાઠયક્રમ પ્રકાશિત કર્યો છે, તેને અનુસરીને આ પાઠાવલી તૈયાર કરાઇ છે.' એટલે મુંબઇ સરકારના પાઠયક્રમને સ્હામે રાખીને આ પુસ્તકમાં બધા લખાણો જુદા-જુદા લેખકોના જુદા-જુદા વિષયો પર લખાયેલા અત્યાર સુધી પ્રસિદ્ધ, અપ્રસિદ્ધ, અધ્યાયને સંગૃહીત કરવામાં આવ્યા છે.

**પાંચમા ભાગના પૃષ્ઠ ૨૩ પર 'દાંત' વિષે ૭ મો પાઠ પ્રસિદ્ધ થયો છે,** જેમાં નિબંધરૂપે લખાણ પ્રસિદ્ધ થયું છે, તેના લખનાર **શ્રી પ્રતાપનારાયણ મિશ્ર** નામના હિંદી સાહિત્યના સુપ્રસિદ્ધ લેખક દાંત'ને ઉદ્દેશીને વર્ણન કરતાં તેઓ જે કાંઈ લખે છે, તેની સ્હામે આપણને કાંઈ કહેવાનું રહેતું નથી. પણ 'દાંત'ને અનુલક્ષીને શૃંગાર, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભૂત તથા શાંત રસનું જે કાંઈ વર્ણન કરે છે, તેમાં તેઓ બિભત્સરસ દાંતને

અંગે કઈ રીતે નિષ્પન્ન થાય છે, તેને અંગે જણાવે છે કે, 'બિભત્સરસકા પ્રત્યક્ષ દર્શન કરના હો, તો કિસી **જૈની મહારાજ**કે દાંત દેખ લીજીએ, જિનકી છોટીસી સ્તુતિ યહ હૈ કિ મૈલકે મારે પૈસા લપક જાતા હૈ' (પેજ ૨૪, પંક્તિ ૧૨) -એટલે તેઓ એમ લખે છે કે, **'દાંતને અંગે બિભત્સરસનું પ્રત્યક્ષદર્શન કરવું હોય તો કોઈ જૈનોના મહારાજના દાંત જોઇ લેજો. જેની થોડી સ્તુતિ એ છે કે, તેમના દાંતના મેલમાં પૈસો પણ ચોંટી જાય છે.'**

આ લખાણમાં લેખક શ્રી મિશ્ર જેઓ સ્વયં બ્રાહ્મણ છે, તેઓએ જૈનસાધુઓ પ્રત્યે વાંચનારના હૃદયમાં તિરસ્કાર ઉત્પન્ન કરવા માટે ઠીક વિષય લીધો છે. જૈનસાધુઓ જાણે મેલા, બિભત્સ અને જંગલી હોય તેવી છાપ પાડીને આ લેખકભાઈ જૈનસમાજના પૂ૦ ધર્મગુરુઓ માટે વિદ્યાર્થીવર્ગના માનસપટ પર તદ્દન નિંદ્ય તથા હલકીકોટિની છાપ પાડવા સારૂ કેટ-કેટલો બાલીશ પ્રયત્ન કરે છે. આ પુસ્તકના સંપાદક શ્રી કાંતિલાલ જોશી જેઓ પણ બ્રાહ્મણ છે, તેઓને આવું લખાણ પ્રગટ કરવા માટે કયું પ્રબલ કારણ મળ્યું હશે? સંપાદક તથા લેખક પોતે બ્રાહ્મણ છે, એટલે જૈનસંપ્રદાય પ્રત્યેનો પોતાનો અંગત તિરસ્કાર તો આ બ્હાને નથી ઠાલવતા કે? શું સંસારમાં બિભત્સ દાંતો જૈનમુનિઓનાં જ છે, એમ તેઓ કહેવા માંગે છે? અતિશય પ્રમાણમાં પાન, બીડી, તમાકુ આદિનો વપરાશ કરનારા ઘણાયે માણસો છે કે જેઓના દાંતો તદ્દન ખખબ અને મોઢું દુર્ગંધ મારતું હોય છે. જૈનસાધુઓ તો સંસારીજીવોની અપેક્ષાએ ખૂબ જ પ્રમાણમાં સંયમી હોય છે. શરીરસ્વાસ્થ્યના નિયમોનું પાલન થાય, તેવી તેઓની સંયમી જીવનની ચર્યા છે. આવા સંયમી, ત્યાગી તેમજ સંસારના સ્વાર્થોથી પર સર્વતોભદ્ર અજાતશત્રુ જૈનમુનિઓ કે જેઓનું દર્શન શાંતરસનું પરિપોષક છે, તેને બિભત્સરસનું બતાવનાર લેખકની મનોવૃત્તિ કેટ-કેટલી વિકૃત છે, એ સ્હેજે સમજી શકાય છે.

આવા લેખકોના પૂર્વગ્રહદૂષિત સંકુચિત માનસવાળાં લખાણોને પાઠ્યપુસ્તકોમાં સ્થાન આપતાં પહેલાં સંપાદકે પરિપૂર્ણ વિચાર કરવો ઘટે છે. તેમજ આ પુસ્તકને શાળાઓમાં ચલાવવાની છૂટ આપતાં પહેલાં સરકારી કેળવણી ખાતાએ ખૂબ જ તકેદારી રાખવી જોઈતી હતી. સ્વતંત્ર ભારતમાં કોઈ પણ ધર્મસંપ્રદાયની માન્ય અને પૂજ્ય વ્યક્તિ કે સંસ્થા માટે એક પણ હલકટ શબ્દ લખતાં-બોલતાં પહેલાં આજે પ્રત્યેક બુદ્ધિમાન માનવે અતિશય સાવધ રહેવાની જરૂર છે. **પોતાની સાંપ્રદાયિક સંકુચિતવૃત્તિનું સરકારમાન્ય પાઠ્યપુસ્તકોદ્વારા વિષવમન કરવાનો અધિકાર આજના પ્રજાશાસનવાદમાં માનનાર રાજતંત્રમાં કોઇને પણ ન હોવો જોઈએ.**

આ તકે અમે આ પુસ્તકના સંપાદક ભાઈ કાંતિલાલ જોશીને નમ્રતાપૂર્વક કહીએ છીએ કે, 'વહેલામાં વહેલી તકે તમારા આ પુસ્તકમાંથી વાંધાભરી આ હકીકતો રદ કરો, તેમજ મુંબઈ સરકારના ખાતાએ પણ જૈનસમાજના સાધુવર્ગ માટે ધિક્કારની લાગણી ફેલાવનારા આવા લખાણો કે પાઠ્યપુસ્તકોને અભ્યાસક્રમમાંથી તાત્કાલિક રદ કરવા જોઇએ. એમ અમે ભારપૂર્વક જણાવીએ છીએ. જૈનસમાજે પણ આવી-આવી બાબતોમાં ખૂબ જ કડક બની, પોતાનો અવાજ જાહેરમાં રજૂ કરવો જોઇએ, અને આવા લખાણોના પ્રચારની સામે સખ્તમાં સખ્ત વિરોધ નોંધાવવો ઘટે છે.

## કોરીયાના યુદ્ધની શાંતિનો કરાર.

**તા**જેતરમાં યૂરોપની દુનિયામાં નવો ધડાકો થયો છે. જે કોરીયાના યુદ્ધને અટકાવવા માટે લગભગ બબ્બે વર્ષથી શાંતિની વાટાઘાટો ચાલી રહી હતી, તે વાટાઘાટો હમણાં મૂર્ત બની છે. સામ્યવાદી સૈન્યો, તથા અમેરિકી સૈન્યો પરસ્પર આજે લગભગ ૩ વર્ષ અને ૩૩ દિવસથી લડી રહ્યા હતા. તેઓ હવે કાંઈક આરામ મેળવશે. જો કે, યૂરોપીયદેશોની નીતિ, એશિયાના ભોગે સ્વાર્થ સાધવાની છે, એટલે જ, કોરીયાની ધરતી પર ચીનીસૈન્યો અને અન્ય દેશોના સૈન્યોને પરસ્પર લડાવીને અમેરિકાએ તેમજ રશીયાએ યુદ્ધને ત્રણ-ત્રણ વર્ષ સુધી લંબાવ્યું, જેમાં લગભગ ૩૩ લાખ માનવોનો નાશ થયો છે. જ્યારે ક્રોડો માનવો નિરાધાર બન્યા છે. અબ્જોનું નુકશાન થયું છે, છતાં પરિણામ કાંઈજ નહિ. 'પાડે પાડા લડે અને ઝાડનો ખોડો નીકળે' તેવી સ્થિતિ આ બની

છે, એમ કહી શકાય. બન્ને મહારથી ફાસીઝમમાં માનનારા દેશોએ પ્રજાશાસન કે લોકશાસનના નામે લાખ્ખો માનવોનો મહાસંહાર કેવળ પોતાની મહત્ત્વાકાંક્ષાને પોષવા-પંપાળવા માટે જ ઉભો કર્યો. હવે જે રીતે આજે શાંતિ-કરારો થયા છે, તેનું હૃદયના સાચા દિલથી બન્ને મહાસામ્રાજ્યો પાલન કરે તો જ દુનિયાના કરોડો-અબજો માનવો જેની ઝંખના સેવી રહ્યા છે. તે વિશ્વશાંતિની દિશામાં યૂરોપની દુનિયા અવશ્ય પ્રગતિ સાધી શકશે.

હિંદને માટે ખુશ થવા જેવું તો એ છે કે, આ શાંતિકરારોમાં તટસ્થ નિયામક તરીકે-સુલેહના દૂત તરીકે તેનું નામ આગળ પડતું રહ્યું છે. હિંદની પરદેશનીતિનો આ એક મહત્ત્વનો વિજય ગણી શકાય. છતાં દક્ષિણકોરીયાના પ્રમુખ હ્રીંગમેનરીનું અક્કડ વલણ, અને તેનો તુંડમિજાજ સમાધાનના આ માર્ગમાં હજૂ નવાં વિઘ્નો ન નાંખે તો સારૂં ! એકંદરે હૃદયના પલટા વિના કે સાચી શાંતિની ભૂખના વિના શાંતિ, આબાદિ કે ઉન્નતિની વાતો કેવળ શબ્દોના ફુગાવા સિવાય કાંઈજ નહિ હોય, સહુ-કોઇએ યાદ રાખવું જોઇએ કે, વૈરનું વારણ વૈર નથી, પણ ક્ષમા છે. આ માનીને જ જો યૂરોપના મહાન સામ્રાજ્યો ભૂતકાલના આ બધા બનાવો પરથી હજુ પણ બોધપાઠ લે તો કેવું સારૂં ?

*

## હિન્દ જેવા બેકાર દેશમાં આડમ્બરી ખર્ચાઓ.

હિંદમાં તેમજ અન્યત્ર દુનિયાના સર્વ દેશોમાં આજે ચોમેરથી મંદીની હવા ફેલાઈ રહી છે, તેજીને આવવામાં કીડીનો વેગ રહે છે, જ્યારે મંદી એકદમ ફાટી નીકળે છે. કોઈ પણ દેશના અર્થકારણનો અભ્યાસી સ્હેજે કલ્પના કરી શકે છે કે, 'કોઇપણ દેશમાં તેજીનો ઉછાળો સતત દશ વર્ષ સુધી ટકી શકતો નથી.' એટલે તેજી પછી મંદી, એ તો સામાન્ય માનવ પણ સમજી શકે તેવું છે, 'સો દહાડા સાસુના, અને એક દહાડો વહુનો' એ રીતે મંદીના વાતાવરણે દેશની ચોમેર છેલ્લા લગભગ છ મહિનામાં ખૂબ જ આસમાની-સુલતાની ઉભી કરી છે. તેજીવાળાઓના હૈયામાં આજે તેલ ઉકળી રહ્યા છે. છાતીના પાટીયા લગભગ બેસી જવા આવ્યા છે. દેશમાં જ્યારે આવી વિષમ પરિસ્થિતિ પ્રવર્ત્તી રહી છે, ત્યારે કોંગ્રેસી તંત્રની વિચિત્ર રાજ્યનીતિએ આ સ્થિતિમાં વધુ વધારો કર્યો છે. અર્થકારણની અણઆવડત, વ્યાપારો પર વધુ પડતો કરભાર, અને વહીવટી તંત્રની મૂલભૂત ખામીઓ આ બધાયના કારણે આજનું તંત્ર પ્રજાના ન્હાનામાં ન્હાના વર્ગથી માંડીને દરેકને માટે અસંતોષનું કારણ બન્યું છે.

તેમાં વધુ ખરાબ પરિસ્થિતિ તો આજે સત્તારૂઢ સરકારની નાણાનો ધૂમાડો કરવાની મોભાના નામે જે અનિચ્છનીય પરિપાટી ચાલી રહી છે, તે છે. જે દેશમાં પ્રજાની સરેરાશ આવક વાર્ષિક ૪૫ આનાની પણ ન ગણી શકાય, તે દેશમાં રાષ્ટ્રપ્રમુખ શ્રી રાજેંદ્રપ્રસાદના રાષ્ટ્રભવનમાં કેવળ મહેમાનોના સન્માન-સમારંભની પૂઠે ૪૫ હજાર રૂા. નું ખર્ચ થાય છે. જે ચ્હા, પાન, સીગારેટ અને દારૂના વપરાશ પાછળ જ આ ખર્ચો થાય છે, આનો સરેરાશ દિવસનો રૂા. ૧૪૫ નો ખર્ચ લગભગ ગણાય. તેમાં બે ભાગનો ખર્ચ ચ્હા-પાણીમાં અને બાકીનો કેફી પીણાંઓની પાછળ.

બ્રિટીશ સરકારનાં રાજ્યતંત્રમાં આ રીતે જો ખર્ચાઓ થતા હોત તો આપણે ધોળા હાથીઓના લખલૂંટ ખર્ચાઓ કહી તે બધા પર ટીકાઓનો વરસાદ શરૂ કરી દીધો હોત. જ્યારે આ રીતે સ્વતંત્ર ભારતમાં પ્રજાના સેવકો કહેવડાવનારા આ બધા સત્તાસ્થાને રહેલાઓનાં હસ્તક આજના રાજ્યતંત્રમાં જે રીતે પ્રજાના પરસેવાની કમાણીનો જે ધૂમાડો થઈ રહ્યો છે, તે સાંભળતાં માથું શરમના ભારથી નીચું નમી જાય છે. આ તો એક ન્હાનો પ્રસંગ અહિં મૂક્યો છે, પણ વર્તમાન રાજ્યતંત્રમાં આવા તો અનેક રીતે લાખ્ખોના બેફામ આડંબરી ખર્ચાઓ આજે નભી રહ્યા છે. જે હિંદ જેવા ગરીબ, અને નવા જ પગભર થતા દેશના ભાવિને માટે ખૂબ જ ખતરનાક છે, દેશની આબાદીના પાયામાં આજે જરૂર છે સત્તાસ્થાને રહેલા પ્રજાસેવકોનાં જીવનમાં સાદાઈ, સચ્ચાઈ, તેમજ સંયમ તથા તપ-ત્યાગની. તે સિવાય ભારતની આબાદિના પાયા સંગીનપણે સ્થિર રહી ચિરકાલ પર્યંત ટકી નહિ શકે, એ વસ્તુ હિંદના વડા-પ્રધાનથી માંડીને ન્હાનામાં નાના અધિકારી સુધીમાં કોઈએ ભૂલવી જોઇતી નથી જ.

# ગ્રંથાવલોકન

**શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર :** (ગૂર્જર અનુવાદ) અનુવાદકઃ પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ. પ્રકાશકઃ શ્રી મોતીચંદ દીપચંદ via ભાવનગર, ઠળીયા (સૌરાષ્ટ્ર) ક્રાઉન આઠ પેજી ૪૫૨+૪૦=૪૯૨ પાકું પુઠું, સુંદર દ્વિરંગી જેકેટ મૂલ્યઃ રૂા. ૧૧ ૦-૦ શ્રાદ્ધ પ્રતિક્રમણ યાને વંદિત્તા સૂત્ર ઉપર પૂ. આચાર્ય શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજશ્રીએ ભવ્ય જીવોના ઉપકારની ખાતર 'અર્થદીપિકા' નામે વિસ્તૃત સંસ્કૃત ટીકા રચી છે. તેનો આ અક્ષરશઃ ગુર્જર અનુવાદ છે. વંદિત્તા સૂત્રનો મૂળપાઠ તો ઘણા કરે છે, પણ તેના અર્થનું ગાંભીર્ય બહુ ઓછા શ્રાવક-શ્રાવિકાઓ જાણે છે. આ અનુવાદ પૂ. મુનિરાજશ્રીએ ઘણા શ્રમ અને સમયના ભોગે તૈયાર કર્યો છે, એટલું જ નહિ પણ અનુવાદ કરવામાં ખુબ જ કાળજી-ચીવટ રાખી છે. વંદિત્તા સૂત્રનું રહસ્ય જાણવામાં અને આત્માને પાપથી પાછો હઠાવવામાં આ પુસ્તકનું વાંચન ઘણું ઉપયોગી અને જરૂરી છે, તો શ્રાવક-શ્રાવિકા આ પુસ્તકને ખરીદી સાદ્યંત વાંચી, વિચારી નિદિધ્યાસન કરી આરાધનામાં ઉજમાળ બને.

**મુક્તિના પુનિત પંથે :** વ્યાખ્યાનકાર; પૂ. આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશકઃ શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, દાદર મુંબઈ ૨૮. ક્રાઉન સોળ પેજી ૨૬૪+૪૬=૩૧૦ પેજ બોર્ડપટ્ટી બાઇન્ડીંગ સુંદર ત્રિરંગી જેકેટ હોવા છતાં મૂલ્યઃ બે રૂપિયા.

કલ્યાણના માર્ગને ચિંધનારાં એવાં આઠે વ્યાખ્યાનોનો આ સુંદર સંગ્રહ છે, એટલું જ નહિ પણ પૂ. આચાર્યદેવે વ્યાખ્યાનોમાં બોધ લેવા લાયક અનેક હકીકતોને સંકલીત કરી છે. 'આમુખ'ના લેખક શ્રી કપિલ મ. ઠક્કર M. A ના લખવા મુજબ 'વ્યાખ્યાનમાળામાં જૈનધર્મની દૃષ્ટિએ જગત કલ્યાણના માર્ગો સૂચવાયા છે' દરેક વ્યાખ્યાનની પૂર્વ ભૂમિકા પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજે કરી છે. એ પણ એટલી જ રોચક અને બોધપ્રદ છે. જડવાદમાં ગળાડુબ માનવીઓને આ પુસ્તકમાંથી શીખામણ લેવા જેવું ઘણું મળે એમ છે.

**સ્તવનાવલિ :** યોજક-સંગ્રાહકઃ પૂ. મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ. પ્રકાશકઃ શ્રી અમૃતલાલ મોહનલાલ સંઘવી. ઠે. હઠીભાઇની વાડી, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૯૬ પેજ મૂલ્યઃ ૦-૧૨-૦ આધુનિક સ્વરચિત સ્તવન, સજ્ઝાય ઉપદેશક કાવ્યો અને દુહાઓનો સંગ્રહ છે.

**કવિકુલકિરીટ :** (ભાગ ૨ જો) લેખક શ્રી ક્રમાટી. પ્રકાશકઃ શ્રી ચંદુલાલ જમનાદાસ શાહ, સંચાલક શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા છાણી (જી. વડોદરા) ક્રાઉન આઠ પેજી ૧૮૪ પેજ, અનેક વિવિધરંગી ફોટાઓ, રંગીન જેકેટ છતાં મૂલ્યઃ રૂા. બે. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની જીવન-કથાનો આ બીજો ભાગ છે. પૂ. આચાર્યશ્રીના સદુપદેશથી વિહાર અને ચાતુર્માસ દરમીયાન થયેલ શુભ કાર્યોની આમાં સળંગ હકીકત છે. વિશેષે કરીને આ ગ્રંથમાં ખંભાતનિવાસી સ્વ. સંઘવી કેશવલાલ વજેચંદે પૂ. આચાર્યદેવની શુભ પ્રેરણાથી ઉપધાન-તપ ઉદ્યાપન અને શ્રી સિદ્ધગિરિજીનો છ'રી પાળતો સંઘ કાઢયો તે અંગેની વિસ્તૃત હકીકત અને વિવિધ રચનાઓ તેમજ છ'રી પાળતા સંઘના ફોટાઓ વગેરેથી આ ગ્રંથ અલંકૃત છે.

**તત્ત્વાર્થ પ્રશ્નોત્તર દીપિકા :** પ્રયોજક-પ્રકાશકઃ શ્રી શંકરલાલ ડી. કાપડીઆ. ૧૬૫, બજાર ગેટ સ્ટ્રીટ. કોટ મુંબઇ ૧, ક્રાઉન સોળ પેજી ૨૩૫+૪૪=૨૭૯ પેજ મૂલ્યઃ ૨-૦-૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અંગેનાં આજ લગીમાં એક કરતાં વધુ પ્રકાશનો બહાર પડયા છે, પણ તે બધા પ્રકાશનો કરતાં આ પ્રકાશન તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને વધુ સુગમ છે. તત્ત્વજ્ઞાનના ગહન ભાવોને સરળ રીતે પ્રશ્નોત્તરરૂપે રજૂ કર્યા છે, આ પુસ્તકમાં ૧ થી પાંચ અધ્યાયનો સમાવેશ થયો છે, ૬ થી ૧૦ અધ્યાયનું બીજું પુસ્તક તૈયાર થાય છે, પુસ્તક ઉપયોગી છે.

**જગદ્‌ગુરુ હીર નિબંધ :** લેખક: પૂ. મુનિરાજશ્રી ભ૦યાનંદવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી હિતસત્ક જ્ઞાનમંદિર ધાણેરાવ (મારવાડ), ક્રાઉન સોળ પેજી ૧૪૬ પેજ જગદ્‌ગુરુ વિજયહીરસૂરીશ્વરજી મહારાજ-શ્રીનું મહાપ્રાભાવિક જીવનચરિત્ર આલેખાએલું છે. ભાષા હિંદી છે, ત્યારે ટાઈપ ગુજરાતી છે. અકબર બાદશાહને પ્રતિબોધ પમાડી અહિંસાનો વિજયધ્વજ ફરકાવનાર પૂ. આચાર્યશ્રીનું જીવનચરિત્ર સુંદર રીતે આલેખાએલું છે.

**કર્મપ્રકૃતિ સંગ્રહ :** યોજક પૂ. મુનિરાજશ્રી સુદર્શનવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી ભુવન-સુદર્શન-રત્નશેખર જૈન ગ્રંથમાળા, ઉદયપુર. ડેમી ૧૬ પેજી ૫૬ પેજ. મૂલ્ય: ૦-૮-૦ પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને વિહાર સમયે સ્વાધ્યાયમાં ઉપયોગી બને એ આશયથી આ પુસ્તક તૈયાર થયું છે.

**શ્રદ્ધાંજલિ :** રચયિતા: શ્રી રંજન પરમાર. ડેમી ૧૬ પેજી ૨૮ પેજ, મૂલ્ય: ૦-૫-૦ પ્રકાશક: શ્રી ભબુતમલ લિલાચંદ પરમાર ૩૧૧, રવિવાર પેઠ પુના. ૨, રંજન પરમારનાં પોતાનાં બનાવેલાં સીનેમા રાગનાં સ્તવનો છે. હિન્દીમાં છે.

**મોક્ષમાર્ગ ગાયનમાળા :** ( પુષ્પ ૧લું ) રચયિતા: શ્રી ઈંદ્રજિત ધરમચંદજી જૈન, પ્રકાશક: શ્રી સાગરચંદ્ર ભબુતમલજી જૈન કાલંદ્રી ( સીરોહી ) ફુલ્સકેપ ૫૦ પેજ સીનેમાતર્જનાં સ્તવનો તથા ચૈત્યવંદનવિધિનો સંગ્રહ છે. હિંદી ભાષામાં છે.

**ભાસ્કરભક્તિ પ્રકાશ :** રચયિતા પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી શાંતિલાલ ભવાનભાઈ દોશી. તળાજા ( સૌરાષ્ટ્ર ) ક્રાઉન સોળ પેજી ૪૮ પેજ મૂલ્ય અમૂલ્ય. સ્તવન તથા પૂજાની ઢાળનાં ગીતોનો સંગ્રહ છે.

**આત્મભાવના સંગ્રહ :** પ્રકાશક: ટી. મેગરાજ રેવતડા વાળા ઠે. ન્યુ એવન્યુરોડ રોબર્સન પેઠ (કર્ણાટક) ક્રાઉન બત્રીશ પેજી ૮૮ પેજ મૂલ્ય: ૦-૧૦-૦ ભાવનાનો સંગ્રહ તેમજ પાંચ પદની અનાનુપૂર્વિ, સામાયિક ચૈત્યવંદન વિધિ, આદિનાથ શકુનાવલિ વિગેરેનો સંગ્રહ છે.

**જ્ઞાનપ્રભા પ્રવર્તિની :** (સાધ્વીશ્રી દાનશ્રીજીની જીવન પ્રભા) પ્રયોજક: શ્રી ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર. પ્રકાશક: શ્રી માણેક શેઠાણી શ્રાવિકા ઉપાશ્રય ઠે. શાંતિનાથની ખડકી કપડવણજ. ક્રાઉન સોળ પેજી ૩૪૦ પેજ પાકું બાઇન્ડીંગ જેકેટ સહિત મૂલ્ય: વાચન-મનન. શ્રીયુત મહુવાકરની કસાયેલી કલમે આલેખાએલું સાધ્વી શ્રી દાનશ્રીજીનું જીવનચરિત્ર વાંચકોને પ્રેરક બને તેવું છે, ઘણા અવનવા પ્રસંગોની ગૂંથણી થઇ છે, પ્રયાસ પ્રશંસનીય છે.

**સંસ્કાર દીપ :** લેખક: પૂ. પંન્યાસજી કનકવિજયજી ગણિવર પ્રકાશક: શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા જુનાગઢ.ક્રાઉન સોળ પેજી ૧૯૨+૨૦=૨૧૨ પેજ,બોર્ડપટ્ટી બાઇન્ડીંગ, સુંદર ચતુઃરંગી જેકેટ, મૂલ્ય: ૧-૮-૦. આ પુસ્તકમાં ઐતિહાસિક પ્રાચીન મહાપુરુષોની જીવનકથાના પ્રસંગોને પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ ખૂબ જ સુંદર રીતે આલેખ્યા છે, એટલું જ નહિ પણ વાંચકોને એથી સારી રીતે સુસંસ્કારોની પ્રેરણા મળે એમ છે, લખાણશૈલિ એટલી સરળ, ભાવવાહિ, પ્રવાહબદ્ધ અને રુચિકર છે કે. જેથી વાંચકોનું મન ભાગ્યે જ બીજે ખેંચાય. એકેએક કથા-પ્રસંગ જીવનને સંસ્કારી, સચ્ચારિત્ર-શીલ, ત્યાગભાવના કેળવે એવા પ્રેરક અને બોધપ્રદ છે.

**દક્ષિણમાં દિવ્ય પ્રકાશ :** લેખક: શ્રી પ્રકાશ: શ્રી આત્મકમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ૬, એસલેન દાદર મુંબઈ ૨૮. ક્રાઉન સોળપેજી ૫૬+૧૨=૬૮ પેજ. પૂ. આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણ-સૂરીશ્વરજી મહારાજ તથા પૂ મુનિરાજ શ્રી કીર્તિ-વિજયજી મહારાજ આદિએ દક્ષિણ બાજુ વિહાર અને ચાતુર્માસ કરવાથી જૈન-જૈનેતર ઉપર ઘણો ઉપકાર થયો છે. ધર્મ પ્રભાવના ઘણી સુંદર રીતે થઇ છે, તેનો સળંગ અહેવાલ આ પુસ્તકમાં સચિત્રપણે રજૂ થયો છે. જાહેર વ્યાખ્યાન, ધર્મ મહોત્સવો અને પૂ. આચાર્યદેવની પધરામણી વખતે રાજા-મહારાજાઓ, કર્મચારીઓએ, પ્રધાનોએ, મંત્રીઓ વિગેરે અને લાખો અજૈનોએ પણ લાભ ઉઠાવ્યો છે, દક્ષિણમાં પૂ. આચાર્યદેવાદિ પધારવાથી ઘણી સુંદર ધર્મભાવના થઇ છે. આ પુસ્તકમાં સુંદર રીતે તેની રજૂઆત થયેલ છે.

**કર્મયોગી મહારાજા કુમારપાળ :** લેખક: શ્રી મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી પ્રકાશક: પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય ટેંબીનાકા થાણા. ક્રાઉન સોળ પેજી ૨૧૬+૧૬=૨૩૨ પેજ બોર્ડપટ્ટી બાઇન્ડીંગ, જેકેટ સહિત. મૂલ્ય: ૩-૧૨-૦ મુખ્યત્વે કરીને આ પુસ્તકમાં મહારાજા કુમારપાળના જીવનકથન સાથે કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને સિદ્ધરાજનું જીવનચરિત્ર સંકળાએલું છે, મહારાજા કુમારપાળ તેમજ અન્ય ભાવોને રજુ કરતાં અનેક ચિત્રો છે. કુમારપાળ મહારાજના નામથી ઘણા થોડા અજાણ હશે, પણ તેમના મહાપ્રાભાવિક જીવનચરિત્રથી ઘણા અજાણ છે. પુસ્તકનું લખાણ રસપ્રદ છે, કર્મના પ્રાબલ્યથી જીવનમાં કેવા પલ્ટાઓ આવે છે, અને એ વખતે આત્માને સમભાવમાં રાખવા માટે કેમ વર્તવું જોઇએ એ આ પુસ્તકમાંથી બોધપાઠ મળી રહે છે. લેખકનો પ્રયાસ સ્તુત્ય છે.

**જૈન પ્રશ્નોત્તર વાટિકા :** સંયોજિત: પુના વિદ્યાપીઠ પાઠ્ય પુસ્તક પ્રકાશન સમિતિ પ્રકાશિકા: શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા ગારીઆધાર (સૌરાષ્ટ્ર) ક્રાઉન સોળ પેજી ૧૬૮ પેજ મૂલ્ય: ૧-૮-૦ પુના વિદ્યાપીઠ તરફથી લેવાતી ધાર્મિક પંડિત પરીક્ષાનું આ પાઠ્ય પુસ્તક છે. પ્રશ્નોત્તર રૂપમાં જૈન તત્ત્વજ્ઞાનને સરળરૂપે સમજાવવામાં આવ્યું છે. અભ્યાસક્રમનું આ ઉપયોગી પ્રકાશન પ્રકાશિત થયું છે. આ પુસ્તકમાં ઘણા વિષયોને સંકલિત કરી લેવામાં આવ્યા છે, આ પુસ્તકનો અભ્યાસ કરનાર તત્ત્વજ્ઞાનનો સારી રીતે જાણકાર બની શકે એમ છે, આવાં પુસ્તકોના પ્રયાસને અમે આવકારીએ છીએ એટલું જ નહિ પણ દરેકને અભ્યાસ કરવા જેવું પ્રકાશન છે.

**ગૃહઉદ્યોગ :** (માસિક) તંત્રી, એમ. એસ. ટેઇલર, વાયા જામનગર ખીલોસ વાર્ષિક લવાજમ ૩-૮-૦ ઘેર બેઠાં થોડી મુડીમાં ઉદ્યોગ ઉભો કરી પોતાના ધંધાને આગળ કેમ ધપાવવો એ અંગેનું માર્ગદર્શન આ માસિકમાં મળી રહે એમ છે. જુદા-જુદા પ્રકારના નાના-મોટા ઉદ્યોગોની રીત તેમજ અન્ય બાબતો ઉપર સારો એવો પ્રકાશ પાડવામાં આવે છે, ધંધાદારીઓ તેમજ બેકારોને માસિક ઉપયોગી છે.

## કોણ જુએ છે ?

**એક વખત બાપ ને દીકરો જંગલમાં જઇ રહ્યા હતા. રસ્તે જતાં એક હર્યું-ભર્યું ખેતર દીઠું. બાપની દાનત બગડી. બાપ ધીમે પગલે ખેતરમાં ઘૂસ્યો અને છોકરાને ચોકી કરવા બ્હાર ઉભો રાખ્યો. બેટા ! જોજે ધ્યાન રાખજે. કોઈ જોઇ ન જાય. ચારે બાજુ નજર નાંખતો અહીંયા ઉભો રહે, કોઇ દેખાય કે તરત મને ખબર આપજે. છોકરાએ કહ્યું 'બહુ સારૂં બાપાજી !' બાપ અંદર પેઠો, થોડે દૂર જઇ બેટાને પૂછયું, 'કેમ કોઇ જોતું તો નથી ને ?'**

**'બાપા ! જુએ છે !' છોકરાએ કહ્યું; બાપ તરત દોડીને બેટા પાસે આવ્યો, આમતેમ જોયું કોઇ દેખાયું નહિ, ત્યારે બાપે પૂછયું; 'અલ્યા ! કોણ જુએ છે.' બાપાજી ! આમ ચારે દિશામાં તો કોઇ દેખાતું નથી, પણ ઉપર પરમાત્મા જોઇ રહ્યા છે, બીજું કોઇ જોતું નથી.' આ સાંભળતાં જ બાપની સાન ઠેકાણે આવી. વાહ રે પુત્ર ! ધન્ય છે તને ! આપણે બ્હારના લોક જોઇ ન જાય તેથી ડરીએ છીએ, પણ પરમાત્માથી ડરતા નથી, આ લોકનો જેટલો આપણને ભય છે તેટલો પરલોકનો નથી, પરમાત્માનો નથી. પણ પરમાત્માના જ્ઞાનથી કશુંય છુપું નથી, ડર રાખો તો પાપનો, પરમાત્માનો અને પરલોકનો રાખજો. —કીર્તિ:**

# એ જેમ કહે તેમ કરજે.

પૂ૦ મુનિરાજ શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ.

હજુ અરૂણોદય થવાની વાર હતી, વહેલી સવારથી જ દશપુર નગરમાં માનવ મહેરામણ ઉલટી પડ્યો હતો, રાજકર્મચારીઓની રાજમહાલય તરફ દોડધામ ચાલુ થઇ રહી હતી. કુમારિકાઓ પોતાના આંગણામાં વિવિધરંગી સુશોભિત રંગોળીઓથી આકર્ષક સાથીઆ પૂરી રહી હતી નગરજનો નિત્ય-કર્મથી પરવારીને પોતપોતાની દુકાનોને સુશોભિત બનાવી રહ્યા હતા. બ્રાહ્મણો પણ પોતાને સારી એવી દક્ષિણા પ્રાપ્ત થશે એ અભિલાષાએ રાજ-મહાલયની નજદીક એકઠા થયા હતા.

પૂર્વ દિશાથી સહસ્રાંશુ પોતાની સોનેરી સ્વારી લઇને ઉદયાચલથી આવીને ભૂમિતલ ઉપર સોનેરી ચાદર બીછાવી રહ્યો હતો, અને નગરની શોભામાં અભિવૃદ્ધિ કરવા જ આવ્યો હોય તેવું અપૂર્વ દૃશ્ય દેખાતું હતું

ઝંઝા ને ભેરી વાગવા લાગ્યા, ઢોલ–નિશાન ગડગડવા લાગ્યા. પાછળ સોનેરી ઝુલમાં મલપતા હાથીઓની હારમાળા. તેની ઉપર સુશોભિત વસ્ત્રો અને અલંકારોથી શોભતા રાજકર્મચારીઓ શોભી રહ્યા હતા. થનગનાટ મચાવતાં અશ્વો ઉપર સુંદર વસ્ત્રો અને અલંકારોથી સજ્જ થયેલા નવયુવાન ઘોડેસ્વારોની કતાર ચાલી રહી હતી. તેની પાછળ જરીઆન ઝુલોથી શોભતા પહાડ સમા પડછંદ દેહ-કાયવાળા પટ્ટહસ્તી ઉપર સુંદર અંબાડીમાં અદ્દભૂત વેશભૂષા તથા કીંમતી અલંકારો પરિધાન કરીને રાજાજી બેઠા હતા. પાછળ નગરજનો, તેની પાછળ રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરીને નારીવૃંદ મંગળ–ગીતોની લહેરી લહેરાવતો નગરના મુખ્યદ્વાર તરફ જઇ રહ્યો હતો, પુરજનો હર્ષોન્મત્ત બની ઉત્સવમાં મ્હાલી રહ્યા હતા.

સોમદેવ દ્વિજના આનંદની સીમાનો તો પાર જ નહોતો. પોતાનો કુળદીપક આર્યરક્ષિત આજે ચૌદ વિદ્યામાં પારંગત થઇને પોતાના વતન દશપુરનગરમાં આવી રહ્યો હતો. તેના સ્વાગતની સ્વારીમાં આજે નગરના સજ્જન, નગરજન, નારીવૃંદ વગેરે જવાને માટે પોતાના જીવનને ધન્ય માનતા હતા.

"ધન્ય હો આર્યરક્ષિત", "જય હો આર્યરક્ષિત" ના પોકારો થવા માંડયા. બ્રાહ્મણો "સ્વસ્તિકલ્યાણં" ના આશિર્વાદ આપવા લાગ્યા. ભાટ; ચારણો, આર્યરક્ષિતની તથા રાજાની આત્મશ્લાઘાની બિરૂદાવલી ગાવા લાગ્યા. રાજા આર્યરક્ષિતને જૂએ છે, ભેટે છે અને પોતાના પટ્ટહસ્તી ઉપર બેસાડીને પોતે આર્યરક્ષિતના મસ્તક ઉપર છત્ર ધરે છે. અટારીઓ તથા ઝરૂખાઓમાંથી નગરની નારીઓ અબીલ, ગુલાલ, પુષ્પના ખોબે ખોબા ભરી ભરીને આર્યરક્ષિતને વધાવે છે. વૃદ્ધાઓ આશિર્વાદ આપે છે, કુમારિકાઓ તિલક કરે છે

દશપુરનગરના તમામ રાજમાર્ગો ઉપર આર્યરક્ષિતની સ્વાગત સ્વારી ફરીને રાજમહાલય પાસે આવે છે, રસ્તામાં ચારે તરફ આર્યરક્ષિત દ્રષ્ટિપાત કરે છે, પણ પોતાની જનેતા રૂદ્રસોમાને ક્યાંય ન જોતાં તે ચિંતાયુક્ત બને છે. રાજ દરબારમાં રાજા પોતાની બાજુના સુવર્ણ- સિંહાસને બેસાડી પુષ્કળ દ્રવ્ય, પોશાક આપી ઘણું જ સન્માન કરે છે. આર્યરક્ષિતનાં મનમાં મનોમંથનના મોજા ઉછળી રહ્યા છે. પોતાની માતાને નહિં જોવાથી દરબારમાંથી વ્યાકુલચિત્તે ઘેર આવીને માતાને પગે પડે છે. માતા કાંઇજ બોલતા નથી, ફરીથી માતાના પાદને નમન કરીને વિનવે છે કે "માતાજી! મેં બાર–બાર વરસ સુધી ભગીરથ પ્રયત્નો કરી આટલા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, હું ચૌદ વિદ્યાઓમાં પારંગત થયો, રાજાએ તથા પુરજનોએ મારો આટલો મોટો પ્રવેશમહોત્સવ કર્યો, રાજાએ પુષ્કળ દ્રવ્ય આપ્યું, છતાં તમે કેમ મંગળ આશિર્વાદ પણ આપતા નથી? માતાજી! કાંઇ વિદ્યા પ્રાપ્ત કરવાની બાકી રહેતી હોય તો કહો, જરૂર તમારો પુત્ર તમારી આજ્ઞાને ઉઠાવવા માટે તૈયાર જ

છે, કોઇપણ રીતે તમારૂં હર્ષોલ્લાસ ભર્યું મુખ નિરખવા તમારો પુત્ર આર્યરક્ષિત તલસી રહ્યો છે."

માતાએ કહ્યું કે, "તું એવી વિદ્યા શીખીને આવ્યો છે કે જે તને નરકના હેતુરૂપ સળગતા પુળાની માફક બાળનારી છે."

"નથી તેમાં તારા આત્માની કે જગતના જીવોના કલ્યાણની વિદ્યા"

"નથી જીવ-અજીવની તરતમતા બતાવે તેવી વિદ્યા"

"નથી તેમાં કોઇના ઉપકારની વિદ્યા"

"કેવલ પૌદ્ગલિક સુખોની વિદ્યા તને નિગોદરૂપ ઉંડી ખીણમાં ફેંકી દે એવી વિદ્યાનો પારગત થયેલ તને જોઇને મને આનંદ કેમ થાય?"

અંતરને વલોવી નાંખે તેવા માતાનાં વચનો સાંભળી માતા પ્રત્યે આર્યરક્ષિત કહેવા લાગ્યા કે, 'હે માતા! અંતરાત્માને આનંદ થાય એવી કઇ વિદ્યા બાકી છે કે જે હું પ્રાપ્ત કરૂં કે જેથી તમોને આનંદ થાય?'

'હે પુત્ર! તું ખરેખર મારા અંતરને હર્ષિત જોવા ઇચ્છતો હોય તો મુક્તિસુખને પ્રાપ્ત કરાવનાર જે "દ્રષ્ટીવાદ" તેનું તું અધ્યયન કર. જેમ સૂર્યના ઉદય વિના સર્વત્ર અંધકાર જ હોય છે, તેમ "દ્રષ્ટીવાદ" સર્વ શાસ્ત્રોમાં સૂર્યસમાન છે, જેમ એક જ ચંદ્રમાના પ્રકાશમાં અસંખ્યાત તારાઓનું તેજ ક્ષીણ દેખાય છે, તેમ "દ્રષ્ટીવાદ" રૂપી ચંદ્રમા આગળ અન્યશાસ્ત્રોરૂપી તારાઓ ક્ષીણ દેખાય છે માટે તું "દ્રષ્ટીવાદ"નું અધ્યયન કર અને તે માટે આપણા નગરના ઇક્ષુવન નામના ઉદ્યાનમાં બિરાજમાન શ્રી તોસલીપુત્ર આચાર્ય ભગવંત છે, તે પૂર્વ અવસ્થાના તારા મામા થાય છે. તે તને જરૂર ભણાવશે. સાથે એ પણ ધ્યાન રાખજે કે, એ જેમ કહે તેમ કરીશ તો જ તને ભણાવશે, માટે આચાર્ય ભગવંત 'જેમ કહે તેમ કરજે.'

આર્યરક્ષિતજી માતાને કહે છે, "જરૂર." 'આચાર્ય ભગવંત જેમ કહેશે તેમ હું કરીશ તો તો તે ભણાવશે ને"?

માતા કહે: "જરૂર."

આર્યરક્ષિતજી કહે: "તમારા અંતરને આનંદ થશે ને?"

માતા કહે: "જરૂર મને આનંદ થશે."

આર્યરક્ષિતજી કહે: "તો કોઈપણ પ્રયત્ને પણ તે વિદ્યાને હું ભણવા જઈશ અને ભણીશ."

ઘનઘોર અંધારા પાથરતી નિશાએ અંધકારનું ભયંકર તાંડવનૃત્ય ચાલુ કર્યું હતું ઉત્તરદિશામાં વીજળીના ઝબકારા થઈ રહ્યા હતા વાદળોના ગડગડાટ વચ્ચે વસુંધરા ઉપર ઉલ્કાપાત મચ્યો હતો, આર્યરક્ષિત પોતાના શયનખંડના પલંગ ઉપર વિચારના વાવાઝોડામાં પોતાના મનને જકડીને અર્ધ નિદ્રાવસ્થામાં સૂતો હતો.

'ક્યારે સવાર થાય ને દ્રષ્ટીવાદ ભણવા જાઉં' તેજ વિચારના મંથનમાં નિશાદેવીએ પોતાની કાળી ચાદરને ભૂમંડલ ઉપરથી ઉઠાવી લીધી. ઝગારા મારતો સૂર્ય પુર ઝડપે પૂર્વ દિશાથી ભૂમિતલ ઉપર પોતાની સોનેરી પ્રભા લઇને આવી રહ્યો હતો.

આર્યરક્ષિતજી પણ નિત્યકર્મથી પરવારીને કોઇને પણ કીધા સિવાય આચાર્ય ભગવંતની પાસે જવાને નીકળ્યા, રસ્તામાં તેમના પિતા સોમદ્રીજના મિત્ર મહાદ્રીજ બ્રાહ્મણ આર્યરક્ષિતજીને અભિનંદન આપવા માટે શેરડીના સાડા નવ સાંઠા લઇને આવતો હતો. રસ્તામાં જ બંને મલ્યા, ભેટયા, કુશલતા પૂછી મહાદ્રીજ શેરડીના સાંઠા આપે છે. પણ આર્યરક્ષિતજી પોતાની માતાને આપવાનું કહે છે. અને સંદેશો પણ મોકલાવે છે કે, "આર્યરક્ષિત" "દ્રષ્ટીવાદ" ભણવા ગયો છે.

મહાદ્રીજ રૂદ્રસોમાને શેરડીના સાંઠા આપે છે અને આર્યરક્ષિતજીનો સંદેશ પણ કહે છે. માતા વિચારે છે "શુકન તો મંગલકારી થયા છે પણ આર્યરક્ષિત સાડાનવ પૂર્વનો અભ્યાસ કરી શકશે"

(શેરડીના સાડાનવ સાંઠા મલ્યા અને માતાએ કલ્પના કરી.)

જ્યાં આચાર્ય ભગવંત બિરાજમાન હતા, તે જગ્યાએ જઇને ઉભો રહ્યો તે જ સમયે ઢંઢણ નામનો શ્રાવક આચાર્ય ભગવંતને વંદના કરવા માટે નૈષેધિકી

કહીને અંદર જતો હતો, તેની સાથે જ આર્યરક્ષિતજી પણ અંદર જઈને જે પ્રમાણે શ્રાવક વંદન કરે છે તે પ્રમાણે તે જ રીતે આર્યરક્ષિતજીએ પણ વંદન કર્યું.

આચાર્ય ભગવંતે શ્રાવકને પૂછ્યું:-

'આ નવીન આગંતુક કોણ છે?'

શ્રાવકે કહ્યું:-

'જેનો ગઈકાલે નગરના રાજાજીએ તથા પુર-જનોએ ભારે આડંબરપૂર્વક સ્વાગતનો સમારંભ કર્યો હતો, તે ચૌદ વિદ્યામાં પારંગત "આર્યરક્ષિત" સોમદ્દીજનો પુત્ર છે.'

આચાર્ય ભગવંત આર્યરક્ષિતજીને પૂછે છે:-

'તમારા ગુરુ કોણ?'

આર્યરક્ષિતજી બોલ્યા: "આ શ્રાવક મારા ગુરુ છે, જેઓએ મને આ વંદનવિધિ બતાવ્યો છે, અને હું મારા માતાજી રૂદ્રસોમાના કહેવાથી મુક્તિરૂપી લક્ષ્મી મેળવવા માટે "દ્રષ્ટીવાદ" ભણવા માટે અને માતાની આજ્ઞા પાલન કરવા માટે અત્રે આવેલ છું."

આચાર્ય ભગવંત આર્યરક્ષિતજીને ભદ્રક પરિણામી તથા ભગવંત મહાવીરદેવના શાસનના પ્રદીપસમાન પ્રભાવક આચાર્ય થશે, તેમ જાણીને આચાર્ય ભગવંતે કહ્યું કે:-

"દીક્ષા અંગીકાર કર્યા વિના "દ્રષ્ટીવાદ" નહિ ભણી શકાય."

મુક્તિરૂપી લક્ષ્મી અપાવે તેવા "દ્રષ્ટીવાદ" સિદ્ધાંતનો અભ્યાસ કરવાની તમન્ના જેની નસે-નસમાં વ્યાપી રહી છે, તેવા આર્યરક્ષિતજીનો આત્મા બોલી ઉઠયો, 'હે પૂજ્ય! કોઇ પણ જાતના વિલંબ વિના આજે અને આ પળે જ પ્રવ્રજ્યા આપો.'

આચાર્ય ભગવંતે ભાગવતી પ્રવ્રજ્યા આપી. પછી શ્રી આર્યરક્ષિતજી મહારાજાએ તરતજ ગુરુ ભગવંતને વિનંતિ કરી.

'હે પરમોપકારી! ભવસમુદ્રમાં ડૂબતા એવા પ્રાણીઓને નાવની પેરે તારક પૂજ્ય ગુરુદેવ! આપણે અત્રેથી તરત જ વિહાર કરીએ. કારણ કે, નગરના લોક તથા રાજા સ્નેહીવર્ગ જાણશે તો આપને નાહક મારા નિમિત્તે ભારે વિટંબના થશે.'

આચાર્ય ભગવંતે પણ કહ્યું કે, 'અસ્તુ! એમ જ હો.'

અષ્ટ પ્રવચનમાતાની આરાધનાપૂર્વક ગુરુ ભગવંતની સાથે વિચરતા શ્રી આર્યરક્ષિતજી મહારાજ અગ્યાર અંગના પ્રખર અભ્યાસી થયા, અને ગુરુ ભગવંતે "દ્રષ્ટીવાદ"નો અભ્યાસ શરૂ કરાવ્યો અને કહ્યું, વિશેષ અભ્યાસ કરવાની ભાવના હોય તો શ્રી ભદ્રગુપ્ત આચાર્ય ભગવંત પાસે જાવ.'

જેની રગેરગમાં ગુરુભક્તિની છોળો ઉછળી રહી છે, એક બાજુ ગુરુભગવંતનો વિરહ અને બીજી બાજુ અખંડજ્ઞાનની પિપાસા વચ્ચે શ્રી આર્યરક્ષિતજી મહારાજાની મનોવ્યથાની સીમાજ ન રહી, પણ ગુરુભગવંતના પ્રબળ આગ્રહને વશ બની પોતે શ્રી ભદ્રગુપ્ત આચાર્ય ભગવંતની પાસે જવા નીકળ્યા.

શ્રી ભદ્રગુપ્ત આચાર્ય ભગવંતની પાસે જઈને નૈષેધિકી કહી અંદર ગયા. વંદન કરી કહ્યું કે "દ્રષ્ટીવાદ" ભણવા માટે આવ્યો છું.

આચાર્ય ભગવંત શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજા સાહેબે કહ્યું કે; મારે અનશન કરવું છે, તો તમે વજ્રસ્વામીજીની પાસે જાવ, શ્રી ભદ્રગુપ્ત આચાર્ય ભગવંતને ખમાવી પોતે વજ્રસ્વામીજી મહારાજ પાસે જવાને નિકળ્યા.

વજ્રસ્વામી મહારાજાની પાસે "દ્રષ્ટીવાદ"ના કઠીનમાં કઠીન દશમા યમકનો અભ્યાસ ચાલતો હતો, તે પ્રસંગે માતા રૂદ્રસોમાએ પોતાના નાના પુત્ર ફલ્ગુરક્ષિતને શ્રી આર્યરક્ષિતજી મહારાજા પાસે મોકલ્યો અને સંદેશ કહેવડાવ્યો કે, 'માતા તમારા વિના રાત દિવસ ઝુરે છે, તમારા વિના સુખે નિદ્રા પણ લઇ શકતા નથી, અરે અન્ન અને જળ વિષ સમાન થઇ ગયા છે, માટે તમો દશપુરનગર પધારો અને માતા-પિતાને હર્ષ પમાડો, અને સાથે એમ પણ કહ્યું છે કે, તમો પધારશો તો માતા-પિતા "તમો કહેશો તેમ કરશે" મને પણ કહ્યું છે કે, ગમે તે પ્રયત્ને પણ તું લઇને જ આવજે કદાચ "એ કહે તેમ કરજે" પણ લીધા વિના ઘેર આવીશ નહિ.

★

# આદર્શ ગુરૂભક્તિ.

## પૂ૦ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ.

આ જગતમાં જ્યાં નજર નાંખીએ ત્યાં સ્વાર્થનીજ વાતો દેખાય છે. પોતાનો સ્વાર્થ હોય ત્યાં સુધીજ બીજાના કાર્યમાં ઉભા રહે છે. પિતા કે પુત્ર, ભાઇ કે બ્હેન, માતા કે પુત્રી, પતિ કે પત્ની વગેરે કોઇ પણ નજીકના સંબંધી હોય તો યે નિઃસ્વાર્થ અંતરનો પ્રેમ દેખાશે નહિ. સંસારમાં જ્યારે આવી ધટમાલ ચાલી રહી છે, આ પ્રસંગે મહાત્મા સેલ્લકજી તથા પંથકજીનું દૃષ્ટાન્ત ભવ્યાત્માઓને આદર્શ-ભક્તિનો ખ્યાલ પૂરો પાડે છે.

ધન-ધાન્યાદિ સમૃદ્ધિથી ભરપૂર દ્વારીકા નગરીમાં જ્યારે કૃષ્ણ મહારાજા રાજ્ય કરી રહ્યા હતા, તે વખતે તે નગરીમાં સમૃદ્ધિશાળી થાવચ્ચા સાર્થવાહી વસતા હતા. તેમનો પુત્ર થાવચ્ચાકુમાર દેવાંગના સ્વરૂપ બત્રીસ રમણીઓની સાથે દોગુંદકદેવની જેમ વિષય-સુખોને ભોગવી રહેલ છે, તે વખતે પ્રભુ નેમનાથ ભગવાન ત્યાં સમોસરે છે, પ્રભુ પધાર્યાના સમાચાર જાણી કૃષ્ણ મહારાજાદિ સકલ નગરજનો વંદન માટે જાય છે. પ્રભુની સકલ-કલેશનાશિની, વૈરાગ્યવાસિની દેશના સાંભળી ધણા ભવ્યાત્માઓએ સર્વવિરતિનો તેમજ દેશવિરતિ આદિનો સ્વીકાર કર્યો. થાવચ્ચાકુમારે પણ એક હજાર પુરૂષોની સાથે સંયમ ગ્રહણ કર્યું. ક્રમે કરીને ચૌદ પૂર્વધર થયા.

એક દિવસે નેમિનાથસ્વામીની આજ્ઞાથી થાવચ્ચાપુત્ર સેલ્લકપુર પધાર્યા. તેમના પધાર્યાના સમાચાર જાણી સેલ્લક રાજા વંદનાર્થે આવ્યા. દેશના સાંભળી સેલ્લક રાજાએ દ્વાદશવ્રતનો સ્વીકાર કરી શ્રાવક થયા. ત્યાંથી થાવચ્ચાપુત્રાચાર્ય વિહરતા-વિહરતા સૌગંધિપુરીના નીલઅશોક નામના વનમાં સમોસર્યા. ત્યાં શુકપરિવ્રાજકના ભકત સુદર્શનશ્રેષ્ઠીએ શૌચમૂલમિથ્યાધર્મનો ત્યાગ કરી વિનયમૂલસમ્યગ્ધર્મનો સ્વીકાર કર્યો. શુકપરિવ્રાજકને ખબર પડતાં તરત ત્યાં આવ્યો, અને સુદર્શનશ્રેષ્ઠીને કહેવા લાગ્યો કે, શૌચમૂલસત્યધર્મનો ત્યાગ કરી આ ધર્મ તેં કોની પાસેથી અંગીકાર કર્યો? ત્યારે શ્રેષ્ઠીએ જણાવ્યું કે, 'થાવચ્ચાપુત્રાચાર્ય પાસેથી.' એટલે શુકપરિવ્રાજકે થાવચ્ચાપુત્રાચાર્ય પાસે આવી વાદવિવાદ શરૂ કર્યો. વાદવિવાદમાં વિનયમૂલધર્મ સત્ય લાગતાં પોતાના હજાર શિષ્યોની સાથે થાવચ્ચાપુત્રની પાસે જિન-દીક્ષાનો સ્વીકાર કર્યો, અને દ્વાદશાંગીના સૂત્ર-અર્થથી જ્ઞાતા બન્યા.

**થાવચ્ચાચાર્યે** તેમને પોતાની પાટે સ્થાપી એક હજાર સાધુઓની સાથે સિદ્ધગિરિજી ઉપર જઇને અનશન કર્યું. ત્યાં કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા.

શુકાચાર્ય વિચરતા-વિચરતા સેલ્લકપુર પધાર્યા, ત્યાં સેલ્લકરાજાએ પ્રતિબોધ પામી મંડકકુમારને રાજ્ય પર સ્થાપી પંથક પ્રમુખ પાંચસો પ્રધાનોની સાથે સંયમ લીધું. તેઓ પણ દ્વાદશાંગીના જ્ઞાતા થયા. તેમને યોગ્ય જાણી શુક આચાર્યે આચાર્યપદે સ્થાપી શત્રુંજયગિરિ ઉપર અનશન કરી હજાર મુનિઓની સાથે સિદ્ધપદને પામ્યા.

સેલકાચાર્ય મહાત્મા સંયમની સાધના સાથે દેહ-દમન. ઇન્દ્રિયનિગ્રહ, કર્મનિર્જરાને માટે વિશેષ પ્રકારના તપો તપવા લાગ્યા. પારણે પણ નિરસ આહાર લેવા લાગ્યા. આવી ઉત્તમ આરાધના કરનાર તે મહાત્માને પણ દેહમાં અનેક રોગો ઉત્પન્ન થયા કે જે સહન કરવા મુશ્કેલ હતા, છતાં તેની પરવા કર્યા વિના દુષ્કર તપો તપતાજ રહ્યા. કર્મની જંજીરમાંથી કોઇ બચી શકતું નથી. જીવને બાંધેલા કર્મો અવશ્ય ભોગવવાં જ પડે છે.

આવી સ્થિતિમાં પણ તે સેલ્લકાચાર્ય વિચરતા વિચરતા એક વખતે સેલ્લકપુર પધાર્યા. તેમના પધાર્યાના સમાચાર જાણી મંડકરાજા વંદના નિમિત્તે

આવ્યા, દેશના શ્રવણુ કર્યા બાદ પોતાના સંસારી પિતા સેલકાચાર્યનું શરીર રૂધિર માંસ રહિત જર્જરિત જોઇ વિજ્ઞપ્તિ કરી કે, હે ભગવન્ ! આપનુ શરીર રોગથી તદ્દન ક્ષીણુ થઇ ગયું છે માટે આપ મારી યાનશાલમાં પધારો, અને ઔષધાદિક ઉપચારોનો સ્વીકાર કરી મારી ઉપર અનુગ્રહ કરો. સેલકાચાર્ય મહારાજ તેનો અતિ આગ્રહ હોવાથી ત્યાં રહ્યા. અને ઔષધાદિક ઉપચારો કરવા લાગ્યા. ઔષધાદિકના સતત ઉપચારથી આચાર્ય ભગવાનનું શરીર રોગરહિત થયું. રોગાદિના કારણે લેવામાં આવતાં રાજભવનના સ્નિગ્ધ આહારોથી તેઓનું મન ગૃદ્ધ બનતું ગયું. ત્યાથી અનુકુળ સામગ્રીમાં એવા તો ખૂચ્યાં કે, જેથી રસગારવ, ઋદ્ધિગારવ, અને શાતાગારવ ત્રણેયમાં લુબ્ધ બન્યા. પછી તો તેમને વિહાર કરવાની પણુ ઇચ્છા થતી નથી. જે ભોગોને રોગો માની છોડયા હતા, તેમાં એવા તો લુબ્ધ બન્યા કે, એમાંથી એમને ઉગારવા મુસ્કેલ બન્યા.'

અનંતજ્ઞાની જિનેશ્વરદેવો જણાવે છે કે, 'જેઓ ભોગસામગ્રીમાં મુંજાય છે.' તેઓ પોતાના આત્માનું અધઃપતન કરે છે" તે ખરેખર સાચું જ છે, માટે જ ભવભીરૂ આત્માઓએ આત્માને અહિતકર સંયોગોથી અલગા રહેવું જોઇએ. સંયમ લીધા પછી પણુ જો સંયમી આત્મા ત્યાગ–વૈરાગ્ય તરફ લક્ષ નહિ રાખતાં અનુકુળ સામગ્રીનો અર્થી બને. તો તેથી અનિષ્ટ પરિણામ આવતા વાર લાગતી નથી. માટે ત્યાગ–વૈરાગ્યને વિશેષ કેળવવા લક્ષ રાખવું જોઇએ.

અહીં સેલકાચાર્યની સ્થિતિ એ બની કે, સાધુઓએ વિહાર માટે ઘણી પ્રેરણા કરવા છતાં, તેઓએ જ્યારે વિહાર ન કર્યો, ત્યારે પંથક મુનિને સેવામાં મૂકી બીજા સાધુ મહાત્માઓએ વિહાર કર્યો.

પંથક મુનિજી સેલકાચાર્યની ભક્તિ સુંદર રીતે કરે છે. પોતાને સંયમના દોષો ન લાગે તેની પૂરી કાળજી રાખે છે. જ્યારે સેલકાચાર્ય રસનાના લોલુપી બનીને દોષિત આહાર કરી રહ્યા છે, અને પંથકમુનિ ગવેષણા કરીને શુદ્ધ આહાર–પાણીથી સંયમ સાચવી રહ્યા છે, પોતાના ગુરુ એકદમ શિથાલ થઇ ગયા છે, તો પણુ તેવા વખતે પંથકજી પોતાની ફરજ સમજી ઉપકારીને સન્માર્ગે લાવવા માટે પોતે મર્યાદામાં રહીને અનેક પ્રયત્નો કરી રહ્યા છે, ગુરુમહારાજ જરા અનુકુળતા ન સચવાય કે તરત કટુવચનના પ્રહારો કરે છે. છતાં પણુ આ મહાત્મા સમભાવે સહન કરી તેમના ચિત્તને શાંતિ થાય તેવી રીતે ભક્તિ–સેવા કરે જાય છે. પણુ મનમાં જરા પણુ ખેદ કરતા નથી.

એક વખતે કાર્તિક ચાતુર્માસિકના દિવસે સેલકાચાર્ય સ્નિગ્ધ આહાર કરીને નિદ્રાધીન અવસ્થામાં છે, તે વખતે પંથકમુનિ ચોમાસી પ્રતિક્રમણુ કરી રહ્યા છે. ચોમાસી ખામણા ખામતા ગુરુમહારાજના પાદનો સ્પર્શ કર્યો, ત્યાં સેલકાચાર્ય જાગી જાય છે, અને ક્રોધમાં આવી બોલવા લાગ્યા કે. "કયા પાપીએ મારી નિદ્રાનો ભંગ કર્યો, ભાન છે કે નહિ ? હું અત્યારે ભરનિદ્રામાં પોઢી રહ્યો છું," વગેરે અનેક કટુવચનો સંભળાવે છે, તે વખતે પંથકમુનિ કહે છે કે, "હે ભગવન્ ! ચોમાસી ખામણા ખામતાં મારૂં મસ્તક આપના ચરણુને લાગ્યું તેથી આપની નિદ્રામાં અંતરાય થયો, તે મારો અપરાધ ક્ષમા કરો, હવે ફરી આવો અપરાધ હું નહિ કરૂં." એમ વારંવાર પોતાના અપરાધની ક્ષમા માગે છે.

જગતમાં યોગ્ય રીતે આચરણુ કરતાં સામા આત્માને દુઃખ થાય તેની ક્ષમા માગનાર કોઇ વિરલ જ હોય છે. દોષની માફી માંગવી પણુ મુશ્કેલ હોય છે, તો વગર દોષે માફી માગનાર કોણુ હોય ? પંથક મુનિ મહાત્મા પોતાના ગુરુને સંયમમાર્ગમાં પાછા સ્થિર કરવાની શુભ ભાવનાથી ઉત્તમ પ્રકારનો વિનય સાચવી રહ્યા છે. વારંવાર અપરાધની ક્ષમા માગતા જોઇ સેલકાચાર્યનો ક્રોધ શાંત થઇ ગયો, અને વિચારવા લાગ્યા કે, "અહો ! આ શિષ્યની ક્ષમા કેવી છે? આ ધન્ય છે, અને હું અધન્ય છું. આ આત્મા આરાધક છે, ને હું વિરાધક છું. હુ આજે ચોમાસીના દિવસે પણુ વિગઇઓનો આહાર કરી સુખે સૂતો છું. વળી આજના મહાપર્વના દિવસને પણુ હું વિસરી ગયો. મારી કેવી આ અધમ દશા ! આજે જો આ મહાનુભાવે મને ખામણાના નિમિત્તે ચરણુસ્પર્શ ન કર્યો હોત તો મને કયાંથી ભાન–જાગૃતિ આવત. ખરેખર આ આત્માએ મારો

ઉપર મોટો ઉપકાર કર્યો છે. આવા શિષ્યોની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. મારા જેવા પતિત પરિણામીનો હાથ પકડનાર આ આત્મા જો ન હોત તો મારૂં શું થાત ?' આવી શુભ ભાવના ભાવતાં ભાવતાં તે સેલ્લકાચાર્ય સંયમમાર્ગમાં સ્થિર થઇ પંથક મુનિને કહેવા લાગ્યા કે, 'હે વત્સ! આજે તેં ભવસમુદ્રમાં ડૂબતા એવા મારો ઉદ્ધાર કર્યો, તેં ખરેખર શિષ્ય તરીકેની સાચી ફરજ બજાવી છે, તારા જેવા સુશિષ્યો મળવા દુર્લભ છે.' આ પ્રમાણે સ્વાત્મનિંદા કરી ચારિત્રમાર્ગમાં સ્થિર થયા, અને ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધી પોતાના પાંચસો શિષ્યોની સાથે સિદ્ધગિરિ ઉપર અનશન કરી સિદ્ધિપદને પામ્યા.

ખરેખર આવા વિનયી ઉત્તમ આત્માઓનો સંયોગ થઈ જાય તો પડતા એવા અનેક આત્માઓના ઉદ્ધાર થઇ જાય. સુશિષ્યો પ્રમાદી ગુરુઓને પણ સન્માર્ગમાં લાવે છે. તે વાતને આ દૃષ્ટાન્ત પુરૂ પાડે છે.

જો માણસ ઉપકારીના ઉપકારનો સાચો ખ્યાલ કરે તો પોતાની ફરજથી તે કદિ ચૂકે નહિ. જીવો કર્માધીન હોવાથી કોઇ વખત દોષાધીન બની પણ જાય, તો પણ તેને સન્માર્ગમાં લાવવા માટે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શકય બની પ્રયત્ન કરવો જોઇએ. છતાં ન સુધરે તો તેની ઉપેક્ષા કરી ભાવદયા ચિંતવવી જોઇએ, નાના-નાના દોષોને આગળ કરી નિંદા કરનારો આત્મા પોતાના સંયમગુણોને ગુમાવી દે છે. અને પોતાનો ઉત્તમભવ હારી જાય છે. આજે સમાજમાં અશાન્તિનો દાવાનલ જો સળગ્યો હોય તો તે નિંદાદિ દુર્ગુણોને ફાળે જાય છે, સૌ કોઇ શાસનસેવા કરી, મોક્ષમાર્ગના આરાધક બનો. એજ શુભેચ્છા.

## જીવનનું આ ગણિત છે.

માનવ ! તારી **બાલ્યાવસ્થા**ના નિર્દોષપણામાં સરલતા, સુસંસ્કાર અને બ્રહ્મચર્યથી તારા જીવનના ગુણોનો કેટલો **સરવાળો** આવ્યો તેનો કદિ તેં વિચાર કર્યો છે ?

માનવ ! તારી **યુવાવસ્થા**નાં ગુમાનમાં મોહ, વિલાસ, સ્વચ્છંદતા, રાગ, દ્વેષ, દંભ અને અભિમાનના દુર્ગુણોથી તારા જીવનના ગુણોમાંથી કેટલી **બાદબાકી** થઇ તેનો કદી તેં વિચાર કર્યો છે ?

માનવ ! તારી **પ્રૌઢાવસ્થા**ના રૂઢ થયેલા સંસ્કારોમાં પરિપકવ બુદ્ધિ અને અનુભવની એરણે ચડેલ ભૂતકાળની ભૂલો અંત:કરણપૂર્વકના પશ્ચાત્તાપથી સુધારી નિર્મળ થતા જીવનના ગુણોનો **ગુણાકાર** મૂકવા કદિ તેં વિચાર કર્યો છે ?

માનવ ! તારી **વૃદ્ધાવસ્થા**ના જર્જરિત કાળમાં તારા દેહના અંતિમ સમયે આત્માના નિકટવર્તિ ગુણોની શું શેષ રહી તેનો **ભાગાકાર** કરવા કદિ તેં વિચાર કર્યો છે ?

ન કર્યો હોય તો હવે આજથી જ જીવનભર આત્માના ગુણો પ્રગટાવવા વિચારવંત બન. એ જ એક શુભ ભાવના.

—શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી.

# હકની વાતો કરનારા— અધિકારનો વિચાર કરે !

શ્રી ઉજમશી જુઠાલાલ શાહ—અમદાવાદ

હકની વાતો આજકાલ સૌ—કોઈ કરે છે, પરંતુ પોતાના અધિકારને આધીન જીવન પોતે કઇ રીતે જીવવું તેનો ખરો ઉકેલ કોઈ કરતું નથી.

નેતાઓ પણ તેમના અધિકાર મુજબ આચરણ રાખતા નથી. પ્રજાના હક અને ઉત્કર્ષની લાંબી ચોડી વાતો તો બધાં કરે છે, પરંતુ તેમના અધિકારને ન છાજે તેવાં શબ્દો તેઓ કાઢતાં નથી. મમત્વને કારણે આપસ—આપસમાં તેઓ પણ લડે છે, ઝઘડે છે, પરિણામે ઉગ્ર ઘર્ષણ થાય છે અને અનેક અનિષ્ટો ધરતી પર જન્મે છે.

અધિકારનું ભાન ભૂલવાથી અને હકની ઘેલછા વધવાથી ઇર્ષ્યા, દ્વેષ, અનીતિ, અનાચાર, દુરાચાર, દુરાગ્રહ આદિ અનેક દુર્ગુણોએ આપણામાં મુખ્ય સ્થાન લીધું છે. આપણામાંથી દયા ગઈ છે, દાનની ખરી ભાવના નષ્ટ થઇ છે, શીલની સમજણ રહી નથી, અને તે કારણે અધમ ભાવનાઓને વેગ મળ્યો છે. નીચ અને મેલી તે ભાવનાઓ આપણામાં સ્વચ્છંદતા વધારી રહી છે, અને આપણને કર્તવ્યભ્રષ્ટ બનાવી ઢોરની હરોળમાં ગોઠવી રહી છે. માતેલા સાંઢની પેઠે બેફામ રીતે આપણે જે અવિવેકી વર્તાવ કરી રહ્યા છીએ, તે સૂચવે છે કે, હકના અંચળા હેઠળ અધિકાર મૂકી સ્વચ્છંદી બની, આપણે આપણી અને આપણી ભાવિ પ્રજાની ઘોર ખોદી રહ્યા છીએ.

જે પોતાના અધિકારને સમજતો નથી, તે પોતાના વાસ્તવિક હકને કેમ કરી જાણે ? અધિકારને જાણ્યા વિના હકની માગણી થાય ત્યાં ગુરુ—શિષ્ય, પિતા—પુત્ર, પતિ—પત્ની, રાજા—પ્રજા, શેઠ—નોકર આદિક સંબંધો યોગ્ય રીતે કેમ કરી જળવાય ?

પોતાના અધિકારને પોતે સમજે છે તેમ દાવો કરનાર તે પોતે પોતાના અધિકાર—સમુચિત જીવન જીવતાં—જીવતાં જ હક સંપાદન કરવા પ્રયત્ન કરે. પોતાના અધિકારને છોડી, હકને તે કદી વાંછે નહિ.

આપણે આપણો ખરો અધિકાર જાણીએ અને અધિકાર—સમુચિત જીવન જીવતાં શીખીએ, એ જ હક સંપાદન કરવાનો વિશિષ્ટ માર્ગ છે. માનવજીવન જીવવાની ઉત્તમ અને અનુપમ કલા પણ તે જ છે. માનવજીવનની ખરી મઝા પણ તે છે, અને તે જ કર્તવ્ય-પરાયણતા છે.

સ્થલ, કાલ, દ્રવ્ય અને ભાવ અનુસાર વ્યક્તિનો અધિકાર પરિણમે છે. કોઇનો કોઇ અમુક જ અધિકાર અનેકાંતદૃષ્ટિથી મુકરર નથી. છતાં સંત—મહંત, ગુરુ—શિષ્ય, પિતા—

પુત્ર, પતિ-પત્ની, સ્વજન, સ્નેહી, પાડોશી, ગૃહસ્થ કે નાગરિક આદિ સર્વેનાં સામાન્ય દૃષ્ટિથી અમુક-અમુક અધિકાર છે તેમ અવશ્ય કહેવાય.

આપણે નાગરિક અને ગૃહસ્થજીવનના અધિકારને યથાર્થ રીતે સમજીએ તો આપણું નાગરિક અને ગૃહસ્થજીવન કેટલું ઉચ્ચ જોઇએ તેનું આપણને ભાન થાય.

ગૃહસ્થની મર્યાદામાં આપણે રહીએ તો જ ગૃહસ્થ. ગૃહસ્થજીવનની મર્યાદાઓ ઉલ્લંઘી અવિચારીપણે અસંયમી બની આપણે ભટકીએ તો આપણી ગૃહસ્થીનો પાયો કેમ કરી સ્થિર થાય? જે ગૃહસ્થ સ્વદારાસંતોષી નથી, તે ખરો ગૃહસ્થ તો નથી જ, પરંતુ તે ખરો નાગરિક પણ નથી. કારણ કે, જે ગૃહસ્થ સ્વદારાસંતોષી નથી, તે એક નાગરિક તરીકેનો પણ અધિકાર ચૂકે છે. કેમકે તે સમાજનું વાતાવરણ ડહોળી સમાજને હાનિ પહોંચાડે છે, અને સમાજમાં દુરાચાર ફેલાવે છે.

જે ગૃહસ્થ નાગરિકના પૂરા અધિકાર પાળતો નથી, તેનું મતદાન પણ પ્રજાને શ્રેયસ્કર શું નિવડે? તેના મતદાનથી બહુમતી મેળવી ચૂંટાઈ આવેલો નેતા જનકલ્યાણ પણ શું કરે?

કોઇ ગૃહસ્થ પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરવા પૂરતો જ પોતાનો અધિકાર સમજે તો તે ગૃહસ્થના અધિકારને યથાર્થ રીતે સમજ્યો નથી. ગૃહસ્થને શિરે પોતાના કુટુંબના ભરણ-પોષણની જેમ જવાબદારી છે તેમ પોતાના કુટુંબમાં અને પોતાના સંતાનોમાં સારા સંસ્કાર રેડવાં, અને ઉદારભાવે કુટુંબનું ઐકય જાળવી, કુટુંબના શ્રેય માટે વિવેકપૂર્વક મથવું તે પણ ગૃહસ્થનો અધિકાર છે.

સંતાનોમાં સારા સંસ્કાર રેડવાં ગૃહસ્થે સંસ્કારી જીવન ઘડવું જ પડે. અત્રે એક બીના નોંધવી અસ્થાને નહિ મનાય કે મા-બાપ જે ચોવીસે કલાક નિરંતર ચાલતી બાળકોની શાળા છે, તે શાળાઓ ગર્ભથી જ બાળકોમાં સુસંસ્કારનું આરોપણ નહિ કરે તો અવર શાળા, મહાશાળા કે પાઠશાળાઓ ધાર્યું પરિણામ નહિ નિપજાવી શકે. શાળા, મહાશાળા કે પાઠશાળાના શિક્ષકને ફલવત્ બનાવવા મા-બાપોએ પણ નીતિયુકત ન્યાયી જીવન જીવવું પડશે, અને ધર્મ ભણી ઢળવું પડશે.

ગૃહસ્થનો અધિકાર એટલેથી અટકતો નથી, પરંતુ પાડોશી કે નગરના દીન દુઃખિતોને યથાશક્તિ સહાયક બનવું તે પણ ગૃહસ્થજીવનનો અધિકાર છે.

તેમાંયે ગૃહસ્થજીવનનો મુખ્ય અધિકાર સુપાત્રદાન, ત્યાગીઓનું બહુમાન અને વૈયાવૃત્ય કરવું તે છે. ત્યાગીઓનું બહુમાન કરવાનો મૂળ હેતુ એ છે કે, ત્યાગ એ જ માનવજીવનનો મૂળ આદર્શ છે, અને માટે જ ત્યાગ વાંછી ત્યાગધર્મનું ગૃહસ્થે અનુમોદન કરવાનું છે. ત્યાગીઓનું બહુમાન એ ત્યાગ પ્રત્યે જ અનુમોદન છે. એટલે કે જો ત્યાગીઓનું બહુમાન આદિ ગૃહસ્થ ચૂકે તો તે પોતાનો મુખ્ય અધિકાર ચૂકયો જ મનાય.

એક અધિકારે સ્થિર થવાં કેટલાં બધાં ગુણોની જરૂરત છે? માનવી પોતાના અધિકારની મર્યાદાનું વિવેકપૂર્વક પાલન કરે તો ધીરે-ધીરે તે કેવો મહાન બની જાય?

હકની વાતો કરનારાઓ અધિકારની જે મર્યાદાઓ છે, તેને ખરી રીતે સમજે અને પચાવે તો સ્વ અને પરનું અવશ્ય કલ્યાણ થાય. અને ધરતી પર શાંતિ પથરાય.

# સારા મુહૂર્તનું પરિણામ સારૂં જ હોય.

## —:સાંભળનાર:—

( ૧ )

"**જો** હવે ટીપ કરવા નહીં જઇયે, તો કામ બંધ રાખી કારીગરોને રજા આપવી પડશે." દેરાસરની પેઢીમાં બેઠેલા દીપચંદશેઠે પોતાના સાથીદાર માણેકચંદ શેઠને કહ્યું.

"નીકલવું તમારે નહીં ને મને શું કહો છો? ચાલો તૈયાર થાઓ, મુંબઇના આપણા મારવાડી ભાઈઓ ઘણા વખતથી કહ્યા કરે છે. કે મુંબઇ આવો તો સારી રકમ આપીએ" માણેકચંદ શેઠે તુરત જવાબ આપ્યો.

"આમ કાંઇ એકદમ નીકલાતું હશે! કાંઇ દીવસ વાર, તિથિ જોવુંએ ખરૂં કે નહીં" જ્યોતિષના સાધારણ જાણકાર અને એ જ્ઞાન ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખનાર દીપચંદ શેઠ બોલ્યા.

"લો, ત્યારે કાઢો ટીપ્પણું અને નજીકમાં જે સારો દિવસ આવે તે નકકી કરીલો. સારા કામમાં પ્રમાદ શા માટે કરવો જોઈએ." માણેકચંદ શેઠે કહ્યું.

ટીપ્પણું જોઈ દિવસ નકકી કરવામાં આવ્યો. અને ઠરાવેલા દિવસે શ્રી જગડીયાતીર્થના બન્ને વહીવટદાર શેઠીયાઓ શ્રી જગડીયાતીર્થના દેરાસરજીમાં ચાલતા બાંધકામ અંગે મદદ મેળવવા માટે મુંબઈ ભણી રવાના થયા.

( ૨ )

મુંબઇના મારવાડી શ્રાવક ભાઇઓમાં આ વાત સર્વત્ર ફેલાઇ ગઇ હતી કે-શ્રી જગડીયાતીર્થના વહીવટદારો ત્યાંના દેરાસરજી માટે ટીપ કરવા અહિં આવ્યા છે. ટીપની શરૂઆત રૂા. ૭૧) થી થઇ ગઇ હતી. પોતાની અંગત બીજી બાબતમાં ખૂબ જ કરકસરીયા દેખાતા મારવાડી બંધુઓ એક પછી એક નામ લખાવી રૂપિયા નોંધાવ્યે જતા હતા. મારવાડી ભાઇઓની ધાર્મિક ભાવના આવા ટાઇમમાં ખૂબ જ ખીલી નીકળે છે. રૂા. ૭૧) ભરનારના નામ નોંધી રૂા. ૬ )ની રકમો પણ નોંધાઇ ગઈ હતી. હવે રૂા. ૫૧) ની રકમો પૂરી થઇ હતી. અને રૂા. ૪૧)ની રકમો ભરાતી હતી. ટીપ કરવા આવનાર જગડીયાતીર્થના આ વહીવટદારો માટે તે સમયમાં એવી ખ્યાતિ હતી કે "એમના જેવા રકમો કઢાવનાર જોયા નથી" તેઓ પહેલેથી વાતાવરણ જ એવું તૈયાર કરી લેતા કે રકમો ધારેલી ભરાઇ જતી. ભરનાર વગરઆનાકાનીએ ભરી આપતો અને લખાવનાર લખાવ્યા વગર રહી ન જાય તેની કાળજી એની મેળે જ લેવાઇ જતી.

એક ભાઇનું નામ લખી રૂા. ૪૧) ભરવાનું કહેતાં તે ભાઈએ રૂા. ૩૧) ભરવાનું કહ્યું. સાથીદારોએ રૂા. ૪૧) લખવા માટે આગ્રહ કર્યો. તે ભાઇ એકત્રીશ બરાબર છે. એમ કહેવા લાગ્યા. વાત આગ્રહથી આગળ વધી જરા દબાણ ઉપર આવવા લાગી અને દબાણ વધતું ચાલ્યું પેલા ભાઇ રૂા ૩૧) થી વધુ નહીં લખવાની ચોખ્ખી ના પાડીને જ બેઠા હતા ત્યાં દીપચંદશેઠ બોલ્યા 'ભાઇ આમ મારવાડીવેડા શું કરો છો? ટીપ બગડે તે પણ જોતા નથી."

"જોયું જોયું હવે" લખાવનાર ભાઈ જરા તાડુકીને બોલ્યા-"હમો મારવાડીઓનેજ જે આવે તે જુએ છે-દબાવે છે-ને ધારેલું લખાવી લે છે. જરા જાઓને એ કરોડપતિ બાબુઓ પાસે! તો ખબર પડે કે રકમો કેમ ભરાવાય છે!"

"શું કહ્યું શેઠ? બાબુ સાહેબ પાસે રકમ ભરાવી આપવાની એમજ ને" ઉઠો, દીપચંદ શેઠ ઉઠો, મોડું થાય છે. હવે તો પહેલાં બાબુસાહેબ પાસેથી રકમ લખાવી આવ્યા પછી જ અહિં ટીપ થાય ઉભા થતાં માણેકચંદ શેઠ બોલ્યા.

મારવાડી ભાઇઓ કહેતા રહ્યા કે:-અહીં એકઠા થયેલા ને બેઠેલા ભાઇઓની રકમો તો લખી લો, પણ ટકોરો નહિં ખમનારને ટકોરો વાગ્યો હતો, તેઓ થોભે શાના! કયાં એમના ઘરનું અંગત કામ હતું.

"શેઠ સાંભળો, સાંભળો! જાઓ છો તો ખરા, પણ લખાવીને જ આવવાના છો હો! લઇને આવવાના નથી." પેલા મારવાડી બંધુ ફરી બોલ્યા.

"એ બધું હું જાણું છું. તમારા કરતાં ઘણુંયે મેં એ બાબતમાં સાંભળ્યું છે." માણેકચંદ શેઠ

પગથીયા ઉતરતાં-ઉતરતાં બોલ્યા, અને પોતાના સાથીદાર દીપચંદ શેઠની સાથે વીકટોરીયામાં બેસી વાલકેશ્વર ભણી રવાના થયા.

( ૩ )

"ભૈયાજી, બાબુસાહેબ અંદર હૈ" કહેતાંની સાથે ભૈયાના જવાબની રાહ જોયા વગર જ બંગલામાં દાખલ થઇ બન્ને શેઠીયા દાદર ચઢી ગયા.

ભૈયાજી બોલતા જ રહ્યા કે:-બાબુસાહેબકો મિલનેકા યહ ટાઈમ નહીં હૈ. પરંતુ બન્ને શેઠીયાઓની લાલચોળ પાઘડી, ઉજળા દુધ જેવા ખેસ તથા મોઢાની તેજસ્વી પ્રભા જોઇ કાંઇ વધુ બોલી શકયો નહીં, સમજયો હશે કે બાબુસાહેબના કોઈ સ્નેહી કે ઓળખીતા હશે. દાદરના છેલ્લા પગથીયાથી છાપું લઇ વાંચતા સોફા ઉપર બેઠેલા બાબુસાહેબ સ્પષ્ટ અંદરના હોલમાં બેઠેલા દેખાતા હતા. શેઠીઆ અંદર ગયા, અને ઉભા રહ્યા. છાપું વાંચવામાં બાબુસાહેબ એટલા તો મગ્ન હતા કે વીશ મીનીટ સુધી તેમને ખબર જ ન પડી કે અંદર કોઇ આવ્યું છે. પાનું પુરૂં થયે પાનું બદલતાં બાબુસાહેબની નજર જરા ઉંચી થઇ એટલે તેમણે બન્ને જણને ઉભેલા જોયા. બન્ને શેઠીઆઓએ બાબુસાહેબને પ્રણામ કર્યા. પ્રણામનો સ્વીકાર કરી બાબુસાહેબે પૂછયું: 'કયાંથી પધારો છો શેઠીઆઓ ?"

"આવીએ છીએ તો જગડીઆથી."

જવાબ સાંભળી બાબુસાહેબે ફરી પૂછયું; "કેમ આવવું થયું ?"

"શ્રી જગડીયાતીર્થમાં દહેરાસરજીનું બાંધકામ ચાલે છે, તેમાં મદદની જરૂર હોવાથી ટીપ માટે આવ્યા છીએ." દીપચંદ શેઠે આટલું કહી ટીપનો કાગળ બાબુસાહેબના હાથમાં આપ્યો. ટીપ ઉપર ઉડતી નજર નાખી નામોની યાદીમાં મથાળે પોતાનું નામ જોઇ તે નામ આગળ રૂા. ૭૫)ની રકમ લખી, બાબુસાહેબે ટીપનો કાગળ દીપચંદ શેઠને પાછો આપ્યો, અને 'આવજો' કહી પાછું પેપર હાથમાં લીધું.

દીપચંદ શેઠ કાંઇ બોલવા જતા હતા, તેમને માણેકચંદ શેઠે હાથના ઇસારાથી રોકયા, અને બાબુસાહેબ પ્રતિ જોઇને બોલ્યા; "રજા હોય તો એક વિનંતિ કરૂં !"

"હા, બોલોને શું કહેવું છે ?" કહી બાબુસાહેબ માણેકચંદ શેઠ ભણી જોવા લાગ્યા.

"સાહેબ, લખેલી રકમ આપવા માટે જ લખી હોય તો પેઢી ઉપર ફોન કરી દો, તો લેતાં જ જઇએ." માણેકચંદ શેઠે મક્કમ અવાજે કહ્યું.

આ તે વિનંતિ હતી કે ઠપકો. બાબુસાહેબ શબ્દોના મર્મથી જરા ડઘાયા હતા બન્ને સામે ઉભેલા શેઠીઆઓની મુખાકૃતિ ખૂબ જ નીખાલસ હતી. તે તરફ જોઈ આંખમાં આવેલી લાલાશ તથા મોઢા ઉપર આવેલી કડકાઇને દબાવતાં બાબુસાહેબ બોલ્યા:

"શું કહ્યું તમે ?"

માણેકચંદ શેઠ નરમાસથી પણ તેવા જ મક્કમ અવાજે કહેવા લાગ્યા, "સાહેબ ! બીજા ફેરા ખાવા માટે ટાઈમ અને વિકટોરીયાના ભાડા એમ સાધારણ માણસોને મોંઘા પડે."

શબ્દો સાંભળી બાબુસાહેબની આંખની લાલાશ અને દબાયેલી મોઢાની કરડાઇ બહાર આવી. "તેમાં આપવા માટે લખી હોય તો એ શબ્દનો અર્થ શું ?" બાબુસાહેબ પૂછતા હતા. વાતાવરણ ગંભીર રૂપ લેતું હોય તેમ દીપચંદ શેઠને લાગ્યું.

માણેકચંદ શેઠે તરત જ કહ્યું કે, 'સાહેબ, આખું શહેર એમ કહે છે:-બાબુસાહેબ ટીપમાં રકમો લખી દે છે જરૂર. પણ આપતા નથી.'

શબ્દોની સ્પષ્ટ રજુઆત જોઈ બાબુસાહેબ જરા ગુસ્સાથી બોલ્યા: 'આખું મુંબઇ શહેર એમ કહે છે કયા બોલતે હો તુમ ?'

'આમાં ગુસ્સે થવાની કાંઇ જરૂર નથી સાહેબ. આપના હાથે જ લખાએલી રકમોમાંથી કેટલી રકમોની ભરપાઈ થઇ ગઈ છે તેની જરા પેઢી ઉપર તપાસ કરાવજો ને ! તો લોકો ખોટું શું બોલે છે તેની ખાત્રી થઈ જશે.' સ્પષ્ટવક્તા માણેકચંદ શેઠે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું.

ગુસ્સામાં આવેલા પણ સામે ઉભેલાઓની મક્કમ અને સ્પષ્ટ વાતોથી ડઘાઈ ગયેલા બાબુસાહેબે વાત

આગળ વધતી અટકાવવા હાથમાં ફોન લીધું અને પેઢી ઉપર મુનીમને કહ્યું: 'હાં...તુમ હો...અચ્છા સુનો, યહાંસે જગડીયાતીર્થકે વહીવટ કરનેવાલે દો શેઠ વહાં આતે હૈ મેરે હાથકી લીખી હુઈ રકમ ઉનકે પાસકી ટીપકે કાગદમેં જમે કરકે ૭૫) રૂપયે ઉન્હે દે દેના.'

ફોન થતો જોઈ તથા તેમાં બોલાતા શબ્દો સાંભળી બન્ને શેઠ ખુશી થયા, અને પોતાનાથી કાંઈ બેઅદબી થઇ હોય તેની માફી માંગવા લાગ્યા.

'મને વધુ શરમાવશો નહિ મારી બેદરકારી પ્રત્યે ધ્યાન દોરનાર તમારા જેવા સ્પષ્ટવક્તાનો તો મારે ઉપકાર માનવો રહ્યો ખાત્રી આપું છું કે હવે પછી આવી બેદરકારી (લખી આપેલી રકમ પોતે આપી દીધી છે કે આપવાની બાકી છે તે પ્રત્યે દરકાર ન રાખવી) નહિ થાય.'

માણેકચંદ શેઠના હાથના ઇસારાથી પોતાની બોલવાની ઇચ્છાને અત્યારસુધી દબાવી રહેલા દીપચંદ શેઠ બોલ્યા: સાહેબ, આપ તો જૈનશાસનના સ્તંભ જેવા છો, સમાજમાં આપના માટે કાંઇ પણ બોલાય, વાતો થાય. એ કેમ સહ્યું જાય?

ઘણા વખત પહેલાંની આ વાત છે. જગડીયાતીર્થની પેઢીમાં અમો બેઠેલા હતા, ચાલતી અનેક જાતની વાતોમાં આ વાત નીકળી હતી ત્યાં એક ભાઇએ કહ્યું હતું કે આપની પેઢીના માણસો ટીપમાં લખાએલી રકમ લેવા આવનારને મશ્કરીમાં એવું કહે છે કે:-હમારે બાબુસાહેબને તુમ્હારી ટીપ આગે ચલાનેકે લીયે રકમ લીખી હૈ તુમ્હે યાદ હોગા કિ ટીપમેં લિખાતે વખ્ત તુમને કયા કહા થા. બાબુસાહેબ આપ હી જબ ટીપમેં નહી લીખેગે તો ફિર હમારી ટીપ આગે કૈસે ચલેગી? ઉસ વખ્ત તુમ્હારે લિખાનેકા ખૂબ હી આગ્રહ દેખકર સમય બિગાડના વ્યર્થ સમજ હમારે બાબુસાહેબને રકમ લિખી થી. લેને-દેનેકી બાત હી કહાં થી, લિખાનેકા આગ્રહ થા લિખ દી ગઇ થી, સમજે. હમારે બાબુસાહેબ અપને દિલસે જો રકમ લિખતે હૈ બોલતે હૈ વો દેનેકે લિયે હોતી હૈ ઔર આનેવાલોંકે આગ્રહસે જો રકમ લિખનેમેં આતી હૈ વો લિખનેકા ફકત આગ્રહ સમજકર ઉનસે પિંડ છુડાનેકે લિયે ટીપ આગે ચલાનેકે લિયે હોતી હૈ.

મને યાદ છે ત્યાં સુધી આવા જ શબ્દો બોલાયા હતા, વખતના વીતવા સાથે આ વાત પણ વિસારે પડી હતી. ત્યાં હમણાં મારવાડી ભાઇઓમાં ટીપ કરવા આવતાં આજે ફરી આવું જ મ્હેણું સાંભળવા મળ્યું. ટીપના કાગળને ખુલ્લો કરી આંગળી વતી બતાવતાં દીપચંદ શેઠ આગળ બોલ્યા; ટીપ તો સાહેબ મારવાડી ભાઇઓમાં જ કરવાની હતી, અને આ બધી રકમો તેમનામાંથી જ લખાઇ છે, પણ આ છેલ્લા નામવાળા ભાઇની રકમ લખાતા રૂા. ૩૧) માંથી રૂા. ૪૧) કરવાની વાતમાં 'તમો બાબુસાહેબના દાવના છો' કેમ ભાઇ! એમ પૂછતાં પેલી જ વાત આગળ આવી. 'આ રકમો આપી દેવા માટે લખાય છે, બાબુસાહેબની જેમ ટીપ આગળ ચલાવવા માટે લખાતી નથી તેમ ધક્કા ખવડાવવાના નથી' આ સાંભળીને ત્યાંથી ટીપનું ચાલતું કામ બંધ રાખી આપની પાસે આવવાનું મન થયું. ત્યાંથી નીકળતાં જ ટીપના લખાણ નીચે બધાથી પહેલાં આપનું નામ વચમાં લખી લેવું પડયું. જુઓ સાહેબ, જુદુ જ પડે છે ને? આ કાંઇ જનરલ ટીપ હતી નહિ ફકત મારવાડી ભાઇઓના અતિ આગ્રહથી તેમનામાંથી જ કરવાની આ ટીપ હતી

આપનો બહુ ટાઇમ લીધો સાહેબ, પ્રણામ. દીપચંદ શેઠનું બોલવાનું બંધ થતાં માણેકચંદ શેઠ પણ આપને મળવાથી બહુ આનંદ થયો સાહેબ, પ્રણામ કરી બન્ને શેઠ પાછા ફર્યા.

આવજો ભાઇ, પ્રણામ કહી બાબુસાહેબ તેમને જતા જોઇ રહ્યા.

પાછા લઇ જવા માટે રોકાએલી વિકટોરિયા ત્યાં ઉભી જ હતી. તેમાં બેસી કાલબાદેવી રોડ બાબુસાહેબની પેઢી ઉપર લઈ જવાનું કોચવાનને કહી બન્ને શેઠ વાતોએ વળગ્યા.

( ૪ )

'આપણી આવી કડક વાત બાબુસાહેબ સાંભળી લેશે એમ તો મેં માનેલું જ નહી.'

'પહેલાં એમની લાલ થયેલી આંખો અને મોઢા ઉપરનો ફેરફાર જોઇ એમ જ લાગેલું કે બધી બાજી અત્યારે બગડી ન જાય તો સારૂં, પણ ઠરેલ સ્વભાવ મુજબ બધું જ સાંભળી ગયા.'

'આખરે ખાનદાનનું ખમીર ને ! બધું જ સમજે. માણસ પણ ઓળખે. વિનય પણ સાચવે. વિવેક એમનાથી ચૂકાય જ કેમ. આટલા વર્ષો એમણે કાંઇ પાણીમાં થોડા જ કાઢયાં છે.'

'હાં બરાબર છે. એવું જો ન હોય તો, રજા વગર અંદર કેમ આવ્યા એમ કહી બે-ચાર કડવી-મીઠી તો સંભળાવી જ દે, અને ગેટઆઉટ કહી ઉભા રહે. આપણને અંદર આવવા દેવા માટે ભૈયાને ઠપકો આપે તે વધારામાં.'

'આજના ઉછાંછળાઓની વાત જ કરવાની નહીં ભૈયાને ઠપકો આપે કે તેની ખબર જ લઇ નાંખે. રજા પણ આ બહાના નીચે કદાચ આપી દે. આપણી રીસ તે બિચારા ઉપર કાઢી લે, અને તેની જ પાસેથી આપણને ધક્કા મારી બહાર કઢાવે.'

'એ તો જેના જેવા સ્વભાવ ! આવડત અને ખાનદાની ! એવા કમભાગી આત્માઓના ઘર આગળ જવાનું આપણા જેવાને મન પણ થાય ખરૂં કે ? ત્યારે અહિં તો એમના બગલે આવવાનું નિમિત્ત જ ઉભું થઇ જાય છે.'

'પુન્યશાળીઓની રકમો સારા માર્ગે ખરચાવાની હોય તો આવા નિમિત્ત મળે. અને એમ પણ એમની હજારોની જાહેર અને ખાનગી સખાવતો કયાં ઓછી છે ? રૂપીઆ આપ્યા વગર કાંઇ આ બધું બનતું હશે.'

'ચાલો, આપણું કામ થયું અને બાબુસાહેબને પણ તેમના હાથે અજાણતાં થતાં આ એક પાપ-માંથી બચાવ્યા.'

'વાત સાચી, વ્યવહારમાં તો એ ખરાબ દેખાતું જ હતું પણ એથી તો વિશ્વાસઘાતનું પાપ, દંભ સેવવાનું પાપ, ધર્મની મશ્કરીનું પાપ, વિગેરે અનેક કર્મબંધ થાય. મોટા માણસોને આવી નની વાતોનો ખ્યાલ પણ ન હોય.'

પોતપોતાની લાગણીઓને વ્યક્ત કરતા બન્ને શેઠ આવી-આવી વાતો કરી રહ્યા હતા. વિકટોરીયા પોતાની ગતિએ માર્ગ કાપી રહી હતી.

( ૫ )

વિકટોરીયા પેઢી આગળ આવીને ઉભી રહી. બન્ને શેઠીઆ તેમાંથી ઉતરી અંદર ગયા. મુનીમજીને ટીપનો કાગળ બતાવી રૂપીઆની માંગણી કરી. મુનીમે ટીપનો કાગળ લઇ રૂપીઆ આપી દીધાની સાઈન (નિશાની) કરી કેશીયરને રૂપીઆ ૭૫) આપી દેવા કહ્યું. રૂપીઆ મલી ગયા. મુનીમ વિગેરેને પોતાના તરફ એકી નજરે જોઇ રહેલા જોઇ દીપચંદ શેઠે મુનીમને પૂછયું:

'ભાઇ, કાંઇ કહેવું છે ?'

કહેવાનું કાંઇ નથી, સાહેબે જાતે ફોનથી આપને રૂપીઆ આપવાનું કહ્યું છે એટલે સહી લેવાની નથી. પણ આશ્ચર્ય એ જ થાય છે કે, ટીપ ઉપરની મીતી જોતાં આજે જ શરૂ થતી ટીપ છે, ત્યાં આ વગર ટાઇમે કે જે વખતે બાબુસાહેબ બનતા સુધી કોઇને મળતા જ નથી. તેઓ જાતે ચાર આંકડાની નહીં, ત્રણ આંકડાની પણ નહીં ને બે અંકની રકમ માટે ફોન કરે ! બોલીને મુનીમ જોઈ રહ્યો.

દીપચંદ શેઠે મારવાડી ભાઇઓમાં ચાલતી ટીપ-માંથી ઉઠી પોતાને બાબુસાહેબ પાસે કેમ જવું પડયું અને બાબુસાહેબને પણ ફોન કરવા કહેવું પડયું તે ટુંકાણમાં કહી સંભળાવ્યું.

બધું સાંભળી મુનીમ આનંદિત થતા બોલ્યા: 'આ રીતથી તો અમારા બાબુસાહેબની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચે છે. તેઓની પ્રતિભાને લઇ તેમને કોઇ કહી શકતું નથી, પણ લોકો અનેક જાતની વાતો કરે તે અમારે પણ સાંભળવી તો પડે જ ને ! લખાએલી રકમ લેવા માટે આવનાર ભાઇઓને વાક્પટુતાને લઇ મશ્કરીમાં મૂળ વાત ઉડાવી દઇએ ને વિદાય કરીએ, પણ હૃદયમાં તો લાગે ને ! હવે બાબુસાહેબ તરફથી આપને અપાએલી ખાત્રીથી ઠીક થયું.

આ સાંભળી દીપચંદ શેઠે મુનીમને ઠપકો આપતાં કહ્યું: 'ભાઇ ! આમાં તમારો હિસ્સો પણ કાંઈ ઓછો નથી. કોઇક વખત તમારા મોઢે જ વાક્પટુતા અને મશ્કરીમાં નીકળેલા આ શબ્દોએ જ ( ટીપ આગે ચલાનેકો રકમ લિખી થી તુમને ભી તો ઉસ વખ્ત લિખનેકા હી કહાથા, વિગેરે ) વાતનું વતેસર કર્યું લાગે છે. બાકી બાબુસાહેબ માટે આવું હોય જ નહિ, વાક્પટુતા અને મશ્કરી એ ઉછાંછલા-પણાની નીશાની છે, તમને એ નહિ શોભે. આવી

મોભાદાર પેઢીના માણસોમાં તો ઠાવકાઇ, ગંભીરતા, સત્યવક્તાપણું આદિ સદ્‌ગુણો હોવા ઘટે. માઠું લગાડશો નહિ હો. ભાઇ, આ તો વાત નીકળતાં કહેવાઇ ગયું'. શેઠની શિખામણને ધ્યાનમાં લેતા મુનીમે પ્રણામ કર્યા. બન્ને શેઠ પણ પ્રણામ કરી પાછા વિકટોરીયામાં ગોઠવાઇ ગયા.

( ૬ )

અસલ જે જગ્યાએથી બન્ને શેઠને લઇ વિકટોરીયા ઉપડી હતી તેજ દુકાન આગળ આવીને ઉભી રહી. કોચવાનને ભાડું ચૂકવી બન્ને શેઠ દુકાન ઉપર ચડયા.

આવો શેઠ, જઇ આવ્યા કે ? બેસો, કહી ગાદીની બેઠક તરફ હાથ લંબાવતા દુકાનમાલિકે કહ્યું. હવે તો વાળુનો વખત થયો છે એટલે બેસવાનો વખત નથી.'

બારોબાર જઇએ તે ઠીક નહિ, અને ટાઇમ હતો એટલે થયું કે તમને મળીને જ જઇએ. ટીપનું કામ આવતી કાલ ઉપર રાખીશું', માણેકચંદ શેઠે કહ્યું. ત્યાં પાસેની ત્રણેક દુકાન આગળ પેલા ૩૧) અને ૪૧) રૂપીઆવાળા ભાઇની દુકાન હતી, તેમણે બન્ને શેઠને વીકટોરીયામાંથી ઉતરતા, અને અહિં દુકાન ઉપર ચડતાં જોયા હતા તે આવ્યા અને બોલ્યા: 'શું કરી આવ્યા શેઠ ? આવ્યા તે એમ ને એમ !'

દીપચંદ શેઠે ટીપનું કાગળ બતાવતા કહ્યું: 'આ જુઓ, લખાઇ લાવ્યા.

કાગળ ભણી નજર કર્યા વગર જ પેલા ભાઇ બોલી ઉઠયા, 'આખરે લખાવીને જ આવ્યા ને ! લાવ્યા તો નહિ જ ને ?'

દીપચંદ શેઠે ટીપ બરાબર બતાવતાં કહ્યું: 'આ જુઓ, આ દુકાનના ઓટલા નીચે મારા હાથનું લખેલું ટીપના મથાળે બાબુસાહેબનું નામ, તેની આગળ આ રહી બાબુસાહેબને બંગલે તેમના હાથે લખેલી રૂા. ૭૫) ની રકમ અને તેમની પેઢી ઉપર તેમના મુનીમ પાસે રૂપીઆ લઈ રૂપીઆ મળ્યા બાબતની થયેલી નીશાની અને આ રહ્યા માણેકચંદ શેઠની બંડીના ગજવામાં રૂપીઆ પંચોતેર મુંબઇગરા રોકડા ( તે વખતે નોટનું ચલણ નહિ ) ત્યાં માણેકચંદ શેઠે બંડીના ગજવામાંથી રૂા ૭૫) કાઢી દુકાનમાલીકને આપ્યા અને ટીપના આવેલા બીજા રૂપીઆની સાથે એમને પણ મૂકવા કહ્યું.

પેલા ભાઇએ પણ પોતાના હવે તો રૂા. ૪૧) લખી લેવા કહ્યું, ને પોતાની દુકાનેથી મંગાવી તેજ વખતે આપી દીધા. 'ત્યારે લોકો કહે છે ને મેં પણ સાંભળી હતી તે વાત શું જુઠ્ઠી હતી.' પેલા ભાઈએ પૂછ્યું.

દીપચંદ શેઠે કહ્યું: મારી બાબતમાં તો લખાયા ને તુરત જ મળ્યા છે. એટલે વાત જુઠી અથવા કોઇએ મશ્કરીમાં વહેતુ મૂકેલું ગપ્પું હોવું જોઇએ. મેં પણ એક વખત એને સાચું જ માનેલું.'

ટાઇમ થઇ જવાથી બધા પોતાના સ્થાને જવા ત્યાંથી ઉઠી ગયા.

( ૭ )

બીજે દિવસે ફરી ટીપ ચાલુ થઇ, અને ત્રીજા દિવસના અંતમાં તો જોતજોતામાં સરવાળે કુલ રૂપીઆ ૫૫૦૦) ઉપરની રકમ થઇ ગઇ

નિકળતા પહેલાં ત્રણથી ચાર હજારની આશરે રકમ મળવાની આશામાં નીકળેલા બન્ને શેઠ આ રકમનો સરવાળો જોઇ ઘણા જ ખુશી થયા, અને થોડીક બાકી રહેલી લખાએલી રકમ આવી જાય એટલે હુંડી શ્રી જગડીયા દહેરાસરજી ખાતે જમે કરવા માટે શ્રી ભરૂચ જૈન ધર્મફંડની પેઢી ઉપર બીડવાનું કહી ત્રીજા દિવસની રાતની ગાડીમાં પાછા ઘેર આવવા માટે મુંબઈથી રવાના પણ થઇ ગયા, સારા મુહૂર્તનું પરિણામ સારૂં જ હોય ને !

આ બનાવ પછી બાબુસાહેબને ત્યાંથી આપવાની ન હોય તેવી રકમ લખાઇ જાણી નથી, તેમ લખાએલી રકમ બાકી રહી હોય તેવું કોઇએ કહ્યું નથી.

પચાસ વરસ પહેલાંનો આ બનાવ છે.

*

[બાર વરસ પહેલાં મહુંમ શેઠ દીપચંદ કસ્તુરચંદના સ્વમુખે તેમનો પોતાનો આ સ્વાનુભાવ થોડાક ભાઇઓની સાથે શ્રી જગડીયા દહેરાસરજીની પેઢીમાં બેઠેલા મેં પણ સાંભળેલો. પ્રસંગોનું વર્ણન જેવું તેમણે કહ્યું હતું તેવી જ રીતે આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લખવાની શૈલી મારી છે. ]

—લેખક:

# અ.......મી.......ઝ.......ર.......ણાં

## —: પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ :—

ઉત્તમ આત્મા માટે જેટલાં ઉન્નતિનાં સાધન તેટલાં જ અધમ આત્માઓ માટે અવનતિનાં સાધન છે.

આધિ, વ્યાધિ, ઉપાધિ નહિ ત્યાં સંસાર નહિ. સંસાર હોય ત્યાં આ ત્રણ હોય. આધિ, વ્યાધિથી પણ ભૂંડી તો ઉપાધિ છે.

ઉપાધિ ન મૂકો તો આધિ, વ્યાધિ પણ તમને નહિ મૂકે. આ આગમ ઉપાધિમાંથી છૂટવા માટે છે. આધિ, વ્યાધિના ભોગ તમે ન બનો એ જ એક જ્ઞાની પુરુષોનો ઇરાદો છે.

જેનું ભવિષ્ય ભૂંડું એનો વર્તમાન સારો હોય તોએ ખોટો. જેનું ભવિષ્ય સુંદર એનો વર્તમાન દેખાવમાં ખરાબ લાગતો હોય તો પણ સારો.

ખરેખર ! દુનિયા એ સ્વાર્થની પૂજારી છે.

અંકુશ વિનાના જાનવરો જે હાનિ ન કરે એ હાનિ અંકુશ વિનાના માનવી કરે છે.

મનુષ્ય ઉપકારી બનતો હોય તો કેવળ એના સમ્યગ્જ્ઞાનના પ્રતાપે. વિષધર પણ મણિયોગે વિષહર, તેમ મનુષ્ય ભયંકર પણ આગમની આજ્ઞાના યોગે મનોહર.

પાપથી ડરનારો, હિંસા, મૃષાવાદ, ચોરી, વ્યભિચાર, લક્ષ્મીની મમતા આદિ દોષોથી દૂર ભાગનારો અને પ્રાણીમાત્રનું ભલું જ ઇચ્છનાર એ સાચો સદ્‌ગૃહસ્થ કહેવાય છે.

શારીરિક, વાચિક, માનસિકબળનો આધાર સંયમ ઉપર છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં હોય તે શ્રી સંઘ, અને જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને ન માને તે સર્પસમાન ભયંકર છે.

દુનિયાના જીવો પાસે અર્થકામની વાતો કરવી તે ક્ષત ઉપર ક્ષાર નાંખવા જેવું છે.

મુનિની ધર્મદેશનામાં સર્વવિરતિનો રસ અખંડ હોય.

ભવાભિનંદી આત્મા જેની જરૂર માને એના ઉપર ધર્મનો આધાર નથી. ધર્મનો આધાર તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ઉપર છે.

આજ્ઞા કરનાર પર પ્રેમ હોય તો આજ્ઞા પતિતને પણ તારનારી છે.

શ્રી જિનેશ્વરદેવ અને તેમની આજ્ઞા ઉપરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા તરીકે ઓળખાવી તેની અવગણના કરનારા ખરેખર શ્રી જિનેશ્વરદેવને પીછાનતા જ નથી.

સારીએ દુનિયામાં સર્વથી શ્રેષ્ઠ વ્યક્તિ શ્રી જિનેશ્વરદેવ છે.

તત્ત્વમાત્રની સાચી પીછાણ, સાચી શ્રદ્ધા એનું નામ સમ્યક્ત્વ. જીવથી માંડી નવે તત્ત્વની તથાવિધ શ્રદ્ધા એનું નામ સમ્યક્ત્વ.

શ્રી જિનેશ્વરદેવનાં એક પણ વચનમાં અશ્રદ્ધા કરવી. એ સમ્યક્ત્વમાં દૂષણ લાવનારૂં છે.

હે સ્વામિન્ ! શ્રદ્ધાસંપન્ન શ્રોતા અને બુદ્ધિશાળી વક્તા આ બેનો યોગ જો થઇ જાય તો કલિકાલમાં પણ તારૂં શાસન એકછત્ર બની શકે છે.

પ્રભુનાં શાસનની રક્ષા વખતે ખોટી શાંતિ અને ખોટી સમતા કામ ન આવે

સત્યના બચાવ માટે છતી શક્તિએ બેદરકાર રહેનાર પણ પાપના ભાગીદાર છે.

શાસ્ત્ર કહે છે, જે પ્રિય, મધુર અને સત્ય છે, છતાં અહિતકર છે, તો તે પ્રિય, મધુર અને સત્ય નથી, તથા જે હિતકર છે, તે અપ્રિય છતાં પ્રિય છે, કટુ છતાં મધુર છે અને દેખાવમાં અસત્ય છતાં વસ્તુતઃ સત્ય છે.

એક આદમીથી સત્ય વસ્તુનું સેવન ન થાય, એ નિભાવાય, પણ તે અસત્યને અસત્ય ન માને એ ન નિભાવાય.

એક આદમી આગમની આજ્ઞાનું પાલન ન કરે એ નિભાવાય, પણ આગમની આજ્ઞા આઘી મૂકવાનું

કહે એ ન નિભાવાય. કારણ કે એ નિભાવવામાં તો વસ્તુની સત્યતાનો વિનાશ થાય.

ઢીલાને નિભાવાય અને ઉગ્રને ય નિભાવાય, બધાને નિભાવાય પણ જ્યાં વસ્તુમાં વાંધા પડતા હોય તેને ન નિભાવાય.

જે જે સ્થાને જે જે વસ્તુ નિષેધી, તે તે સ્થાને તે તે વસ્તુ મહાપાપ અને જેને ન નિષેધી એ વસ્તુ પણ પાપ તો છે. માટે એની આલોચના વિના છુટકો નહિ.

'દુનિયામાં આત્મશુદ્ધિ માટે કોઇપણ ચીજ હોય તો તે શ્રી જિનેશ્વરદેવે વિહિત કરેલી હોય તે' આ સમ્યગ્દૃષ્ટિનો આદર્શ હોય.

દુન્યવી પદાર્થોની લાલસા ખાતર, મોટાઇ ખાતર, મરાય એ આપઘાત. પૌદ્ગલિક વાંચ્છાએ મરવાનો પ્રયત્ન એ આપઘાતનો પ્રયત્ન, પણ જ્ઞાનીએ નિષેધેલી ચીજથી તેવે સમયે બચવા ખાતર મરવાના પ્રયત્નો એ તો આત્મશુદ્ધિના ઉપાયો છે.

ભાવપ્રાણની ખીલવટ માટે દ્રવ્યપ્રાણના નાશની ભાવના એ ઇષ્ટ છે.

વિહિત એજ કરણીય. વિહિત વિનાનું એ પાપ. અને નિષિદ્ધ એ મહાપાપ.

જેટલી વસ્તુ કિંમતી એટલી સાવધાનતા પણ જબરી.

શ્રી જિનેશ્વરદેવની પૂજા, ગુરુની સેવા, દાન, શીલ, તપ, શુભ ભાવના, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, સમ્યક્ત્વમૂળ બાર વ્રત વિગેરે બધું ગૃહસ્થોને દેશવિરતિ માટે કરણીય, બાકીનું બધુંય અકરણીય, આટલો ખ્યાલ થઇ જાય તો આજ જીવન પલટાઇ જાય.

સાધુ ગાળો દેવા નથી બેસતા પણ હિતશિક્ષાઓ દેવા બેસે છે.

આત્મામાં યોગ્યતા આવે તો જ જાતિસ્મરણ પણ લાભ આપે.

શક્તિનો ઉપયોગ તેજ કરે કે જે અજમાવેલી શક્તિનું વારણ કરી જાણે.

કુળવાનને બળાત્કારે પણ આપેલી ઉત્તમ ચીજ ફળે

જેને એક લાખ શિષ્યો હોય પણ જો તેનામાં ગુરુતા ન હોય તો દુર્ગતિએ જાય, લાખ શિષ્યો કંઇ મુક્તિએ લઇ જાય એમ નથી પણ મુનિપણું પાળે તો વગર શિષ્યવાળો પણ મુક્તિએ જાય

ત્યાગના અવલંબન વિના આત્માની સિદ્ધિ નથી.

જૈનશાસનમાં તે વસ્તુની કિંમત છે કે જે વસ્તુ આત્મકલ્યાણની સાધનામાં ઉપયોગી થાય. બળ પણ તેજ પ્રશસ્ય લેખાય છે કે જે આત્મગુણોના આવિર્ભાવમાં ઉપયોગી થાય.

ભગવાન શ્રી મહાવીરદેવનું નામ દેવું અને ભગવાન શ્રી મહાવીરદેવની આજ્ઞાની વાત આવે ત્યારે તે આજ્ઞાની અવગણના કરવા તૈયાર થવું એ ખરેખર ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યેની ભક્તિ નથી પણ ઉલટી આશાતના જ છે

દરેક કાળમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ જેટલી કઠીન હોય તેથી પામેલા સમ્યક્ત્વની રક્ષા કરવી એ કઇગુણી કઠીન હોય છે.

આ જગતમાં તેઓ ધન્ય છે કે જેઓ જીવોને કર્મબંધનના કારણરૂપ થતા નથી.

તરૂણ અવસ્થા અને રાજાની પૂજા એ બન્ને અનર્થના કરનારાં છે.

વિગઈઓ વિકારનું ઘર છે, અને વગર કારણે તેના ભક્ષણને શાસ્ત્રે પાપ કહ્યું છે.

ડાહ્યો પોતાને અભિમાનથી ડાહ્યો ન કહે. વિરાગી ડાંડી ન પીટે કે હું વિરાગી છું.

ગુણ દેખાય તેના પણ ગુણને વ્યક્તિની પરીક્ષા કર્યા વિના જાહેરમાં બોલતા ના !

લોભી વેપારીની ક્ષમા, સમતા, કદી ન વખાણતા.

ગુણ જોતાં પહેલાં વ્યક્તિની પરીક્ષા કરવાનું ન ચૂકતા. ઉઠાવગીરોને, ખોટું કહેનારાઓને, નવું સ્થાપનારાઓને કુદરતી રીતે જ શાંતિ કેળવવી પડે છે.

બધામાં પોલ રાખે એ તો સ્યાદ્વાદ નહિ પણ ફુદડીવાદ કહેવાય.

જે વસ્તુ જે જે સ્વરૂપે હોય, તે વસ્તુને તે તે સ્વરૂપે ઘટાવવી એનું નામ સ્યાદ્વાદ છે.

જે વિદ્યા પાપના અખતરાથી પાછા ન હઠાવે તે વસ્તુતઃ વિદ્યા જ નથી.

આંબાને બદલે બાવળિયા થાય, માર્ગને કંટકોથી દુર્ગમ બનાવીને એવા જ્ઞાનને પોષવાનો ઉદ્‌ઘોષણાપૂર્વક એકેએક શાસનપ્રેમીએ નિષેધ કરવો જ જોઇએ.

ગુણવાનની પ્રશંસા કરતાં ગુણવાન ગુણમાં આગળ વધે છે, અને દુનિયા ગુણને પામે છે.

અતિશય રસપૂર્વક ભોગવેલા ભોગનો વિપાક ભોગવવાનું મુખ્ય સ્થાન નરક છે, અને ઉગ્ર ભોગોનો ઉપભોગ કરવાનું સ્થાન સ્વર્ગ છે,

શ્રી જિનેશ્વદેવનું જીવન તો શ્રી જિનેશ્વરદેવ જ જીવે. સાગરની સરખામણી સાગર સાથે થાય. તલાવડા સાથે ન થાય.

શ્રી જિનેશ્વરદેવોનું જીવન એટલું બધું અનુપમ છે કે જેની સરખામણી સમગ્ર વિશ્વમાં અન્ય કોઇની સાથે થઈ શકે તેમ નથી, માટે મુક્તિ સાધવી જ હોય તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેવું એ જ હિતાવહ છે.

સંપૂર્ણ અને અતિશાયી શ્રુતજ્ઞાનના ધરનારા શ્રી ગણધરદેવો પણ તે જ વસ્તુને સાચી અને શંકા વિનાની કહે છે. કે જે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવી.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને જ પોતાનો આદર્શ દરેક સમ્યગ્દૃષ્ટિ આત્માએ બનાવવો જોઇએ. એ આદર્શના પાલનના યોગે શ્રી જિનેશ્વર થાઓ, તો ખુશીથી શ્રી જિનેશ્વરદેવના જીવન જેવું જ જીવજો, પણ તે સ્થિતિની પ્રાપ્તિ થયા વિના, 'મોટા કરે તે કરવુ' એવી ઘેલછાનો પ્રચાર કરશો તો પાયમાલી થશે.

નોકરે શેઠ કરે તેમ કરવાનું ન હોય. પણ શેઠ કહે તેમ જ કરવાનું હોય, આજ્ઞા મુજબ સંયમ પાળનારા મુક્તિપદે ગયા.

વચન પરથી વ્યક્તિની કિંમત આંકવાની જૈનશાસનમાં નથી કહી.

કેવળ ક્રિયા કે વચનના આધારે જ ભૂલ્યા તો પરિણામ ખરાબ આવશે, પહેલી પરીક્ષા વ્યક્તિની-પુરુષની અને પછી એની ક્રિયાનો આદર !

એક ચીનાને કોઇ અજાણ્યાએ પૂછયું: 'તમારા ચીન દેશમાં કોઇ સારો ડોકટર છે ખરો કે?' પેલા ચીનાએ જવાબ આપ્યોઃ 'અરે ભાઈ! અમારા દેશમાં તો સારા નહિ ઉત્તમ ડોકટરો છે, એમાં હેંગચેંગ ડોકટરે તો એક વખતે તો મારી જીંદગી બચાવી હતી.' 'એમ' પેલાએ આશ્ચર્ય પામી પૂછયું. 'કેવી રીતે?' ચીનાએ કહ્યુંઃ 'એકવાર હું માંદો પડ્યો, ત્યારે મેં હેનકોન ડોકટરને બોલાવ્યો. તેની દવા પીતાં મારી તબીયત વધારે બગડી. પછી મેં ઘેનસીંગ ડોકટરને બોલાવ્યો, પણ તેની દવાથી તબીયતમાં વધારે બગાડો થયો. ત્યારપછી મેં હેંગચેંગ ડોકટરને બોલાવ્યો. એણે તમારી તબીયત સારી કરી એમ ને?' પેલાએ વચ્ચે પૂછયું. ચીનાએ જવાબ આપતાં કહ્યું: 'હું એ જ કહી રહ્યો છું કે મારા સારા નસીબે તે ડોકટર બહારગામ ગયા હતા, એટલે આથી તે આવી શકયા નહિ, ને મારી જીંદગી બચી ગઈ.!'

# કલિકાળમાં શ્રી નવકારમંત્રનો અજબ પ્રભાવ.

## પૂ૰ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ.

[ છેલ્લા દશકામાં બનેલી એક સાચી ઘટના. ]

યુપી પ્રાંતમાં આવેલા ઝાંસી શહેરનો આ તાજો બનાવ છે. જેને હજી એક દશકો પણ પૂરો વીત્યો નથી. એક મુસલમાન જૈન સાધુના સંસર્ગમાં આવ્યો. જૈન સાધુના ત્યાગની અને તેમની અસરકારક વાણીની અસર મુસલમાન જેવા માણસના હૃદયમાં પણ કોઇ અજબ પડી. એણે માંસ-મદિરાનો ત્યાગ કર્યો, એટલું જ નહિ બલ્કે ત્યાગી ગુરુ સમક્ષ તેણે નવકાર-મંત્ર શીખી લીધો. પવિત્ર હૃદયે પવિત્ર ને નિર્મળ બની હંમેશાં એ મુસલમાન નવકાર મંત્રનો જાપ જપે છે. નવકાર મંત્ર ઉપરની તેની આસ્થા-શ્રદ્ધા ને વિશ્વાસ અજોડ હતા.

આવા પવિત્ર આચાર-વિચારથી એ મુસલમાન તે કોમથી સાવ જુદો જ પડતો હતો. અનેક મુસલમાનોએ આ મુસલમાનની રીત-ભાતમાં અજબનો પલ્ટો જોયો. તેમને થયું કે, જરૂર આ કાફર લોકોના પાશમાં ફસાયો છે, અને આપણી રીત-રસમને વિસરી આજે એ વેવલો બન્યો છે. સાલાનું નિકંદન કાઢવું જોઇએ. એ મુસલમાનોએ તેને હેરાન-પરેશાન કરવા જરાય ઓછાશ નહોતી રાખી. તે લોકોએ ઘણું-ઘણું સમજાવ્યો કે, છોડ આ બધું ધતીંગ. પણ પેલો શ્રદ્ધાળુ મુસલમાન અડગ રહ્યો. પોતાના વિચારમાં તે અફર હતો.

એક વખત આ દુષ્ટ મુસલમાનો પૈકીના એક મુસલમાને તેને જાનથી મારી નાંખવાનો નિર્ણય કર્યો. શું કરવુ ? આડા-અવળા વિચાર પછી તેમણે એક ઉપાય અજમાવ્યો. તે ઉપાય એ હતો કે, તે દુષ્ટ મુસલમાન એક ઝેરી સર્પને ઉપાડી લાવે છે, અને જ્યાં આ શ્રદ્ધાળુ મુસલમાન હંમેશાં સૂઇ રહેતો હતો ત્યાં જ તેની પથારી નીચે એ સર્પને એવી રીતે મૂકયો કે દોડીને ચાલ્યો ન જાય આ વખતે શ્રધ્ધાળુ મુસલમાન હાજર ન હતો ને રાતના ઘેર આવે છે. પલંગ બીછાવેલો છે, એ પલંગ ઉપર બેસીને હંમેશની મુજબ તે નવકાર મંત્રનું સ્મરણ કરે છે. ત્યાં જ તેને આપોઆપ એવો ભાસ થાય છે કે, મારી પથારીમાં સર્પ છે. તરત તે ઉઠયો અને પથારી નીચે જોયું તો સર્પ ગભરાઇ રહ્યો હતો. તેજ ક્ષણે સર્પ ત્યાંથી ભાગી છૂટયો.

આ શ્રધ્ધાળુ મુસલમાનને તો પહેલેથી જ અજોડ શ્રધ્ધા હતી કે, નવકાર મંત્ર એ એક અજબ મંત્ર છે, ગુરુદેવના મુખથી નવકાર મંત્રનો અજબ મહિમા તેણે સાંભળ્યો જ હતો, અને આવા પ્રત્યક્ષ બનાવથી તેના હૈયામાં અનેરી શ્રદ્ધા પ્રગટી.

આ તરફ પેલો સર્પ ત્યાંથી વિહ્વલ બની જે મુસલમાન આ સાપને મૂકી ગયો હતો, તે જ મુસલમાનને ઘેર સાપ ગયો. તેની એક છોકરી સૂતી હતી તે છોકરીને તરત જ તે સર્પ કરડયો. છોકરીએ ચીસ પાડી. છોકરીના પોકારથી શોરબકોર મચ્યો ચોમેરથી માણસો દોડી આવ્યા છોકરીનો બાપ પેલો મુસલમાન પણ આવી પહોંચ્યો.

એને એ ખબર ન હતી કે, મારી પુત્રીને સર્પ કરડયો છે એના હૃદયમાં આજ અપાર ખુશી હતી કે પેલા ભગતડા મુસલમાનનું આજ ઠીક નિકંદન કાઢયું.

પણ બનાવ એ બન્યો કે, એ શ્રદ્ધાળુ મુસલમાન તો નવકારમંત્રના પ્રભાવે આબેહુબ બચી ગયો. એને કશીય હરકત ન આવી અને એ તો નિશ્ચિંત સૂઇ ગયો.

પેલો દુષ્ટ મુસલમાન પોતની પુત્રી પાસે આવ્યો. અને એને ખબર પડી કે, મારી પુત્રીને સર્પ કરડયો છે. જેથી તેના હોશ-હવાશ ઉડી ગયા. ઘણાય ઉપચારો કર્યા, મંત્રવાદીઓને તેડયા, પણ સર્પનું ઝેર ન જ ઉતર્યું. આશા નિરાશામાં મળી ગઇ. મુસલમાન મુંઝણો કે, હાય મારી પુત્રી મરી જશે. કોઇએ તેનું ઝેર ન ઉતાર્યું, શું થશે ? એની ચિંતામાં ભાન ગુમાવી બેઠો.

થોડીવાર પછી એને પોતાને ભાન થાય છે કે, ખરે જ મેં જ બીજાને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો

તેનું પરિણામ એ આવ્યું કે, આજે મારે પોતાને રડવાનો વખત આવ્યો. ખાડો ખોદે તે પડે, એ કહેતી સાચે જ સાચી છે. પણ હવે થાય શું ?

દુષ્ટ મુસલમાન વિચારે છે કે હવે એ શ્રદ્ધાળુ મુસલમાનની પાસે જઉં, એના ચરણોમાં ઝુકી પડું અને મારા અપરાધની ક્ષમા માગું. જરૂર, એ જ મારી પુત્રીના પ્રાણુ બચાવી શકશે. વિના વિલંબે પેલો દુષ્ટ મુસલમાન ત્યાં દોડી ગયો. પેલો શ્રદ્ધાળુ મુસલમાન તો ઘોર નિદ્રામાં નિશ્ચિંત સૂતો હતો. તેને આ ભાઇએ ઉઠાડયો. 'કેમ ભાઇ ! કેમ આવવું થયું.' શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો.

'ભાઇ સાહેબ ! હું આપના ચરણુમાં પડું છું, મને મારા ગુનાની માફી બક્ષો. હું અપરાધી છું.'

પેલો શ્રદ્ધાળુ મુસલમાન વિચારમાં પડી ગયો કે, આ શેની માફી માંગે છે ? શું બોલી રહ્યો છે ? કાંઇ સમજાતું નથી.

'કેમ ભાઇ ! શેની માફી માંગો છો ? તમે કંઇ મારો ગુનો કર્યો નથી. આમ કેમ અસંગત બોલો છો ' એમ આ શ્રદ્ધાળુ મુસલમાને કહ્યું.

શ્રદ્ધાળુ મુસલમાનને એ ખબર ન હતી કે આ કારસ્તાન આ ભાઈ સાહેબનું હતું.

તે દુષ્ટ મુસલમાને જ સાચી હકીકત કહી સંભળાવી ત્યારે આ શ્રદ્ધાળુ મુસલમાનને ખબર પડી. કે મારી પથારી નીચે સાપ મૂકી જનાર આ જ ભાઇ હતા. માફી માંગ્યા પછી તુટયાં-ફુટયાં શબ્દોમાં પેલો દુષ્ટ મુસલમાન બોલ્યો, બચાવો ! બચાવો ! મારી . ...પુ...ત્રીના પ્રાણુ.

'કેમ શું થયું ?' શ્રદ્ધાળુ બોલ્યો.

'મારી પુત્રીને સર્પ કરડ્યો છે અને બેહોશ બની ગઇ છે. સઘળાય ઉપાય અજમાવ્યા પણ નિષ્ફળ ગયા છે.'

શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો કે, 'હું કંઇ થોડો જ મંત્રવાદી છું ?

પેલા દુષ્ટે કહ્યું: 'ભલે આપ મંત્રવાદી ન હો, પણ મને વિશ્વાસ છે કે આપ જ બચાવી શકશો.'

'તો ઠીક, ચાલો બીજાના પ્રાણુ અગર મારાથી બચતા હોય તો હું તૈયાર જ છું.'

એક મુસલમાન જેવા ગૃહસ્થમાં કેટલી ભલાઇની ભાવના કે પોતાના પ્રાણુ લેવા તૈયાર થનાર, પોતાનું બુરૂં કરનાર તેના ઉપર પણ ભલાઇની જ ભાવના, એનું પણ કલ્યાણુ થાવ. એ જ ઇચ્છા હતી. એ શ્રધ્ધાળુ મુસલમાનના હૃદયમાં જરાય રોષની લાગણી ન પ્રગટી. તરત જ શ્રધ્ધાળુ મુસલમાન ઉઠયો અને પેલા મુસલમાનની સાથે નીકળ્યો.

છોકરીના હોશ-હવાશ ઉડી ગયા હતા. મંત્રવાદીઓએ હાથ ખંખેરી નાંખ્યા હતા. બચવાનો કોઇ ઉપાય ન હતો. આવા વિકટ પ્રસંગમાં આ શ્રધ્ધાળુ મુસલમાનને તો નવકારમંત્ર ઉપર અડગ શ્રદ્ધા હતી. એણે નવકારમંત્ર ગણીને પાણી છાંટયું. તરત જ પાણી છાંટતાની સાથે જાણે નવો જન્મ ન લેતી હોય તેમ શય્યામાંથી તેની પુત્રી બેઠી થઇ. સૌ કોઇ હર્ષઘેલા બન્યા અને આ શ્રદ્ધાળુ મુસલમાન ઉપર સૌ ફીદા ફીદા થઇ ગયા. સૌ કોઇએ પ્રશંસાના પુષ્પો વેર્યા. અને સૌના મુખેથી સ્હેજે બોલી જવાયું કે, પરોપકારતા અને કેવી મંત્રશકિત ! ધન્ય છે ! ધન્ય છે !!

એક અપરાધી ઉપર પણ રહેમ નજર રાખવી, એ કાંઇ નાની સૂની વાત ન હોતી. એવા આત્માઓ જગતમાં બહુ વિરલ જ હોય છે. નવકારમંત્રનો કેવો અજબ પ્રભાવ !

શ્રદ્ધા અને અડગતા શું કામ કરે છે. નવકારમંત્ર અનાદિનો એનો એ છે. એનો પ્રભાવ પણ અજબ જ છે, શાસ્ત્રોમાં સ્થળે-સ્થળે નવકારમંત્રના પ્રભાવને દર્શાવતા અનેક દષ્ટાંતો આલેખાયેલાં છે, પણ ગણનારમાં શ્રદ્ધા હોવી જોઈએ. ઉપલકભાવથી ગણીએ. ચિત્ત ચગડોળે ફરતું હોય, હૃદય બુરી ભાવનાના કચરાથી ભરેલું હોય, પછી આપણે બોલીએ અરે રોજ નવકાર ગણીએ છીએ, છતાંય ઉંચા આવતા નથી. અન્ન-દાંતને વેર છે. શું છે નવકારમાં-ગણી, ગણીને થાકયા.

બોલો આવી મલીન વાસનાઓ જ્યાં વાસ કરતી હોય ત્યાં આવો પ્રભાવિકમંત્ર પણ ફળ ન આપે

એ સ્વાભાવિક છે, આજે માણુસમાં શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી.

ગણતાંની સાથે ફળની માંગણી કરીએ છીએ. બસ દુન્યવી પૌદ્ગલિક સુખની આશાએજ આપણે નવકારમંત્ર ગણવા તૈયાર થઇએ છીએ. ત્યારે જેવી આપણી ભાવના તેવું જ આપણને ફળ મળે છે. નવકારમંત્ર ગણવાની આપણને ફુરસદ નથી મળતી, જ્યારે અન્ય મંત્ર-તંત્રને ગણવાને માટે આપણે બે-ચાર કલાક ગણવા માટે તૈયાર થઇએ છીએ. જ્યારે કોઇ ગુરુ મહારાજ ફરમાવે કે, કેમ ભાઇ! નવકારમંત્ર ગણો છો !

ત્યારે આપણે જવાબ આપીએ છીએ કે, ઘણુાય ગણ્યા પણ કંઇ તત્ત્વ દેખાતું નથી.

આવી તો આપણી લુખ્ખી ભાવના છે, આપણને તેના ઉપર પ્રેમ, શ્રદ્ધા કે વિશ્વાસ નથી, વિશ્વાસ કે શ્રદ્ધા વગર આવી ઉમદા ચીજો નિષ્ફળ નિવડે છે, માટે આવા ચૌદ પૂર્વના સારરૂપ નવકારમંત્રના જાપમાં લયલીન બનો, તલ્લીન બનો, દુનિયાને ભૂલી જાવ, જગતના તુચ્છ સુખો ખાતર આત્માને ન ભૂલો.

શાસ્ત્રકાર કહે છે કે:-

**नवकार इक्क अक्खर पावं फेडेई सत्त अयराणं**
**पन्नासं च पयेणं पणसय सागर समग्गेणं.**

નવકારમંત્રના ૬૮ અક્ષર છે, તેમાંના એકેક અક્ષરને ગણવાથી ગણનારના સાત સાગરોપમના પાપો દૂર થાય છે. નવકારમંત્રના એક પદનો જાપ કરવાથી ૫૦ સાગરોપમના અને સમગ્ર એટલે સંપૂર્ણ નવ પદોનું ધ્યાન ધરવાથી ૫૦૦ સાગરોપમના પાપો વિનાશ પામે છે. એક ચિત્તે વિધિસહિત ભાવથી નવ લાખ નવકારમંત્ર ગણવામાં આવે તો ગણનાર તિર્યંચ-જાનવર કે નરકગતિમાં જતો નથી.

નવકાર મંત્ર જેવો દુનિયામાં બીજો મંત્ર નથી. આવા અપૂર્વ નવકારમંત્રને છોડીને કયો નિર્ભાગી બીજા મંત્ર-તંત્રમાં ઉદ્યત બને !

માટે હે મહાનુભાવો ! પરમ મંગળકારી આધિ-વ્યાધિ ને ઉપાધિને ટાળનાર સુખ-સમૃદ્ધિને અર્પનાર સમગ્ર દુઃખોનો વિનાશ કરનાર, ચૌદ પૂર્વના સારરૂપ, અનાદિસિદ્ધ એવા નવકારમંત્રનું ખૂબ-ખૂબ સ્મરણુ કરો. પ્રતિદિન તેનો જાપ કરો. હૃદયકમળમાં એકાંતમાં બેસી તેનો વિચાર કરો. તેના જાપમાં તલ્લીન બનો. અને અંતે મુક્તિરમાને વરો એ જ એક અભ્યર્થના.

---

**ભા**રતમાં દર વર્ષે ૫૦ લાખ મણુ સોપારી ખપે છે. ત્રણ વરસ પર આપણા હિંદ દેશમાં ૪૮ લાખ મણુ સોપારી પેદા થતી હતી, પણ દેશના ભાગલા પાડ્યા પછી સોપારી પેદા કરતા ભાગો પાકિસ્તાનને ફાળે ગયા, એટલે હાલ અહિં ૨૫ લાખ મણુ સોપારી પેદા થાય છે, અને ખપત છે બમણી. આથી સોપારી ખાતર દર વરસે ૨૫ કરોડ રૂપીઆ પરદેશમાં ઘસડાઇ જાય છે, અને આપણે ૨૫ કરોડ રૂપીઆ દેશની સોપારી ખાતર ચાવી જઇએ છીએ. પરિણામે હિંદ જેવા કંગાલ દેશના અડધો અબજ રૂપીઆ કેવળ સોપારી જેવી જીવનની બીન-જરૂરી ચીજ ખાતર વેડફાઈ જાય છે, એટલા પૈસાથી આપણા કેટ-કેટલા દેશબાંધવોને પેટ માટે અનાજ આપી શકાય. તો આજથી જ સોપારી નહિ ખાવાનો નિશ્ચય કરી લો ! બોલો છે કબૂલ ?

# શંકા અને સમાધાન

[સમાધાનકારઃ-પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ]

[ પ્રશ્નકારઃ-વિપ્ર રમેશચંદ્ર ગંગારામ જોષી. જામનગર. ]

**શં૦** જેમ તમારા ધર્મમાં ૨૪ તીર્થંકર છે. તેમ અમારા ધર્મમાં પણ ઘણા દેવ છે. તેમાં મનુષ્ય ગમે તે એક જ દેવને શરણે જાય, ત્યારબાદ ત્યારપછી તેનાથી કોઇ અન્યદેવનું સ્તોત્ર, કવચ, પૂજા, વંદન વિગેરે થઇ શકે ? ઉપરની વસ્તુ જો મનુષ્ય કરે તો તેના શરણે ગયેલાં દેવના કાર્યમાં પોતાની સાધનામાં વાંધો આવ્યો ગણી શકાય ? અન્ય દેવને નમી શકાય કે કેમ ? ઉપરની વસ્તુ ન કરતાં પોતાનાં જ નક્કી કરેલા દેવની સાધના કરી કાર્ય સાધ્ય કરવું ?

**સ૦** દેવનું શુદ્ધ સ્વરૂપ ઓળખીને જે સુદેવ તરીકે દેવને માની રહ્યો છે, તેનું બીજા દેવોમાં સુદેવપણું ન હોવાથી અન્યની પૂજા, સેવાભક્તિ કરવાનું દિલજ ન થાય. કારણ કે રાગદ્વેષ રહિતનો જ એ ઉપાસક છે, તો એને રાગદ્વેષીની ઉપાસના શોભે જ નહિ. અને બધા જ દેવો રાગદ્વેષ રહિત છે, એમ કહી શકાય નહિ. કારણ કે તે તે દેવોની મૂર્તિઓ તે તે ધર્મના ધર્મશાસ્ત્રો નિહાળવાથી, વાંચવાથી કોણ સરાગી છે અને કોણ વિરાગી છે, તે સમજી શકાય છે.

**શં૦** ઋષભદેવ તમારા તીર્થંકર હોવા છતાં ય અમારા 'નારાયણ કવચ'માં તેમનું નામ કયા હેતુથી આપવામાં આવ્યું છે ?

**સ૦** મોટા પુરુષને આખી દુનિયા માને તો તે મહાપુરુષનું નામ તમારા 'નારાયણ-કવચ'માં હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે. ?

[ પ્રશ્નકારઃ-હેમચંદ ન્યાલચંદ વોરા ]

**શં૦** દરેક પ્રાણીમાં ઇશ્વરતત્ત્વ છે, તો પછી માનવજાતિમાં આટલા ધર્મ ને રાગ-દ્વેષ કેમ ?

**સ૦** દરેક આત્માની સત્તામાં કેવલજ્ઞાન અને કેવલદર્શન રહેલું છે એમ કહેવાય, પરંતુ ઇશ્વિરતત્ત્વ રહેલું છે એમ બોલી કે લખી શકાય નહિ. કારણ કે, તીર્થંકર થનારા આત્માઓ અસંખ્યાતા કાળમાં સંખ્યાતા હોય છે, અને તેઓમાં ઇશ્વરતત્ત્વ સત્તામાં હતું એમ કહેવાય, પરંતુ દરેક આત્મામાં ઇશ્વરતત્ત્વ છે એમ ન કહેવાય. પ્રાણીમાત્રમાં કર્મોની વિભિન્નતા હોવાથી જુદી-જુદી હાલતો સંભવે છે એમ મનુષ્યમાં પણ સંભવે છે.

**શં૦** મુખ્ય કયા મંત્રની ઉપાસના આત્મહિતકારી છે ? તેની ક્રિયા શું ? અને કેમ ? કયારે જાપ કરાય ?

**સ૦** શ્રી નવકારમંત્રની ઉપાસના કરવાથી કલ્યાણ છે, અને તે મંત્રની વિધિ ત્રિકાલ જિનપૂજા, બ્રહ્મચર્ય, એકાગ્ર થઈ મૌનપણે જાપ, તે નિષ્કામવૃત્તિએ કરવો જોઇએ. બ્રાહ્મ મુહૂર્ત પસંદ કરવું વધારે સારૂં છે. બાકી તો જેનું ચિત્ત જે કાળે એકાગ્ર રહે તે કાળ તેને માટે અનુકૂળ છે.

**શં૦** જૈનધર્મના મૂળ સિદ્ધાન્તો શું ?

**સ૦** સ્યાદ્વાદ. પક્ષપાતનો અભાવ, કોઇને પણ પીડા ન થાય એવું વર્તન વિગેરે વિગેરે જૈનધર્મના મૂળ સિદ્ધાન્તો છે.

**શં૦** જો દરેક ધર્મીઓના મૂળ સિદ્ધાન્તો એક જ છે, તો પછી દરેક ધર્મોના હૃદયમાં માનવ માનવ પ્રત્યે પ્રેમ કેમ ન હોય ?

**સ૦** દરેક ધર્મના સિદ્ધાન્ત એક જ છે, એમ નથી. કારણ કે, કોઈ પશુથી થતા યજ્ઞમાં, તો કોઈ પશુઓની કુરબાનીમાં, તો કોઈ માંસ, મદિરા, મૈથુન આદિ પાંચ 'મ' કારોના સેવનથી ધર્મ માને છે. આ વિષયનું જ્ઞાન હોય તે 'બધા ધર્મોનો એક જ સિદ્ધાન્ત છે' એમ કહે નહિ

**શં૦** ધર્મ કરતાં અત્યારે ભેદભાવ, અહં-ભાવ દરેક માનવમાં વિશેષ જોવામાં આવે છે તેનું શું કારણ ?

**સ૦** જેનામાં ઉપરોકત સંસ્કારો છે તેનામાં ધર્મનું ખરૂં સ્વરૂપ ઉતર્યું નથી. જેનામાં ધર્મનું સ્વરૂપ જેમ-જેમ વિશેષરૂપે ઉતરતું જાય, તેમ-તેમ ઉપરના દુર્ગુણો ઓછા થતા જાય છે.

**પ્રશ્નકારઃ-રામનારાયણ જોષી-જામનગર.**

**શં૦** મનુષ્ય માનતા કરી શકે કે નહિ ? માનતા શું વસ્તુ છે ? માનતાથી જે કાર્ય થાય છે, તે દેવના સહકારથી થાય છે કે પ્રારબ્ધમાં હોય તેમ થાય છે ?

**સ૦** જિનેશ્વરદેવનું શાસ્ત્ર માનતા માન-વાનો નિષેધ કરે છે, અને ત્યાં સુધી કે શ્રી જિનેશ્વર ભગવાનની પણ માનતા માનવી નહિ, માનતા એટલે દૈવીશક્તિ ઉપરની આસ્થા. કોઇ વખત તેવા નિમિત્તથી પોતાના શુભકર્મનો ઉદય થવાનો હોય તો તેમાં તેના અધિષ્ઠાયકદેવ નિમિત્ત બને છે.

**શં૦** મનુષ્ય ગમે તે એક કવચ ધારણ કરે તેની ઉપર બીજું કવચ ધારણ કરી શકે કે નહિ ?

**સ૦** એક કવચ ધારણ કર્યું હોય તેના ઉપર બીજું કવચ ધારણ કરી શકાય નહિ. કારણ કે, 'બે બગડે બાવી' થઇ જાય, અર્થાત્ બાજી બગડે છે.

**શં૦** મનુષ્યને પુરુષાર્થ કરવાનું મન કયારે થાય છે ? પ્રારબ્ધ પ્રેરણા આપે ત્યારે ને ? પ્રારબ્ધની પ્રેરણા એ જ પુરુષાર્થ ને ?

**સ૦** જો શુભ પુરુષાર્થ હોય તો શુભ-કર્મના ઉદયથી અને અશુભ પુરુષાર્થ હોય તો અશુભ કર્મના ઉદયથી કોઇ વખત પ્રારબ્ધની પ્રેરણાથી ઉત્પન્ન થએલો પુરુષાર્થ પણ હોય છે, અને કોઇ વખત આત્મબળથી પ્રારબ્ધ વિના પણ પુરુષાર્થ થાય છે.

**શં૦** કોઇ પણ દેવ પ્રારબ્ધ ફેરવી શકવા સમર્થ છે કે કેમ ?

**સ૦** નિકાચિત કર્મનો ઉદય હોય તો તેને કોઇ પણ ફેરવી શકતું નથી.

**શં૦** આ ભવની ભક્તિ આ ભવ જ ફળે કે આવતે ભવે ?

**સ૦** ઉગ્ર ભાવનાથી કરેલ ભક્તિ આ ભવમાં પણ ફળ આપી શકે છે.

**[પ્રશ્નકારઃ શાહ મોહનલાલ લલ્લુભાઇ ઉં॰ ]**

**શં૦** કલ્યાણ માસિકના ફેબ્રુઆરી ૧૯૫૩ ના અંકમાં પૂ. પંન્યાસજી પ્રવીણવિજયજી ગણિવરે લખેલ 'શું ઇશ્વર જગતનો કર્તા છે ?' એ લેખ વાંચવાથી જગતકર્તા ઇશ્વર છે. એવું માનનારાના મનમાં નીચે જણાવેલી પરિસ્થિતિ ઉભી થાય છે.

જગતનો કર્તા હોવાની જરૂર લાગે તોજ ઇશ્વર સ્વીકારવા તૈયાર થયેલો માણુસ ઉપરોક્ત લેખથી સમજી જાય. અને માને કે જગતને કરવા માટે ઇશ્વરની જરૂર રહેતી નથી તો પછી ઇશ્વરની જરૂર શું કરવા જોઈએ ? આવા માણુસને ઇશ્વર તો છે એવું મનાવવા માટે નવું કલ્પનાચિત્ર આપવું પડે તે શું હોઇ શકે. ?

**સ.** ઈશ્વરના અસ્તિત્વપણા માટે કોઇ પણ નવું કલ્પનાચિત્ર આપવું પડે એમ છે જ નહિ, કારણ કે જૈન જૈનેતર તમામ આસ્તિક દર્શનવાલા ઇશ્વરના અસ્તિત્વને તથા આવશ્યકતાને ઇન્કારતા નથી. સૌ કોઇ પરમેશ્વર દેવાધિદેવ, સર્વજ્ઞ, અલ્લા, બુદ્ધ, ગોડ, ભગવાન, પરમાત્મા આદિ નામાન્તરોથી ઇશ્વરને માની, તેમની જુદી જુદી રીતે ભક્તિ, પૂજા, નામસ્મરણુ કરે જ છે. માત્ર તેમને ઈશ્વર આ જગતનો કર્તા નથી અને ઈશ્વરની સાચી વ્યાખ્યા શી ? એટલું સમજાવવા માટે વાસ્તવિક ચિત્ર આપવું જોઇએ. જે 'શું ઇશ્વર જગતનો કર્તા છે ?' એ લેખમાં આપી દીધું છે. એટલે તમો જે લખો છો તે પરિસ્થિતિ ઉભી થવાનો ભય રહેતો નથી.

એક વખતે ગ્રીષ્મ ઋતુમાં ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ પોતાના મંત્રી વગેરે સાથે ઉદ્યાનમાં જતા હતા, ત્યારે રસ્તામાં જૈનાચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી સ્હામે મળ્યા. સિદ્ધરાજે તેમને પૂછયું; 'સૂરિજી ! ગ્રીષ્મ ઋતુમાં દિવસો મોટા કેમ હોય છે ?' આચાર્ય મહારાજે કહ્યું, 'રાજન્ ! દિગ્વિજય માટે તમે પ્રયાણુ કરો છો, તમારા સૈન્યનાં ગમનથી જમીનની ધૂળ આકાશમાં ઉડે છે. આકાશગંગામાં આથી કાદવ થાય છે, એ કાદવમાં ઉગેલી ધ્રો-ઘાસને ચરવામાં મઝા પડતી હોવાથી સૂર્યના અશ્વો ચાલવામાં આળસ કરે છે, માટે સૂર્યના રથની ગતિ મંદ થતી હોવાના કારણે દિવસો મોટા થાય છે.'

*

એક યુવાન ઉપદેશકે એક વૃદ્ધ મારવાડી પાસે જઇ ઇશ્વરને નામે કાંઇ આપવા માંગણી કરી, ત્યારે મારવાડીએ જવાબ આપ્યો; 'ભાઇ ! ઈશ્વર પાસે તો તારા કરતાં હું વ્હેલો પહોંચીશ, અને રૂબરૂમાં જ તેમને પૈસા આપી દઇશ. એટલે તારી મારફતે મારે આપવાની જરૂર નથી. તને ત્યાં પહોંચતાં વાર લાગશે. તારે કાંઇ પૈસા ત્યાં પહોંચાડવા હોય તો મને આપજે. હું ખુશીથી લેતો જઇશ, મને તેમાં ભાર નહિ પડે.'

*

સ્વતંત્રતા અને નિર્બળતા કદી સાથે ટકી શકે નહિ.

આજ મોટે ભાગે જે આચરી શકાતું નથી, તે બોલી બતાવવાનો અખતરો થાય છે, અને જે હૃદયમાં નથી તે ગાઇ બતાવવાનો ડોળ કરાય છે.

*

# મધપૂડો

સં. શ્રી મધુર

### ત ૦ ણુ ૦ ખા.

૦ **સૌંદર્ય** અને યૌવન ઉભયની શોભા, શીલ અને સંયમ છે.

૦ **સાચો** પ્રેમ સર્વદા દાતા જ રહે છે, યાચક કદિ બનતો નથી.

૦ **સહુ**-કોઇને સુંદર દેખાડતો આરિસો કેટલો મોહક છતાં ભ્રામક છે. આરિસા-ઘેલો માનવ કયારે સમજશે કે એનું સાચું પ્રતિબિંબ તો એના રોજ-બરોજના આચાર-વિચારરૂપી આરિસામાં જ પડે છે.

૦ **રાજકારણ** એ જ એક એવો વ્યવસાય છે કે, જેમાં કશી તૈયારી કે કાંઇ જ મૂડીની જરૂર નથી. વગર જોખમદારીનો એ ધંધો છે.

૦ **વીર**પુરૂષ આખી દુનિયા ખોવા તૈયાર થશે, પરંતુ પોતાનું વચન કે પોતાની શ્રદ્ધા ખોવા તે કદિ તૈયાર નહિ હોય.

*

### સ્વાર્થાન્ધોની મૂઢતા.

**એ**કવાર બન્યું એવું કે, એક કાનખજૂરો ચાલી રહ્યો છે, સામેથી વીંછી આવ્યો. વીંછીએ કાનખજૂરાને પકડ્યો, એટલામાં ગીરોલી આવી તેણે વીંછીને પકડ્યો. ત્યાં કાગડો આવ્યો. તેણે ગીરોલીને મુખમાં ઉપાડી. હજુ એકે મર્યાં નથી, બધા પોત-પોતાની જાતને બચાવવા ફાંફા મારે છે. આ રીતે પોતે મોતનાં મુખમાં પડવા છતાં પોતાના મુખમાં પડેલાઓને છોડતાં નથી. રે કેવી સ્વાર્થાન્ધ જીવોની મૂઢતા.

*

### ચા ૦ બ ૦ ખા.

**શિખાઉ ડોકટર :** (અનુભવી ડોકટરને) પણ સાહેબ! તમે દરેક દરદીને રોજ તે કેવો ખોરાક લે છે, એમ કેમ કહો છો?

**જુના ડોકટર :** વાત એમ છે કે, એ લોકોના ખોરાક પરથી એમની આવક જાણી હું તેમના બીલો બનાવી શકું છું.

*

**દાંતના ડોકટર :** (દરદીને તપાસ્યા પછી) તમારા પેટમાં બગાડો રહે છે, તે દાંતના બગાડથી થએલો છે, માટે તમારા બે-ત્રણ દાંત કાઢી નાંખવા પડશે.

**દર્દી :** લો ને, સાહેબ! આ બધાયે દાંત કાઢી આપું. (આમ કહી મોંમાંથી તેણે દાંતનું ચોકઠું કાઢી આપ્યું.)

*

**શેઠ :** (રામાને) જા, ડો. ને ફોન કર કે શેઠને પેટમાં દુઃખે છે, માટે એનીમા લઇને આવે. (ફોન કરીને પાછો આવ્યો.)

**રામો :** શેઠજી ડો. ને એની મા સાથે લઇને આવવા કહ્યું. ત્યારે જોને તમને ગાળો દેવા માંડી, ને ગુસ્સામાં રીસીવર પછાડયું.

*

### તમને ખબર છે?

કે, હિંદી સરકારનો બ્રિટીશગવર્મેન્ટ વખતે લશ્કરી ખર્ચ ૬૦ ક્રોડ હતો, જે આજે વધીને કોંગ્રેસ સરકારના સમયમાં ૨૦૦ ક્રોડ થયો છે.

કે, આજે હિંદમાં ૮૦ લાખ નિર્વાસિતો આવ્યા છે, અને તેઓ પાકીસ્તાનમાં ૫૨૫ ક્રોડની મીલ્કતો મૂકીને આવ્યા છે. જ્યારે હિંદમાંથી પાકીસ્તાન ગયેલા મુસ્લીમો અહિં ફક્ત ૯૦ ક્રોડની મીલ્કત મૂકતા ગયા છે.

કે, મહારાણી ઇલીઝાબેથ ૨ જીનો રાજ્યારોહણ સમારંભ જે હમણાં લંડન ખાતે ઉજવાયો તેમાં લગભગ રૂા. ૧ અજબનો ધૂમાડો થયો છે.

કે, પંચવર્ષીય યોજનાની વાતો દેશમાં ઠેર–ઠેર સંભળાય છે, ને જેમાં ૨૦ અજબ ૬૯ ક્રોડ ખરચવાના છે. તેમાંથી ૬ અજબ રૂા. ખરચાઇ ગયા છે. કયાં? એ કોઇ પૂછશો નહિ.

કે, હોલીવુડની મેટ્રો કું૦ના પીકચર 'કૈવો વાડિસ'ની પાછળ રૂા. સાડાત્રણ ક્રોડથી રૂા. ૪ ક્રોડનું પાણી થયું છે.

*

### અદાલતમાં.

**વકીલ :** (ફરીયાદીને) 'વારૂ આરોપીએ તે વખતે તમને કેવા અસભ્ય શબ્દો વાપરેલા તે તમે અહિં કહી સંભળાવશો?

**ફરીયાદી :** નાજી, તે કોઇપણ સભ્ય માણસ પાસે કહેવાય તેવા નથી.

**વકીલ :** તો કાંઇ નહિ. તમે મેજીસ્ટ્રેટ સાહેબની નજીકમાં જઈ તેમને કહી સંભળાવો!

*

### જાણતા હશો તો ખપ લાગશે.

સોનાના દાગીના ઉપર નાઇટ્રીક એસીડનું ટપકું મુકતાં જો ભુરા રંગનો ડાઘ પડે તો સોનું ભેગવાળું સમજવું, અને સોનાનો રંગ શુદ્ધ અસલ મુજબ રહે તો ચોકખું જાણવું.

હાઇડ્રોકલોરીક એસિડમાં નાખવાથી શુદ્ધ ચાંદી નહિ ઓગળે, અને ભેગવાળી હશે તો તે જરૂર ઓગળી જશે.

કોરા સફેદ કાગળ કે કપડા ઉપર કલાઇનો કકડો ઘસવાથી કાળો ડાઘ પડે તો તેમાં સીસાનો ભેગ સમજવો.

*

### ૨ ૦ જ ૦ ક ૦ ણ.

બુરાઇને યાદ કરીને તેને જીવતી ન રાખો.

જક્કી અને મૂર્ખ અભિપ્રાય ધરાવતા નથી, પણ અભિપ્રાય જ તેમને પકડી રાખે છે.

કરે અને કહે તે યુવાન, કરેલું કહે તે વૃદ્ધ, અને કરવાનું હોય અને કહે તે મૂર્ખ.

જગત અનાદિ છે, તેમ દુઃખ પણ અનાદિ છે. દુઃખનું મૂળ શોધી તે મૂળનો જ નાશ કરશો તો આ સંસાર તરી જશો.

ઈચ્છા એ જ દુઃખોને પેદા કરનારી છે, માટે જે મળ્યું હોય તેમાં જ સંતોષ માની ધર્મક્રિયાઓમાં મશગુલ બનો એથી દુઃખો હટી જશે.

કર્મનાં બંધન તોડવા 'નવકાર મંત્ર'નું અહર્નિશ રટણ કરો.

કષ્ટ આવી પડે તો દૃઢ મન રાખી સમતાભાવે સહન કરો, સહનશીલ આત્માઓ એવા પ્રસંગોએ ઝબકી ઉઠે છે.

—શ્રી એન. બી. શાહ

*

## જીવન ઝરણાં

[ ૧ ]

ઈરાનના ન્યાયી શહેનશાહ નૌશેરવાન માટે કહેવાય છે કે, એક વેળા તે પોતાના થોડાક માણસો સાથે શિકાર માટે જંગલમાં ગયેલો ત્યાં ભોજન સમયે મીઠું ખૂટયું.

શાહે પોતાના નોકરને કહ્યું 'જલ્દી જઈને પાસેના ગામમાંથી મીઠું લઇ આવ પણ ધ્યાન રાખજે દામ ચૂકવ્યા વિના નિમક (મીઠું) લાવજે નહીં, નહિં તો આખું ગામ વેરાન બની જશે.

સૌને આશ્ચર્ય થયું અને નમ્રતાપૂર્વક પૂછયું. જહાંપનાહ! થોડુંક અમસ્તુ મીઠું લાવતાં આખું ગામ તે કેમ કરીને વેરાન બની જશે?

જવાબ મલ્યો : "ખૂદ શહેનશાહ જો પોતાની પ્રજાના બગીચામાંથી એક ફળ તોડે તો નોકર લોકો આખુંયે વૃક્ષ મૂળ ડાળા પાંદડા સાથે ખોદીને ખલાસ કરી નાંખે"

*

[ ૨ ]

બે ફકીર હતા, એક વૃદ્ધ અનુભવી અને બીજો નવો થએલો. વૃદ્ધે નવા ફકીરને પૂછયું, 'જે દિવસે ખાવાનું ન મળે ત્યારે તારા મનમાં શી લાગણી થાય?' નવા ફકીરે જવાબ આપ્યો "હું માનું કે, આજ મારા ઉપર ખુદાની મહેરબાની નથી." પણ તમને ખાવાનું ન મળે તો શું થાય?' નવા ફકીરે પૂછયું. જવાબમાં વૃદ્ધ ફકીરે કહ્યું કે, મને એમ થાય કે મને ભૂખ્યો રાખવામાં મારૂં ભલું કરવાનો ખુદાનો કોઇ અગમ્ય ઇરાદો હશે."

ખરેખર ડાહ્યા માણસો-સંતપુરૂષો કષ્ટ પ્રસંગે કે આફત સમયે પણ ભગવાન ઉપર દોષ ઢોળી પાડવાની મનોવૃત્તિવાળા હોતા નથી.

સં. શ્રી એન. બી. શાહ.

*

એક રાત્રે હિંદી ધારાસભાના એક સભ્યના ઘરમાં ચોરો ભરાયાનો તેની પત્નીને વ્હેમ પડયો, તેણે પોતાના પતિને કહ્યું: ઉઠો, ઉઠો, આપણા ઘરમાં ચોરો ભરાયા લાગે છે. પેલા ધારાસભ્ય પતિએ જવાબ આપ્યો; તું તારે નિરાંતે સૂઇ જા; તને ઘેલું લાગ્યું કે શું? તને ખબર છે, ચોરો તે અહિં ન હોય આતે કાંઇ ધારાસભા છે કે અહિં ચોરો ભરાય?

*

યૂરોપનો પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાર્ડશોને ધારાસભાના સભ્યો માટે સારો અભિપ્રાય ન હતો. તેણે એક જાહેર ભાષણમાં કહ્યું, 'ધારો કે તમે બધા મૂર્ખ ઘેટાઓ છો અને માનો કે તમો ધારાસભાના સભ્યો છો અરે પણ આ તો હું એકની એક વાત બે વાર સંભળાવું છું. કારણ કે, ગાડર-ઘેટામાં કે ધારાસભ્યમાં કાંઇ ફરક નથી.'

*

## એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે.

# શ્રી સિદ્ધાચલજીની વાટે.

### — : શ્રી પન્નાલાલ જ. મશાલીઆ :—

( લેખાંક ૪ થો )

રજનીકાંતે ઉપરા-છાપરી બે-ત્રણ બગાસાં ખાધાં અને પછી આળસ મરડી ખૂબ આજીજીપૂર્વક કહેતો હોય એવા નમ્ર અવાજથી કહ્યું: 'ઓહ...સૂઈ રહેવા દો ને યાર! હજુ રાત ઘણી બાકી છે, ટાઢ પણ વાય છે!'

'કેટલા વાગ્યા છે, ભાઈ?'

'ત્રણ!'

'ત્રણ? શું કહો છો? આ સપ્તર્ષિની તારિકાઓ તો ચાર વાગ્યા હોય એમ કહે છે.'

'વાગે નહિ...'

આગળ રજની કાંઈ બોલી શક્યો નહિ, પણ ગરમ ધાબળા નીચેથી એનું હાસ્ય છુપું રહી શક્યું નહિ. એની કને ઘડિઆળ હતું, જોયું તો ખાસ્સા મઝાના ચાર વાગી ગએલા! ભાઈને ઉઠતાં આળસ ચડતી હતી એટલે એક કલાક ઓછી કહી બતાવી! રોજની ટેવથી અમારી આંખ ચાર વાગે ઉઘડી જતી, એટલે અમે છેતરાયા નહિ.

પ્રતિક્રમણ બાદ કાંઈક માર્ગ સુઝે એવું થતાં અમે બોર્ડીંગના દહેરાસરે દર્શન કરી પછી સિદ્ધાચલની વાટે આગળ વધ્યા. અમારા ગ્રુપમાં રજની સૌથી ન્હાનો છતાં ભારે વિનોદી હતો. ચહા-પાનનો તો એ અઠંગ અભ્યાસી હતો. 'ચા એ ચા અને બીજા વગડાના વા' એ તેની પ્રખર માન્યતા હતી. ઘેર હતો ત્યારે રોજ એને દશ-બાર વખત તો ચહા પીવા જોઈતી જ, એટલાં જ પાન! પણ કોણ જાણે કઈ શક્તિ ઉપર એ નિર્ભર બની આ યાત્રિકસંઘમાં જોડાયો હતો. અમને સંદેહ હતો કે ભાઈસાહેબથી રોજ એકાસણાં અને બે ટાઈમની આવશ્યક ક્રિયા કદી જ બનવાનાં નથી, બે-ત્રણ મુકામ થતાં તો એ થાકીને હારી જશે! કદાચ દેશમાં ભાગી જશે! પણ એની અપૂર્વ આત્મશક્તિએ અમને પણ ભારે અચંબામાં નાખી દીધા. ત્રણ-ચાર મુકામ સુધી તો એટલે શંખેશ્વરથી ઉપરીઆળાજી સુધીમાં તો એના સાંધે-સાંધા એંસી વરસના બુઢ્ઢાની જેમ વછુટી જતા અમે જોયા. એ એકલો અટૂલો પડી રહેતો, ક્યારેક શૂન્ય મનસ્કપણે બેસી રહેતો, પણ પછી તો એનામાં અજબ પરિવર્તન થવા પામ્યું. એનાં હિંમત અને આત્મભાન વધતા ગયાં, કોઈ નવો આગોશ જાગતો દેખાયો, એટલી હદ સુધી કે પછી અમારામાં પણ એનાં જેટલાં ચેતન કે સ્ફૂર્તિ દેખાયાં નહિ.

લીંબડીથી ચુડા તેર માઈલ થાય. પ્રથમ તો લીંબડીથી ચુડા સ્ટેશનનો જ પ્રોગ્રામ હતો, પણ પાછળથી એ પ્રોગ્રામ ચેઈન્જ કરી હવે સળંગ તેર માઈલ પંથ કાપી ચુડા-પહોંચી જવાનું હતું. લીંબડીથી ચુડા જવા માટેના બે માર્ગ નીકળતા હતા. અમે તો સીધી સડકનો જ માર્ગ ગ્રહણ કીધો હતો. જો કે એ જરા ફેરમાં જતો હતો, પણ માર્ગ સારો હતો. બીજો માર્ગ સૌકા અને લાલીઆ ઉપરથી જતો હતો. લાલીઆમાં શ્રાવકના બે-ત્રણ ઘર છે, અમે તો પાનડી ઉપરનો માર્ગ લીધો, આ ગામ વચ્ચેથી સોંસરા નીકળ્યા ત્યારે ભોળા ગ્રામીણો ભારે આશ્ચર્ય અને રમુજથી અમને જોઈ રહ્યા. એક વૃદ્ધ સજ્જન તો અમે જ્યાં સુધી ત્યાંથી પસાર થયા ત્યાં સુધી હાથ જોડી મસ્તક નમાવી ઉભો રહ્યો. એને થયું હશે કે, ધન્ય છે આ યાત્રિકોને! કે જેઓ આ વિષમ કાળમાં પણ આવી રીતે પગે ચાલી સિદ્ધગિરિ દાદાને ભેટવા ઉમંગભેર ધસી રહ્યા છે! જઈ રહ્યા છે! બીજું ગામ કારોલી આવ્યું. અહીં એક દહેરાસર છે, દર્શન કરી અમે ચૈત્યવંદન કરવા બેઠા. 'ગમ્યું છે મુખ પ્રભુ તાહરું' એ સ્તવન ગાતાં તો અપૂર્વ ઉલ્લાસ આવ્યો. અહીંથી બે રસ્તા નીકળતા હતા પણ ગામઝાંપે રહેલી નિશાળના ભલા મહેતાજી સાહેબે અમને ખૂબ સરલતાથી માર્ગ સમજાવ્યો. અહીંથી ગાડીની સીટી વારંવાર સંભળાતી હતી. ચુડાસ્ટેશન ઉપર થઈ હવે અમારી આ તીર્થયાત્રિકોની નાની ફોજ આગળ વધી.

આગળ સીધી સડક ઉપર બંને બાજુ પીંપળાના વૃક્ષોની ઘેરી ઘટા ઝુકી રહી હતી, મસ્તક હલાવી-હલાવી જાણે આ વૃક્ષો પવિત્ર સંઘને પ્રણામ કરી રહ્યા હતાં. પરમાર્હત મહારાજા શ્રી કુમારપાળદેવે તો સિદ્ધાચલની યાત્રાએ જતાં આ વૃક્ષોને પણ ફૂલહાર અર્પણ કર્યા હતા; એમ કહીને કે હે પવિત્ર વૃક્ષો ! તમને ધન્ય છે કે સિદ્ધાચલની વાટે તમે ઉભાં છો અને યાત્રિકોને માટે શીતળ છાયા ધારણ કરો છો. વાહ કેવી સુંદર હતી એ ભાવના ! આજુ-બાજુ પર ઘુંટણપુર આવળના વૃક્ષો પોતાના પીળા પુષ્પ-ગુચ્છોથી અહીં બાગ-બગીચાનો અદ્ભૂત રમ્ય દેખાવ ધારણ કરતા હતા. વૃક્ષોની ઘટામાં નાની બુલબુલો, મેના અને શ્વેત નયનાઓ કિલકિલાટપૂર્વક આમતેમ ઉડી આનંદ કરી રહી હતી. 'ઉડે મનહર પંખીઓ ગાતાં સુંદર ગાન' એ સુંદર પંક્તિઓ યાદ આવી જતી હતી. જરા દૂર જતાં એક જૂની વાવ આવી. અહીં અમે વિશ્રાંતિ લેવા બેઠા, વાવ ખૂબ ઉંડી હતી, આસરે પચાસ-સાઠ ફુટ ઉંડી તો ખરી જ ખરી ! એમાં અર્ધભાગ સુધી તો સુંદર ઉતરાણ હતું, પણ પછી માટીના ખાલી કુવા જેવું કેવળ ઉંડાણ હતું. પણ છતાં ભરવાડનાં આઠ-આઠ વર્ષનાં નાનાં બાળકો અંદર ઉતરી નિરાંતે જલ-પાનનો સુંદર આસ્વાદ કરી રહ્યા હતા ! વાવ પાસે એક મોટું તોતીંગ વૃક્ષ ઉગેલું હતું, એની મીઠી શિતળ છાયા વાવ ઉપર પડતી હતી, વળી મંદ મંદ પવન આવી રહ્યો હતો એટલે જાણે સમાધિમાં લીન થઇ ગયા હોઇએ એમ ઉંઘ આવી જવા લાગી ! પાસેના ખેતરમાં મોર એની યૌવનમસ્ત ઢેલડીઓને રીઝવી રહ્યો હતો. એની મઝાની સુંદર કળા જોઇ અમે પણ ઘડીભર સ્થંભી ગયા ! આ અલૌકિક પંખીનું રૂપ અને લાવણ્ય ભાળીને તો લોર્ડ કર્ઝન પણ હર્ષથી નાચી બેઠેલો ! અને તેજ દિવસથી આ મનોહર પંખીના શિકારની એણે ભારતમાં મનાઇ ફરમાવેલી ! પા કલાક વિસામો ખાઇ અમે આગળ વધ્યા. અમે તો માનતા હતા કે અમે જ સૌના પ્રથમ ચુડા પહોંચી જઇશું. પણ એ અમારો કેવળ પોકળ ભ્રમ હતો. ચુડા જ્યારે અર્ધો માઇલ દૂર હતું, ત્યારે જોયું તો બાજુના માર્ગ પરથી આખો સંઘ આવી રહ્યો હતો. અમે પણ હવે પગ દબાવ્યા અને ખૂબ ઝડપથી સૌના પહેલા નીકળી આવ્યા ! તેર તેર માઇલ એક શ્વાસે ચાલ્યા છતાં અમારા સૌના હૈયામાં અજબ ઉત્સાહ ઉભરાતો હતો. થાક તો જાણે લાગ્યો જ ન હતો ! સિદ્ધાચલની યાત્રાએ જતાં થાક લાગે ? કે લાગેલો થાક પણ ઉતરી જાય ? શાસનનાં પવિત્ર સૂત્રો તો એક જ વાત કહે છે, કે જીવને અનાદિ કાળનો લાગેલો થાક અહિં સિદ્ધાચલની વાટે જતાં એક ક્ષણમાત્રમાં જ ઉતરી જાય છે.

**એકેકું ડગલું ભરે, ગિરિવર સન્મુખ જેહ;**
**રીખવ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ.**

પણ શ્રદ્ધા અને ભાવના જોઇએ છે. સાથે આધ્યાત્મિક સંગતિ અને એમાં અંતર્મુખ બની જવાની ત્રેવડ જોઇએ છે. એમને એમ ભવક્રોડનાં કર્મ ખપી જવાની આશા રાખતા નહિ ! અહીં ચુડાનો સકળ જૈન સંઘ યાત્રિકોના સ્વાગત માટે પ્રથમથી જ આવી તૈયાર ઉભો હતો. સૌ અનિમેષનયને કેવળ યાત્રિકોની જ રાહ જોતા ઉભા હતા. અમને જોતાં જ 'ધબાંગ ઢીમ, ઢીમ ધબાંગ ઢીમ' ઢોલક વાગી રહ્યાં ! આ વખતનું દ્રશ્ય ખરેખર અપૂર્વ હતું. રાધનપુરથી આ પહેલાં પણ બીજા સંઘ નીકળેલા પણ સૌએ ચુડાને બાજુએ જ રાખ્યું હતું. પણ આ ન્હાના યાત્રિકસંઘે તો ચુડામાં જ મુકામ રાખ્યો. અહીં ચુડાના સ્વધર્મી બંધુઓનું મધની રેત જેવું મીઠું હેત ભાળી અમારૂં મસ્તક નમી ગયું ! મ્હારા રાધનપુરી બંધુ ! પુરાણા દિવસોમાં ત્હારે ત્યાં પણ આવી મીઠી અને હેતાળ પ્રવૃતિ જાગતી પડી હતી. ત્હારા મીઠા આતિથ્યસત્કારના તો દેશના ખૂણેખૂણે વખાંણ થતાં, બહારથી આવતા યાત્રાળુઓને દેવસમા માની એમની ભક્તિ થતી. એમની નાની નાની તકલીફો પર પણ પુરતું ધ્યાન અપાતું. વળી એક પછી એક સુખી ઘરના લોકો એમને પોતાના ત્યાં લઇ જતા અને ભારે પ્રેમ અને આદરથી એમની સેવા કરતા, અફસોસ ! પણ ત્હારી આજ ! એ 'આજ'ના વખાણ કરવા મ્હારે માટે તો ઠીક નથી જ ! સામૈયું આખા ગામમાં ફરી ઉપાશ્રયે આવ્યું. આજના પ્રવચનનો પ્રધાન સૂર 'અભક્ષ્ય ત્યાગ' એ વિષય પર હતો. અહીં એક સુંદર જિનાલય છે. એમાં નવમા ભગવાન શ્રી સુવિધિ-

નાથ પ્રભુની સુંદર પ્રતિમા બિરાજે છે. મંદિરમાં બીજાં પણ પાષાણના નવ પ્રતિમાજી બિરાજે છે. બિંબો પ્રાયઃ બધાં જ સુંદર છે. અહીં એક પાંજરાપોળ પણ છે. ગામને ગઢ છે. એકંદર ગામ ન્હાનું છતાં ઠીક છે. બપોરે અઢી વાગે એકાસણું કરવા ગયા. તેર તેર માઇલ ચાલીને આવ્યા હોવાથી ક્ષુધા પણ ખૂબ સખ્ત લાગી હતી. એટલે રેશમી ચુરમા ઉપર બધાનો હાથ ઘણી ઝડપથી ચાલતો હતો! અહીંના શ્રાવક બંધુઓ નમ્રતાથી હાથ જોડી સ્હામે ઉભા હતા! 'શું જોઇએ? શું જોઇએ?' કહી અત્યંત ભાવથી યાત્રિકોને જમાડી રહ્યા હતા! સાંજે ચાર વાગે 'કર્મની ભયંકરતા' એ વિષય ઉપર સુંદર પ્રવચન સાંભળવા મળ્યું. જો કે, વ્યાખ્યાનનો વિષય પ્રથમથી નક્કી થતો ન હતો, પણ જે વિષય ઉપર વ્યાખ્યાન અપાતું એ પ્રમાણે નામ મૂકું છું. સાંજે પ્રતિક્રમણમાં રમણભાઈ ડાહ્યાભાઇએ એક સરસ સજ્ઝાય કહી સંભળાવી. એમની મીઠી હલકે તો જાદુ કર્યું, અને સભા આખી ફણિધરની જેમ મસ્ત બની ડોલવા લાગી! રમણભાઇ બહુ સજ્જન પુરુષ છે, મળતાવડા પણ ઘણા, એમની સાથે ઘણી વખત મઝાની મીઠી મીઠી વાતો થતી. ઘણું જાણવા સમજવાનું મળતું એમના ગ્રુપમાં બીજા પણ ઘણા સજ્જન પુરુષો હતા, કેટલાકના નામ તો આટલા લાંબે ગાળે ભૂલી ગયો છું, પણ છતાં એ બધા હૃદયમાં તો જરૂર કોતરાઈ રહેશે! પ્રતિક્રમણ બાદ થોડીવાર ભાવનામાં બેઠા. અને પછી તો રાત જામતી જતી હોવાથી સંથારીઆમાં નિરાંતે ઘસઘસાટ ઉંઘી ગયા, કે વહેલી આવે સવાર!

માગ. સુદ ૭. રવિવાર.

ચુડાથી વહેલી સવારે સફર શરૂ થઈ. અહીંથી રાણપુર દસ માઇલ થાય. પહેલું ગામ છ માઇલ દૂર મીણાપુર આવ્યું. મીણાપુરથી દોઢ માઇલ અણિઆરી આવ્યું. અણીઆરી મૂક્યા બાદ તરતજ રાણપુરની મોટી ઇમારતો નજરે પડતી હતી. અહીં પણ સંઘનું ઘણું મજેદાર સ્વાગત થયું. અહીં શ્રાવકના ૧૫૦ ઘર છે. એક દહેરાસર છે. તેમાં શ્રી સુમતિનાથ સ્વામિ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પ્રતિમા છે. તેમજ બાજુમાં શ્રી શાંતિનાથ ભગવાનની એવી જ સુંદર પ્રતિમા છે. પ્રતિમા એટલાં સરસ અને સુંદર છે કે બાજુએ ખસવાનું મન જ થાય નહિ. આજનું પ્રવચન 'ધર્મની જીવનમાં આવશ્યકતા' એ વિષય ઉપર હતું. મહારાજશ્રીની છણાવટ અને વિવેચનશક્તિ એટલાં સુંદર હતાં કે જેનું વર્ણન થઈ શકે નહિ! બાદ ત્રણ લોકના નાથ શ્રી જિનેશ્વરદેવની પૂજા માટે ગયા. આજે સ્નાત્રમાં ઠેઠ અઢી વાગ્યા સુધી રહ્યા. બપોરે ત્રણ-સાડા ત્રણ વાગે એકાસણું કરવા ગયા. જમણ રાણપુરના શ્રી સંઘ તરફથી હતું. પાંચ-પાંચ તો પકવાન્ન બનાવ્યા હતા. પકવાન્ન એટલાં જ શાક અને ચટણી હતાં. એ પછી કાજુ, દ્રાક્ષ, બદામ અને પીસ્તાં આદિ પીરસવામાં આવ્યાં હતાં. ખૂબ જ આગ્રહ કરી-કરીને બધાને પીરસવામાં આવતું હતું. રાણપુરના શ્રી સંઘની આવી અપૂર્વ સંઘ-ભક્તિ જોઈ હૃદય આનંદમાં લીન બની જતું હતું! આ તરફ તેરાપંથી સાધુઓનો પ્રચાર વિશેષપણે વધી રહ્યો છે. દાન અને દયા તરફ તેઓ ભારે ઉપેક્ષાથી જુએ છે! અહીં ગોમા અને સુખભાદર નદીનો સંગમ થાય છે. સુખભાદર નદીના પાણી માટે ઘણા વખતથી તકરાર ચાલતી હતી, એનું હમણાં સમાધાન થયું છે. અમે ગયા ત્યારે તો એના પાણી સંપૂર્ણ ઓસરી ગયા હતાં. કેવળ રેતી સિવાય બીજું કશું દેખાતું ન હતું.

અમારી સાથે એક અઢાર વર્ષની વયના યુવાન વિદ્યાર્થી ભાઈ હતા, બહુ જ ડરપોક દેખાયા. ભાઇને સમી-સાંઝથી દેહચિંતા લાગેલી પણ એકલા જઈ શકે નહિ. રાતના બાર વાગે પથારીમાં બેઠા થઈ ગયા. આંખમાં શ્રાવણ-ભાદરવો ચાલે. પૂછ્યું ત્યારે માંડ કહી શકયા! એટલે રાતે બાર વાગે આ માનવ-પૂતળાંને ઉપાડી ઠેઠ ગોમા નદી સુધી પહોંચતું કરવું પડેલું! કોઈ કવિએ પાપડ પહેલવાનને માટે ગાયું છે એમ, 'વાહ રે યુવાની! ત્હારી ઢંગથી એ ઢંગ છે' એનો પ્રત્યક્ષ અનુભવ થયો.

રાણપુરમાં વહેલી સવારે શ્રી શાંતિનાથ પ્રભુનાં દર્શન કરી સકળ સંઘ આગળ વધ્યો. આજ સુધી તો માર્ગ કેવળ સપાટ આવ્યો હતો, પણ હવે દૂરથી નાના-નાના ટેકરાઓ દૃષ્ટિગોચર થતા હતા. જાણે

ગિરિરાજે પોતાના શ્રેષ્ઠ પરિચારકોને અમારા સત્કાર માટે આગળથી જ મોકલ્યા હોય એમ લાગતું હતું ! પ્રથમ રાજપુર ગામ આવ્યું. તે પછી જમણી તરફ પરણુવી આવ્યું. પરણુવી મૂકયા બાદ દૂરથી અગાઉ ગામ દેખાવા લાગ્યું. અહીં સ્કુલમાં અમને ઉતારો અપાયો હતો. આજનું પ્રવચન 'ક્રાંતિની ઘેલછા' એ વિષય ઉપર હતું. પ્રવચન પૂર્ણ થયા બાદ અમે ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામિના મંદિરમાં પૂજા માટે ગયા. આજે ભાઈ રજનીકાંતની તબીયત જરા નરમ થઈ. જો કે ત્રણ-ચાર દિવસથી મરડો થયો હતો. દિવસમાં પાંચ-સાત કે એથીએ વધારે વખત દિશાએ જવું પડતું, પણ આજે શરીર જરા વધારે નરમ થયું. તાવ પણ હતો, એટલે બેસણું કરવા ગામમાં જવું પડયું ! સાંજે પૂ૦ મહારાજ સાહેબે 'સંઘયાત્રા' એ વિષય ઉપર સરસ પ્રવચન આપ્યું પ્રતિક્રમણ બાદ સૂઈ રહ્યા, સુતા સુતા રાજાજી અને મિત્રો સાથે ઈશ્વરવાદ ઉપર સરસ ચર્ચા ચાલી, ઘણી મઝા આવી ! રાતે દસ વાગતાં તો ઘસઘસાટ ઉંઘી ગયા !

વહેલી સવારે તો અગાઉને છેલ્લા નમન કરી અમે ચાલવા માંડયું. ત્યારે જિનાલયનો પવિત્ર ઘંટ રણકા કરી-કરીને કહેતો સંભળાયો. 'યાત્રિકો ! સિદ્ધાચલની યાત્રાએ જતાં ફરી કોઈવાર અવશ્ય પધારજો ! આપની મીઠી સ્મૃતિ હંમેશ તાજી રહેશે !

સિદ્ધાચલની પ્રાપ્તિ-ઝંખના અને સિદ્ધિ એ બધું હવે હાથ-વેંતમાં જોઈ હૃદય આનંદના મહાસાગરમાં રસ-તરબોળ બની જતું હતું !

**મને ન જરી વિસ્મૃતિ, પણ ગમે તાહરી;**
**હો, સિદ્ધગિરિ !**
**સોયની સ્હેજ અણી, ભૂમિ રાખજે માહરી;**
**હો, સિદ્ધગિરિ !**

અને સવાસો યાત્રિકોની અમારી આ ધર્મ-સેના ઉત્તુંગ ગિરિશિખરોને ભેટવા અવિરત આગળ વધી રહી. આ પૂણ્યયાત્રામાં જોડાવાની આપની ઈચ્છા થાય છે ?

[ ક્રમશઃ ]

# સુવર્ણ વાકયો.

**પરમાત્માને કરેલો નમસ્કાર સુવર્ણસિદ્ધિ કરતાંય મહાકિંમતી છે. એનાની અચિંત્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને ભયંકર આપત્તિઓ ટળે છે.**

**શુભ કાર્યના પ્રારંભે મંગલ કરવું જોઇએ. જેથી વિઘ્નો દૂર થાય. શુભ કાર્ય કરતાં જ વિઘ્નો નડે છે, માટે ત્યાં મંગળ અવશ્ય જોઇએ.**

**અશુભ કાર્ય કરતાં વિઘ્ન નડે તો સારૂં, કે જેથી અશુભ કરતાં અટકાય. પણ અશુભમાં તો વિઘ્નો ન આવીને પાપની સગવડ કરી આપે છે, એ વાત અજ્ઞાની સમજતો નથી. તેથી અશુભથી પાછા હઠવાનું તેનાથી બનતું નથી.**

**મંગલ ઇષ્ટદેવતાના સ્મરણથી-નમસ્કારથી થાય છે. એ મંગળ વિઘ્નોનો નાશ કરે તેવું કૌવતવાળું છે. જગતમાં દેવાધિદેવ અરિહંત વીતરાગ પરમાત્મા એ સર્વ શ્રેષ્ઠ ઇષ્ટદેવ છે. તેમને કરેલો એક પણ નમસ્કાર વિઘ્નોનો નાશ કરવા પુરતો છે.**

**વીતરાગ પરમાત્મા અનંત ગુણ અને જ્ઞાનના ધણી છે. એમનું ધ્યાન એ ઘણા કર્મની નિર્જરા કરાવવાના સામર્થ્યવાળું છે.**




વ્હાલા મિત્રો ! વર્ષા ચાતુર્માસનો પ્રારંભ થઇ ચૂકયો છે. સામાન્ય રીતે માનવ-જીવન જ ધર્મ, સદાચરણ કે સંસ્કારિતા માટે અતિશય કિંમતી છે. વર્ષાઋતુ એમાં ય ધર્માચરણ માટે ખાસ અનુકૂળ છે. આ ઋતુમાં ખાન-પાન વગેરેમાં ખૂબ જ સંયમી રહેવું. જે તે વસ્તુ પેટમાં નાંખવાથી આવી ઋતુમાં રોગ થવાનો સંભવ છે. બજારૂ વસ્તુઓ આડું—અવળું જે તે નહિ ખાવું તેમજ પ્રકૃતિને સાચવવી. જીભની ભૂખને મારતા શીખી લેજો !

પ્રિય દોસ્તો ! એસ. એસ. સી. ની પરીક્ષાનું પરિણામ બહાર પડેલું તમે બધાયે જોયું હશે ? આ વેળા મુંબઇ પ્રાંત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાંથી બેઠેલા બધાયે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૭૪૯૭૪ ની હતી. તેમાંથી ફક્ત ૨૯૭૦૪ પાસ થયા છે. કેવું આશા-હીન પરિણામ !

ગૂજરાત, સૌરાષ્ટ્ર અને મહાગૂજરાતના વિદ્યાર્થીઓ અભ્યાસમાં કાચા પૂરવાર થયા છે. આનું કારણ ? ગૂજરાતીઓ છેલ્લા દશકાથી મોજ-શોખ, એશ-આરામમાં પડી ગયા, તે છે. પ્યારા મિત્રો ! આ ઉપરથી બોધ લઇ, અભ્યાસમાં ખૂબ જ પરિશ્રમ લેજો !

બાલ્યવય એ ખીલતી અવસ્થા છે. આ અવસ્થામાં સ્મરણશક્તિ સતેજ હોય, ચિત્ત સ્વચ્છ હોય; તો જાગ્રત બની તમને આ વયમાં જે કાંઇ સરસ તક મળી છે, તેનો સદુપયોગ કરતા રહેજો !

સાથે-સાથે ધાર્મિક અભ્યાસ, ધાર્મિક ક્રિયાકાંડો અને શક્તિ મુજબ તપ, જપ, પૂજા, સામાયિક ઇત્યાદિ લક્ષપૂર્વક કરતા રહેજો ! માનવજીવનને સફળ બનાવનાર આ બધી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલી ધર્મારાધના છે, એ ભૂલતા નહિ.

તમારે એટલું યાદ રાખવું કે, સદ્ધર્મ કે તેની આરાધના વિના માનવભવ સફળ નથી જ.

તા. ૨૫-૭-૫૩ —સંપાદકનાં સ્નેહવંદન.

*

## 'બાલજગત'ના લેખકોનેઃ-

લેખક બંધુઓને જણાવવાનું કે, તમારા તરફથી અમારા પર ખૂબ જ થોકબંધ લખાણો આવી રહ્યા છે, તે બધાયને વ્યવસ્થિત કરીને અહિં પ્રસિદ્ધ કરવામાં અમને મહેનત રહે છે. 'કલ્યાણ'ના ૭ ફરમામાં કેટ-કેટલું વાંચન આપવામાં આવે છે, છતાં કારણસર 'બાલ-જગત' કોઇક વેળા મુલતવી રાખવો પડે, ત્યારે અમારી પાસે ઘણાં જ લખાણો અપ્રગટ પડ્યા રહે છે. માટે તમારે ઉતાવળા નહિ થવું, યથાયોગ્ય રીતે તમારા લખાણો અમે પ્રગટ કરતા રહીશું. તમારી અમારા પ્રત્યેની મમતાના અમે ઋણી છીએ. 'બાલજગત'ના વિકાસ માટેના તમારા પરિશ્રમ કે લાગણી માટે આભાર !

## સાધર્મિકની ફરજ.

એક શેઠ હતા. તે ઘણા જ ધાર્મિક હતા, ક્રિયાઓમાં તેઓ વધારે રસ લેતા હતા. તે એક દિવસ પર્વતિથિ હોવાથી ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા ગયા.

ત્યાં ઘણા પુરુષો પ્રતિક્રમણ કરવા આવ્યા હતા. તેમાં એક દુ:ખી શ્રાવક હતો. દુ:ખી એટલે પૈસે ટકે દુ:ખી. તે પણ ધર્મક્રિયા કરવા માટે ઉપાશ્રયે ગયો હતો.

તે શેઠ પોતાની પાસે હીરાનો હાર કાઢીને ઉપાશ્રયમાં બેઠા હતા, આ હાર જોઇને તે દુ:ખી શ્રાવકમાં દુર્ભાવના ઉત્પન્ન થાય છે. અને તેને ચોરી કરવાની ઇચ્છા થાય છે. તે વિચાર કરે છે કે, "જો હું હાર લઈ લઇશ તો મારૂં આ દીનપણું સદાને માટે મટી જશે તેમજ આ ધર્મી શેઠ હો હા કરશે પણ નહિં.

એણે શેઠનો હાર લઈ લીધો. અને ક્રિયા પુરી થયા બાદ તે હાર લઈને ચાલ્યો ગયો. શેઠે પ્રતિક્રમણ પુરૂં થયા બાદ જોયું કે "હાર નથી" અને તેમણે વિચાર કર્યો કે, 'આ હાર લેનાર સાધર્મિક બંધુ જ હશે અને જો હું આ બાબતમાં કંઈ પણ બોલીશ તો ધર્મની ફજેતી થશે.' તેથી તે કંઈ પણ બોલ્યા વગર ઘેર ચાલ્યા ગયા.

પેલા હાર ચોરનારે વિચાર કર્યો કે 'એ ખરો ધર્માત્મા છે. નહિતર આટલી બધી ગંભીરતા રાખી શકે જ નહિ. માટે એ શેઠને ઘેર જ હાર મૂકી આવવો અને નાણાં લઈના લઈ આવવા. આમ વિચાર કરીને તે હાર શેઠને આપ્યો અને રૂપીયા માગ્યા. શેઠે તે હાર પાછો લેવાની ના કહી અને ઉપરાંત તેને જોઈતા પૈસા આપવાનું પણ કહ્યું. પરંતુ તે માણસે હાર લેવાની ચોકખી ના પાડી.

આથી તે શેઠે તે હારને એક ડબ્બીમાં મૂકી તે ડબી ઉપર પેલા માણસનું નામ લખી, તીજોરીમાં મૂકી, તે માણસને જોઈતાં નાણાં આપ્યાં.

એમ કરતાં ચતુર્દશી આવી, શ્રાવકે કરેલા પાપની આલોચના કર્યા વિના પખ્ખી કેમ થાય ? પેલા હાર ચોરનારે ભરસભામાં ઉભા થઈને કહ્યું કે, મેં ભયંકર ગુન્હો કર્યો છે, એ વધુ બોલે એટલામાં તો શેઠે કહ્યું કે, પહેલું પ્રાયશ્ચિત મને આપો, કારણ કે મારી ફરજ હતી કે "મારા સાધર્મિકની સ્થિતિ તપાસવી. હું જ્યારે મારી ફરજ ચૂકયો [ ત્યારે આણે પાપ કર્યું ને ] જો મેં મારી ફરજ અદા કરી હોત તો આ પરિણામ ન આવત."

**સં શ્રી ચંપકલાલ હી. મહેતા.**

## 'શોધી આપો'

નીચેના વાકયોમાં મોટા તીર્થધામો તેમજ શહેરો કયાં છૂપાયા છે. તે શોધી આપો !

૧ **આ** બુલબુલ જેવું સુંદર પક્ષી કયાં રહેતું હશે ?

૨ **તં**બુરાનો સૂર તદ્દન બગડી ગયો.

૩ **મુનિરાજ** કોટ ઉપર કિલ્લો નિહાળવા ગયા.

૪ **ના**ના બાળકનો હાવભાવ નગરશેઠને પસંદ પડયો.

૫ **આમ્ર**પાલી તાણાની જેમ એકાએક વનમાં ચાલી ગયા.

૬ **રાણી** મરીઅમ દાવાદળમાં એકાએક હારી ગઈ.

**જવાબો:**-૧ આબુ. ૨ સુરત. ૩ રાજકોટ ૪ ભાવનગર. ૫ પાલીતાણા. ૬ અમદાવાદ.

## કસોટી.

૧ **કયા** તીર્થંકર પ્રભુના નામમાં કમળનું પુષ્પ છૂપાયલું છે ?

૨ **સાત** અક્ષરનું કાના માત્રા સિવાયનું શહેરનું નામ શોધી આપો ?

૩ **એવું** શું હશે કે બોલતાની સાથે જેનો ભંગ થાય ?

૪ **એવું** શું હશે કે જે હંમેશા વધે છે. છતાં જીવમાંથી ઘટે છે. ?

૫ **એવી** વસ્તુ કયી છે જે એકબીજાની પાસે છે છતાં તે એકબીજાને મળી શકતી નથી ?

૬ **આપ**નારનો હાથ નીચો કયારે હોઈ શકે ?

**જવાબો:**- ૧ પદ્મપ્રભ પ્રભુ. ૨ અહમદનગર. ૩ શાંતિ. ૪ ઉમ્મર ૫ આંખો ૬ તપકીર આપતી વખતે.

**રમણલાલ કે શાહ. ( વાપી )**

## દેશે દેશના સ્વતંત્રતાના દિવસો.

| | |
|---|---|
| ભારત | ૧૫ મી ઓગસ્ટ |
| પાકીસ્તાન | ૧૪ મી ઓગસ્ટ |
| ગ્રીસ | ૨૫ મી માર્ચ |
| નોર્વે | ૧૭ મી મે |
| અમેરિકા | ૪ થી જુલાઈ |
| ફ્રાન્સ | ૧૪ મી જુલાઇ |
| બેલ્જીયમ | ૨૧ મી જુલાઈ |
| ચીન | ૧૦ મી ઓકટોબર |
| તુર્કસ્તાન | ૧ લી નવેમ્બર |
| રશીયા | ૬ ઠ્ઠી નવેમ્બર |
| ઓસ્ટ્રેલીયા | ૧૨ મી નવેમ્બર |

**શ્રી જયંતિલાલ પી. શાહ**

## સબરસ

**મી**ઠું ભલે ખારૂં હોય, પણ હું તો તેને મીઠું કહીશ !

**ત**મે કહેશો કે મીઠામાં તો ખારાશનો ગુણ ભર્યો છે ને ?

**ના**, હું તો કહીશ કે તેનામાં મીઠાશનો જ ગુણ ભર્યો છે.

કદી મીઠા વગરની રસોઇનો અનુભવ કરી જોયો છે ?

**તો** મીઠા વગરની રસોઇનો અનુભવ તો કરી જોજો !

**એ**જ રીતે દાન, શીલ, કે તપ, ભાવ વિના નિષ્ફળ છે, સ્વાદ વિનાના છે. માટે ભાવધર્મ એ ખરેખર સબરસ છે.

**શ્રી હર્ષદકુમાર કાંતિલાલ શાહ.**
ભાવનગર.

## શોધી કાઢો અને જમવા માંડો.

**એ** કાગળના વેપારીઓમાંથી એકે રીમ કાગળ ખરીધા.

**બ**ગીચામાં બેન્ડ વાજાં બુધવારે સાંજે બજાવવામાં આવશે.

**શ્રી**કાન્તે ખૂબ દામ ખર્ચ્યા છતાં પણ જયસુખ બચી શકયો નહિ.

**કા**શી ખંડમાં બેસીને 'કલ્યાણ' વાંચે છે.

**કા**કા જુગલને રમવા માટે એક નાની મોટર-ગાડી લાવ્યા.

**ઘ**ણા સમય પહેલા થઈ ગયેલા શ્રી રામ એક આદર્શ અને સંત રાજવી હતા.

**સુ**રેશે તેની બાને કહ્યું કે બાબો રવેશમાં રમે છે.

**ઘ**રના દરવાજા પાસે આંખ મીંચી કુતરૂ સુતું છે.

**અ**મારી બાજુમાં રહેતા લવજીના દાદા ડમરૂ વગાડે છે.

**વ**નમાં ચરી રહેલા ડુક્કરો સિંહનો અવાજ સાંભળી નાસી ગયા.

ઉપરના વાકયોમાં છૂપાયેલાં નામોઃ-

૧ કેરી. ૨ જાંબુ. ૩ બદામ. ૪ શીખંડ ૫ કાજુ ૬ સંતરા. ૭ બોર. ૮ ચીકુ ૯ દાડમ. ૧૦ લાડુ.

**સલોત ચીમનલાલ અમૃતલાલ**

## તમે જાણો છો ?

### દેશ-દેશના રાષ્ટ્રગીતો.

૧ ભારતઃ-જન મન ગન અધિનાયક જય હો.
૨ ઇગ્લેંડઃ-ગોડ, સેવ ધી કીંગ (પ્રભુ રાજાને બચાવો)
૩ મિસરઃ-ખે દીવ સ્તોત્ર.
૪ જર્મનીઃ-લાઈડ ડર ડેન્ટસ્ચેન.
૫ ફ્રાન્સઃ-લ માર્ઝેયાસ.
૬ યુનાઇટેડ સ્ટેટઃ-માય કન્ટ્રી ઈટ ઈઝ ઓફ ધી.
૭ સ્વીઝરલેન્ડઃ-રૂફસ્ટ દુ મેઈન વેટરલેન્ડ.
૮ સોવિયેટ રશિયાઃ-ધી ઈન્ટર નેશનલ.
૯ ચીનઃ-કુઓ મીન્ટાંગનું ગીત.
૧૦ જાપાનઃ-કીમીયાગો.
૧૧ ઝેકોસ્લોવિયાઃ-કદે દોમોર મુજ (કયાં છે મારી મા ભોમ)

૧૨ અલ્ગેરિયાઃ-શૂમા મારિબા.

૧૩ બેલ્જીયમઃ-લાબ્રેબાકા.

૧૪ હોલેન્ડઃ-વેયેન નાયર લેન્શય.

૧૫ ડેન્માર્કઃ-કોમ્ગ ક્રિસ્ચિયન સ્ટોડ વેડ હો જન માસ્ટ.

૧૬ સ્વીડરઃ-દર સ્વેન્સ્ક નિજરતાન્સ.

૧૭ કેનેડાઃ-ધી ચેપલ લીફ ફોર એવર.

૧૮ હંગરીઃ-આઈ શેમ આલ્ડ મેગ એ માગ્યાર્ટ.

૧૯ નોર્વેઃ-જિ વિ એલ્સેકર દેત્તે લાન્દેત.

(અમે આ દેશને ચાહીએ છીએ.)

| ભાષા. | બોલનારની સંખ્યા. | ભાષા. | બોલનારની સંખ્યા |
|---|---|---|---|
| હિન્દી | ૭૯૦ લાખ | સિંધી | ૪૦ લાખ |
| બંગાળી | ૫૪૦ ,, | આસામી | ૨૦ ,, |
| મરાઠી | ૨૧૦ ,, | કાશ્મીરી | ૧૫ ,, |
| પંજાબી | ૧૬૦ ,, | તેલૂગુ | ૨૬૦ ,, |
| રાજસ્થાની | ૧૪૦ ,, | તામિલ | ૨૦૦ ,, |
| ઉડીયા | ૧૧૦ ,, | કાવડી | ૧૨૦ ,, |
| ગુજરાતી | ૧૧૦ ,, | મલયાલમ | ૧૧૦ ,, |

સં૦ **શ્રી પાર્શ્વ.** ૩. વ. ૧૫

## અસત્ય.

હરેક વસ્તુને બે બાજુ હોય છે. કોઈ પણ વસ્તુ એવી નથી કે જેને વસ્તુની અપેક્ષા નથી. એક વસ્તુને લીધે બીજાનું અસ્તિત્વ છે એટલે એક વસ્તુને લીધે બીજાની કિંમત છે. અંધકાર છે, તેથી જ પ્રકાશની કિંમત છે.

અનીતિને લીધે નીતિ, બૂરાઇને લીધે ભલાઇ, મૃત્યુને જીવનની અને અસત્યને લીધે સત્યની કિંમત છે. એક વસ્તુ એક મનુષ્યની દૃષ્ટિએ સત્ય હોય તો તે બીજા મનુષ્યની દૃષ્ટિએ અસત્ય ભાસે છે. બાળપણ એ બાળકને તે વખતે જેટલું સત્યમય લાગે છે, રમકડાં જેટલાં પ્રિય લાગે છે તેટલાં જ્યારે તે બાળપણ વટાવે છે, ત્યારે બાળપણ અને રમકડાં તેને માટે અપ્રિય તેમ અસત્ય ઠરે છે.

બાલથી માંડીને વૃદ્ધ, રંકથી રાય, મજુરોથી માંડીને મૂડીદાર સૌ કોઇ અસત્યના રથમાં બેસે છે. અસત્ય એક જ માર્ગ ન્યારો કહેવાય છે કે સત્ય, પ્રિય અને હિતકર વચન બોલવું પણ પ્રિય વચન ન હોય તેને પ્રિય બનાવવા અસત્યનો આશરો લેવો પડે છે. હિતકર વચન ન હોય તો સાંભળનારને મીઠું લાગે. સત્ય વચન તો અપ્રિય.

અસત્યને લીધે જ વકીલો, જજો, વેપારીઓ વગેરે આ જગતમાં ફાવ્યા છે, અને પોતાનો ધંધો ધીકતો ચલાવે છે. વેપાર રોજગાર તો અસત્યને જ આભારી છે ને? દુનિયા અસત્યથી અને અપ્રમાણિકતાથી ચાલતી ન હોય તો તાળાકૂંચીનો ઉપયોગ નાશ પામત અને દુકાનોમાં તેમજ ગૃહોમાં તાળાં તેમજ તીજોરીઓની બીલકુલ જરૂર જ ન પડત.

અસત્ય શરૂઆતમાં મીઠું લાગે છે. સુખદાયક લાગે છે, તેનાથી અનેક લાભ થાય છે. માન, કીર્તિ અને ધન પણ વધે છે, છતાં અસત્યથી મેળવેલી વસ્તુ ઝેરરૂપ બને છે-લાગે છે, માટી સમાન લાગે છે. અને લાંબે ગાળે પસ્તાવું પણ પડે છે, અસત્ય ક્ષણિક સુખ આપે છે. જ્યારે સત્ય અંતરાત્માને સુખ આપે છે.

અસત્યના પૂજારીને છેવટે સત્ય તરફ વળ્યાં વગર છૂટકો જ નથી. ઝેર ભેળવેલી મિઠાઈ શરૂઆતમાં મીઠી લાગે છે, પણ પાછળથી મનુષ્યનો જીવ લે છે. તેવી રીતે અસત્ય શરૂઆતમાં સુખ આપે છે. પણ પાછળથી તેજ અસત્યનું આચરણ કરવાથી દુઃખના ખાડામાં પડવું પડે છે. અસત્ય પાછળ હૃદયનો ખરો પશ્ચાતાપ એજ સત્ય તરફ જવાનો સાચો રસ્તો છે.

**શ્રી ધીરજલાલ ગિરધરલાલ શાહ.**
**સાણંદ.**

## જાણવા જેવું.

જગતમાં સૌથી ઉંચું શિખર એવરેસ્ટનું છે.

,, ,, મોટું પ્લેટફોર્મ (સ્ટેશન) સોનાપુરનું છે. (ભારતમાં)

,, શ્રેષ્ઠ પહેલવાન ગામા છે.

,, સૌથી મોટો દરવાજો બુલંદ દરવાજો છે. (ફતેહપુર સિક્રિ આગ્રાની પાસે)

,, લાંબામાં લાંબી પરશાળ દક્ષિણ ભારતમાં રામેશ્વર મંદિરની છે, એની લંબાઈ ૪૦૦૦ ફૂટ છે.

,, મોટામાં મોટો ઘુમટ બીજાપુરનો છે.

,, સૌથી ઉંચી પ્રતિમા મ્હૈસુર રાજ્યમાં શ્રવણબેલા ગામમાં બાહુબલીની ૫૭ ફીટની છે.

ભાકરાબંધ જ્યારે સંપૂર્ણ બંધાશે ત્યારે દુનિયામાં ઉંચામાં ઉંચો થશે, ૬૮૦ ફૂટ ઉંચાઈ, ૧૭૦૦ ફૂટ લંબાઈ હશે.

પંજાબ પ્રાંતમાં અંબાલા જીલ્લામાં બરનાળા ગામમાં ૩૪ ફૂટ ઘેરાવાવાળું દર વર્ષે લગભગ ૪૦ થી ૫૦ હજાર મણ જેટલી કેરી આપતું આંબાનું ઝાડ આખા જગતમાં મોટું છે.

ગ્વાલીઅરની કચેરીમાં મોટામાં મોટી શેતરંજી છે.

ઉંચામાં ઉંચી લોઢાની ૧૦૫ ફીટની ટાંકી કલકત્તામાં છે.

ભારતના ઉદ્યોગો એશિયામાં બીજે નંબરે છે.

ભારતીય રેલ્વે દુનિયામાં ચોથે નંબરે છે, અને એશિયામાં પહેલે નંબરે છે.

એશિયા અને બ્રિટીશ કોમનવેલ્થ દેશોમાં તાતા કંપનીનું (જમશેદપુર) લોખંડનું કારખાનું મોટું છે.

દર ૩૬૫ માણસોએ એક માણસ રેલ્વેમાં કામ કરે છે.

ભારતમાં એક નાગરિક દીઠ દર વર્ષે સરેરાશ ૧૬ વાર કાપડ આવે છે.

હિન્દના દર ૧૫૦૦ માણસોએ એક રેડીયો છે.

ભારતના લોકોને વાર્ષિક સરેરાશ ૧૨૧ રતલ દૂધ મળે છે.

આજે હિન્દમાં ૭૦૦૦ માણસોએ ૧ ડૉક્ટર છે, ૬૦૦૦૦ માણસોએ એક દાઇ છે, અને દર ૪૩૦૦૦ ની વસ્તીએ એક પરિચારિકા છે.

ભારતમાં સૌથી વધુ પગારદાર બાંધકામ ખાતાના સલાહકાર અમેરીકન મી. સ્લોકોનને ૧૧૦૦૦ રૂપીઆ માસીક પગાર મળે છે.

દુનિયાની અબરખની પેદાશમાંથી ૮૦ ટકા ભારતમાં થાય છે.

મેંગેનીઝના ઉત્પાદનમાં ભારતનું સ્થાન બીજું છે.

દુનિયાના દરેક દેશો કરતાં લાખની ઉત્પત્તિ ભારતમાં વધુ થાય છે.

તમાકુના ઉત્પાદનમાં ભારતનું સ્થાન બીજું છે.

દુનિયાની મગફળીનો અર્ધો પાક ભારતમાં થાય છે.

શેરડીનું વાવેતર ભારતમાં આખી દુનિયા કરતાં વધુ થાય છે.

દુનિયાના દરેક દેશો કરતાં ભારત સૌથી વધારે ખાંડ ઉત્પન્ન કરે છે.

જગતના કપાસના ઉત્પાદનમાં ભારતનું સ્થાન બીજું છે.

સં૦ **શાહ કિશોરચંદ્ર અમુલખ**
કોલકીવાળા.

## હું ચાર અક્ષરનો શબ્દ છું.

મારો પહેલો અને બીજો અક્ષર મળવાથી મહારાજ થાય છે.

મારો પહેલો અને ચોથો અક્ષર મળવાથી મારી થાય છે.

મારો બીજો અને ત્રીજો અક્ષર મળવાથી છોકરીનું નામ થાય છે.

મારો ત્રીજો અને ચોથો અક્ષર મળવાથી રાજા થાય છે.

મારો ચોથો અને ત્રીજો અક્ષર મળવાથી વૃદ્ધાવસ્થા થાય છે.

કહો હું કોણ છું? જવાબઃ–મુનિરાજ

**મણીયાર જવાહર ગીરધરલાલ**

# : પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોનાં ચાતુર્માસિક સ્થળો :

**અમદાવાદ.**

પૂ. આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે, જૈન વિદ્યાશાળા ડોશીવાડાની પોળ.

પૂ. આચાર્ય શ્રી મનોહરસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. હાજા પટેલની પોળ, પગથીયાનો ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. પાંજરાપોળ, જૈન ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. નાગજી ભુદરની પોળ, જૈન ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. શામળાની પોળ જૈન ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. શાહપુર મંગળ પારેખનો ખાંચો.

પૂ. આચાર્ય શ્રી વિજયન્યાયસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. સરસપુર જૈન ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ ઠે. લુહારની પોળ જૈન ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ આદિ **રામનગર** (સાબરમતી)

પૂ. પંન્યાસ શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિ જ્ઞાનમંદિર કાળુપુરરોડ.

પૂ. મુનિરાજ શ્રી મંગળવિજયજી મહારાજ આદિ ઠે, કાળુશીની પોળ જૈન ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મ. રામનગર સાબરમતી.

પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજ ઠે. સારંગપુરતળીયાની પોળ જૈન ઉપાશ્રય.

પૂ. પંન્યાસ શ્રી દાનવિજયજી મહારાજ ઠે. ભઠ્ઠીની બારી, વીરનો ઉપાશ્રય.

પૂ. પંન્યાસ શ્રી શાંતિવિજયજી મહારાજ આદિ ઠે. દોશીવાડાની પોળ, ડહેલાનો ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી ભન્દ્રેન્દ્રસાગરજી મહારાજ ઠે. આંબલીપોળ જૈન ઉપાશ્રય, ઝવેરીવાડ.

પૂ. પંન્યાસ શ્રી મનોહરવિજયજી મહારાજ ઠે. ફીકાભટની પોળ.

પૂ. આચાર્ય શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજ **અઠીઆ** (પાટણ)

પૂ. મુનિરાજ શ્રી વર્ધમાનસાગરજી મ. **અજીમગંજ**

પૂ. મુનિરાજ શ્રી વર્ધમાનસાગરજી મહારાજ **અજીમગંજ**

પૂ. પંન્યાસ શ્રી સંપતવિજયજી મહારાજ **આકોલા**

પૂ. પંન્યાસ શ્રી દીપવિજયજી મહારાજ **આધોઈ.**

પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મ. **ઇસ્લામપુર.**

પૂ. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મ. **ઇન્દોર**

પૂ. પંન્યાસ શ્રી કૈલાસસાગરજી મ. **ઉંઝા**

પૂ. મુનિરાજ શ્રી જશવિજયજી મ. **ઉમેટા**

પૂ. મુનિરાજ શ્રી સુભદ્રવિજયજી મ. **ઉમતા**

પૂ. મુનિરાજ શ્રી કાંતિસાગરજી મ. **ઉદયપુર**

પૂ. પંન્યાસ શ્રી વિદ્યાવિજયજી મ. **ઉનાવા**

પૂ. પંન્યાસ શ્રી રવિવિમલજી મ. **કલોલ**

પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ૯૬, કેનીંગ સ્ટ્રીટ જૈન ઉપાશ્રય **કલકત્તા**

પૂ. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મ. **કલકત્તા**

પૂ. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ ઠે. અપર ચિત્તપુરરોડ **કલકત્તા**

પૂ. મુનિરાજ શ્રી શશીપ્રભવિજયજી મ. **કાલંદ્રી**

પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મ. ઠે. પંચના ઉપાશ્રયે **કપડવણજ**

પૂ. મુનિરાજ શ્રી દયામુનિ મહારાજ **કરચેલીયા**

પૂ. મુનિરાજ શ્રી લબ્ધિસાગરજી મહારાજ ઠે, મીઠાભાઈ ગુલાબચંદના ઉપાશ્રયે **કપડવણજ**

પૂ. મુનિરાજ શ્રી લલીતવિજયજી મ. **કોલ્હાપુર**

પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ આદિ **કોશીલાવ** ( મારવાડ )

પૂ. મુનિરાજ શ્રી કમલવિજયજી મ. **કોળીયાક**

**ખંભાત**

પૂ. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે, જૈનશાળા ટેકરી

પૂ. પંન્યાસ શ્રી તીર્થવિજયજી મહારાજ આદિ ઓશવાલનો જૈન ઉપાશ્રય

પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ ઠે, શેઠ મુલચંદ બુલાખીદાસ જૈન ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી ભક્તિચંદ્રજી મહારાજ પાયચંદ-ગચ્છનો ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ આદિ **ખેડા** (ગૂજરાત.)

પૂ. પંન્યાસ શ્રી માણેકવિજયજી મ. **ખેરાળુ**

પૂ. પંન્યાસ શ્રી સુમતિવિજયજી મહારાજ **ગારીઆધાર**

પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદસાગરજી મ. **ગોધરા**

પૂ. મુનિરાજ શ્રી શુભંકરવિજયજી મ. **ઘાણેરાવ**

પૂ. મુનિરાજ શ્રી લલીતવિજયજી મ. **ઘોઘા**

પૂ. મુનિરાજ શ્રી રાજવિજયજી મ. **ચલોડા**

પૂ. મુનિરાજ શ્રી લાવણ્યવિજયજી મહારાજ **ચાલીશગામ**

પૂ. આચાર્ય શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ જૈન ઉપાશ્રય. **જેતપુર**

પૂ. આચાર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ આદિ **જાવાલ** (મારવાડ)

પૂ. આચાર્ય શ્રી હિમાચલસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા.

**જામનગર**

પૂ. મુનિરાજ શ્રી સુદર્શનવિજયજી મહારાજ ઠે. શાંતિભુવન જૈન ઉપાશ્રય. **જામનગર (સૌરાષ્ટ્ર)**

પૂ. મુનિરાજ શ્રી વિજ્ઞાનવિજયજી મહારાજ ઠે. ઉપરકોટ ધર્મશાળા **જુનાગઢ**

પૂ. મુનિ. શ્રી લલીતવિજયજી મ. **જામ-કંડોરણા**

પૂ. મુનિ. શ્રી પ્રદ્યોતનવિજયજી મ. **જુનાડીસા**

પૂ. મુનિ, શ્રી પુણ્યોદયવિજયજી મ. **ઝીંઝુવાડા**

**ડભોઇ.**

પૂ. મુનિ. શ્રી ચિદાનંદવિજયજી મહારાજ આદિ ઠે. સાગરનો જૈન ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ઠે. શ્રીમાળીવગો જૈન ઉપાશ્રય.

પૂ. આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરિજી મ. **ડીસા**

પૂ. મુનિ. શ્રી મહેન્દ્રવિજયજી મ, **ડીસા-રાજપુર**

પૂ. આચાર્ય શ્રી વિજયહર્ષસૂરિજી મહારાજ **તખતગઢ** (મારવાડ)

પૂ. પંન્યાસ શ્રી અશોકવિજયજી મહારાજ **થરા**

પૂ. મુ. શ્રી જયંતવિજયજી મ. **દહેગામ**

પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણાનંદવિજયજી મહારાજ ઠે. જૈન ઉપાશ્રય **દાદર**

પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ. **દાવણગિરિ**

પૂ, આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી મ. માલીવાડા **દિલ્હી**

પૂ. પંન્યાસ શ્રી હીરમુનિ મ. આદિ **દુજાણા** (મારવાડ)

પૂ. પંન્યાસ શ્રી રમણીકવિજયજી મ. **દેવગાણા**

પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. **ધ્રાંગધ્રા**

પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મ. **ધાનેરા**

પૂ. મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. **ધોલેરા**

પૂ. પંન્યાસ શ્રી માનવિજયજી મ. **નવસારી**

પૂ. મુ, શ્રી ભાવવિજયજી મ. **નડીયાદ**

પૂ. મુ. શ્રી મલયવિજયજી મ. **નંદરબાર**

પૂ. આ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. આદિ **નાગોર** (મારવાડ)

પૂ. મુ. શ્રી મહાભદ્રવિજયજી મ. **નાસિક**

પૂ. મુનિરાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી તત્ત્વવિજયજી મ. **નેલોર** (મદ્રાસ.)

પૂ. પંન્યાસ શ્રી હીરમુનિ મ. **પાદરલી**

**પાલીતાણા.**

પૂ. આચાર્ય શ્રી હિંમતવિમલસૂરિજી મહારાજ આદિ ઠે. કોટાવાળાની ધર્મશાળા.

પૂ. આચાર્ય શ્રી વિજયઉમંગસૂરિજી મહા. આદિ સાહિત્યમંદિર.

ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહા. આદિ મોતીકડીઆની ધર્મશાળા

પંન્યાસ શ્રી સુંદરવિજયજી મહા. આદિ ઠે. આરીસાભુવન.

પંન્યાસ શ્રી ભક્તિવિજયજી મહારાજ આદિ ઠે, આરીસાભુવન

પંન્યાસ શ્રી મંગળવિજયજી મહા. આદિ ઠે. ઉજમફઇની ધર્મશાળા.

પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી મહારાજ આદિ ઠે કંકુબાઈની ધર્મશાળા

મુનિ. શ્રી મણીવિજયજી મહા. આદિ ઠે. અમરચંદ જસરાજની ધર્મશાળા.

મુનિ. શ્રી જશવિજયજી મ. ઘોઘાવાળી ધર્મશાળા.

મુનિ. શ્રી બાલચંદ્રજી મહા. ઠે. રણશી દેવરાજની ધર્મશાળા.

મુનિ. શ્રી દુર્લભવિજયજી મહા. આદિ ઠે. જશકુંવરની ધર્મશાળા.

મુનિ. શ્રી રવિવિજયજી મહારાજ આદિ **પાંચોરા** (ખાનદેશ)

**પાટણ** (ઊ. ગૂ.)

પૂ. આચાર્ય શ્રી વિજયકલ્યાણસૂરીશ્વરજી મ. ઠે. સાગરગચ્છનો જૈન ઉપાશ્રય.

મુનિ. શ્રી માનતુંગવિજયજી મ. ઠે. નગીનભાઈ હોલ.

પંન્યાસ શ્રી રામવિજયજી મ. ઠે. શાલીવાડા

મુ. શ્રી ક્ષમાનંદવિજયજી મ. ઠે. ખેતરવસીની પોળ

પૂ. મુનિ. શ્રી સુબોધવિજયજી મ. **પ્રભાસપાટણ**

મુનિ. શ્રી પુર્ણાનંદવિજયજી મ. **પ્રતાપગઢ**

મુનિ. શ્રી માનતુંગવિજયજી મ. **પ્રાંતીજ**

પૂ. આચાર્ય શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિ **પુનાસીટી**

પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી મહારાજ આદિ **પુનાસીટી**

મુનિરાજ શ્રી જયંતવિજયજી મહા. **પુના લશ્કર**

મુનિરાજ શ્રી ગુણભદ્રવિજયજી મહારાજ આદિ **પોરબંદર**

મુનિરાજ શ્રી પુર્ણાનંદવિજયજી મહારાજ **બડોદા** (મ. ભારત)

મુનિરાજ શ્રી કેવળવિજયજી મહારાજ **બલારી**

પંન્યાસ શ્રી કૈવલ્યવિજયજી મ. **બાલાપુર**

મુનિરાજ શ્રી પ્રકાશવિજયજી મહારાજ **બાવળા**

મુનિરાજ શ્રી પુષ્પવિજયજી મહારાજ **બાડમેર**

આચાર્ય શ્રી રંગવિમલસૂરીશ્વરજી મહારાજ **બામણવા** (વડનગર)

મુનિ. શ્રી સુલોચનવિજયજી મ. **બાલઘાટ**

પૂ. આચાર્ય શ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મ. **બારડોલી**

મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ **બિહારશરીફ** (પટના)

મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ. **બિદડા**

ઉપાધ્યાયજી કવીન્દ્રસાગરજી મહારાજ **બિલાડા** (મારવાડ)

પંન્યાસ શ્રી શીવાનંદવિજયજી ગણી આદિ **બીજોવા** (મારવાડ)

પંન્યાસ શ્રી જિતવિજયજી મ. **બોરસદ**

પંન્યાસ શ્રી તિલકવિજયજી મ. **બોટાદ**

**ભાવનગર.**

પંન્યાસ શ્રી અવદાતવિજયજી મહારાજ આદિ ઠે. મારવાડી વંડો.

મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ કૃષ્ણનગર સોસાયટી.

મુનિરાજ શ્રી હેમવિજયજી મહારાજ

મુનિરાજ શ્રી જયપ્રભવિજયજી મ. તથા મુનિરાજ, શ્રી કીર્તિવિજયજી મ. **ભાગલપુર** (પટણા)

મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી મ. **ભાલક**

મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. **ભુજ** (કચ્છ)

આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહા. આદિ ૪૧૦, શાહુકાર પેંઠ **મદ્રાસ**

પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજ **મ્હેસાણા** (ઉ. ગૂ.)

પૂ. આચાર્ય શ્રી જિનરત્નસૂરિજી મહારાજ **માંડવી** (કચ્છ)

મુનિરાજ શ્રી નરરત્નવિજયજી મહારાજ **માણેકપુર**

મુનિ. શ્રી હરખસાગરજી મ. **માણસા**

પંન્યાસ શ્રી માનસાગરજી મ. **મીયાગામ**

મુનિરાજ શ્રી જયવિજયજી મ. **મુરબાડ**

પૂ. આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ **મુન્દ્રા** (કચ્છ)

મુનિરાજ શ્રી ત્રિલોકવિજયજી મહા. **મુળી**

**મુંબઇ.**

પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. શ્રી કરમચંદ હોલ, અંધેરી.

પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. ભાયખાલા જૈન દહેરાસર.

પૂ. આચાર્ય શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ લાલવાડી જૈન ઉપાશ્રય.

પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ આદિ ઠે, લાલબાગ જૈન ઉપાશ્રય. ભૂલેશ્વર.

પંન્યાસ શ્રી રામવિજયજી મ. સેન્ડહર્સ્ટરોડ.

પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી મહારાજ ભીંડીબજાર, નેમીનાથ જૈન ઉપાશ્રય.

પંન્યાસ શ્રી દક્ષવિજયજી મ. શાંતાક્રુઝ.

મુનિ. શ્રી ધર્મસાગરજી ગણી. પાયધુની, આદીશ્વરજીની ધર્મશાળા.

મુનિ. શ્રી ભાનુવિજયજી મ. આદિ ઠે. ઘેલાભાઈ કરમચંદ સેનેટેરીયમ વીલેપારલે.

મુનિ. શ્રી ગુણાનંદવિજયજી મ. મલાડ.

મુનિ. શ્રી પદ્મવિજયજી મ. આદિ ઠ. એસલેન શ્રી આત્મકમલલબ્ધિસૂરિજી જ્ઞાનમંદિર, દાદર.

મુનિ. શ્રી ગુલાબમુનિ મ. આદિ ઠે. પાયધુની, મહાવીરસ્વામી જૈન દહેરાસર.

પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ. **રેવલા**

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ. **રતલામ**

પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. **રહિમતપુર**

પૂ. ઉપાધ્યાયજી ધર્મવિજયજી મ, **રાધનપુર**

પૂ. આચાર્ય શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ **રાસંગપુર** (જામનગર)

પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મ. **રાજકોટ**

પૂ. મુનિરાજ શ્રી લાભચંદ્રજી મહારાજ **રુણ** (મારવાડ)

મુનિ. શ્રી ભુવનવિજયજી મ. **રાણીબેન્નુર** (ધારવાડ)

પૂ. પંન્યાસ શ્રી કાંતિવિજયજી મ. તથા પૂ. મુ. મુક્તિવિજયજી મહારાજ આદિ **લીંબડી** (સૌરાષ્ટ્ર)

પૂ. મુનિરાજ શ્રી વિનયવિજયજી મ. **લખતર**

પૂ. મુનિરાજ શ્રી સૌભાગ્યસાગરજી મ. **લુણાવાડા**

મુનિ. શ્રી ગજેન્દ્રવિજયજી મ. **લુણાવા**

મુનિ. શ્રી પદ્મવિજયજી મ. **વડાલી** (ઇડર)

મુનિરાજ શ્રી રૈવતસાગરજી મ. **વઢવાણસીટી**

મુનિરાજ શ્રી શાંતિવિજયજી મ. **વઢવાણસીટી**

મુનિ. શ્રી હેમેન્દ્રવિજયજી મહારાજ **વ્યારા**

મુનિ. શ્રી હેમંતવિજયજી મ. **વાપી**

પૂ. મુનિરાજ શ્રી ઇન્દ્રસાગરજી મ. **વિજાપુર**

પૂ ઉપાધ્યાયજી દેવેન્દ્રસાગરજી મહારાજ **વીશનગર** (ઉ-ગૂ)

પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મ. **વલ્લભીપુર**

પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિ **વલસાડ**

પૂ. આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરિજી મ. ઠે. જાનીશેરી. જૈન ઉપાશ્રય. **વડોદરા**

પંન્યાસ શ્રી મેરૂવિજયજી ગણિ તથા પંન્યાસ શ્રી દેવવિજયજી ગણિ આદિ **વાંકલી** (મારવાડ)

પૂ. મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મ. **વાંકાનેર**

મુનિરાજ શ્રી દર્શનસાગરજી મ. **વિરમગામ**

મુનિ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ, **વેરાવળ**

પૂ. આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ **શીનાર**(મીયાગામ)

પૂ. આચાર્ય શ્રી વિજયયતીન્દ્રસૂરીશ્વરજી મહારાજ **શીયાણા** (મારવાડ)

મુ, શ્રી રૂપવિજયજી મ. **સાંડેરાવ** (મારવાડ)

પૂ. આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ: આદિ **સાદડી** (મારવાડ)

પૂ.આ.શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. **સાણંદ**

મુનિ, શ્રી નંદનવિજય મહારાજ **સાણંદ**

મુનિ. શ્રી પરમપ્રભવિજયજી મ. **સિહોર** (સૌરાષ્ટ્ર)

પૂ. આચાર્ય શ્રી વિજયરામસૂરિજી મ. **શીરોહી**

પંન્યાસ શ્રી નવીનવિજયજી મહારાજ **સિકંદરાબાદ** (નિઝામ)

મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મ. **સરીયદ**

પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર ઠે. જૈન ઉપાશ્રય **સાવરકુંડલા** (સૌરાષ્ટ્ર)

પૂ. પંન્યાસ શ્રી ચરણવિજયજી ગણિ **સિદ્ધપુર**

પૂ. આચાર્ય શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજ **સાલડી** (મહેસાણા)

**સુરત.**

પૂ. આચાર્ય શ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. છાપરીઆશેરી, જૈન ઉપાશ્રય

પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે, હરિપુરા. જૈન ઉપાશ્રય

પૂ. આચાર્ય શ્રી વિજયપ્રીતિચંદ્રસૂરીશ્વરજી મ. આદિ સગરામપુરા.

પંન્યાસ શ્રી પ્રીયંકરવિજયજી મહારાજ ઠે, નેમુભાઇની વાડી, ગોપીપુરા.

પંન્યાસ શ્રી વિકાસવિજયજી મ. ઠે. વડાચૌટા.

મુનિરાજ શ્રી લલીતાંગવિજયજી મહારાજ આદિ ઠે. શેઠ રૂપચંદ લલ્લુભાઈની ધર્મશાળા.

મુનિ. શ્રી ચંદ્રકાંતસાગરજી મ. તથા મુનિ. શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. જૈન ઉપાશ્રય. **સુરેન્દ્રનગર**

મુનિ. શ્રી પ્રમોદવિજયજી મ. **સોજતસીટી** (મારવાડ)

પૂ, આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ આદિ ઠે. જૈન ઉપાશ્રય. **હિંગણઘાટ**

મુનિ, શ્રી પ્રેમવિજયજી મ. **હિંમતનગર**

**પાછળથી પ્રાપ્ત થયેલાં.**

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મ. **ધ્રાંગધ્રા**

પંન્યાસ શ્રી મહેન્દ્રવિમલજી ગણિ આદિ દેવસાનો પાડો. **અમદાવાદ**

પંન્યાસ શ્રી રવિવિમલજી ગણિ આદિ મહાજન વાડો. **અમદાવાદ**

પૂ. પ્રવર્તક શ્રી પુણ્યવિજયજી મ. આદિ ઠે. લુણસાવાડો કસ્તુરભાઈ બીલ્ડીંગ. **અમદાવાદ**

મુનિરાજ શ્રી નયવિજયજી મ. **જેસર**

મુનિ. શ્રી દેવવિમલજી મ. **વિજાપુર**

મુ. શ્રી ચંદનસાગરજી મ. **જુનાગઢ**

ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિ મ. **વિજાપુર**

મુ. શ્રી વિશાળવિજયજી મ. ઠે. ખુશાલભુવન એલીસબ્રીજ. **અમદાવાદ**

મુ. શ્રી કનકવિજયજી મ. ઠે. શાંતિનગર, વાડજ. **અમદાવાદ**

મુ. શ્રી દર્શનવિજયજી મ. **શીવગંજ**

મુ. શ્રી કાંતિવિજયજી ઉજમફઇની ધર્મશાળા **અમદાવાદ**

મુ. શ્રી દોલતસાગરજી મહારાજ **વડનગર**

મુ. શ્રી મહાપ્રભસાગરજી મહારાજ **સુજાલપુર**

મુ. શ્રી વસંતસાગરજી મહારાજ **બોધાન**

મુ. શ્રી ગૌતમસાગરજી મહારાજ **ધુલીઆ**

મુ. શ્રી ગુણસાગરજી મહારાજ **મુધોળ**

પં. શ્રી મહોદયસાગરજી મહારાજ **પાલનપુર**

## હિંદભરના જૈનોનું ઐતિહાસિક યાત્રાધામ શ્રી ચંદ્રપ્રભાસપાટણ

# અમારી નમ્ર વિનંતિ.

સૌરાષ્ટ્રના પશ્ચિમ દક્ષિણ કિનારે હિંદભરના જૈનોનું ઐતિહાસિક યાત્રાધામ શ્રી ચંદ્રપ્રભાસ તીર્થ આવેલું છે. આ સુપ્રસિદ્ધ મહાતીર્થની સ્થાપના આ અવસર્પિણીકાળના પ્રથમતીર્થંકર શ્રી ઋષભદેવસ્વામીના શાસનમાં થઇ છે. ત્યારબાદ ઠેઠ ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં શાસન સુધી આ મહાતીર્થનો મહિમા ઉત્તરોત્તર વધતો જ આવ્યો છે.

આ તીર્થના તીર્થાધિરાજ શ્રી ચંદ્રપ્રભસ્વામીનો ઉપકાર આ ભૂમિ પર વિશેષ રીતે છે. તેઓ છદ્મસ્થ અવસ્થામાં અહિં સમુદ્રકિનારે કાયોત્સર્ગધ્યાને રહ્યા હતા તેઓનું સમવસરણ પણ અહિં રચાયું હતું. આ તીર્થભૂમિ પર શ્રી ચંદ્રપ્રભસ્વામીના રત્નમય જિનબિંબો પૂર્વકાલમાં અહિં ભરાયાં હતાં.

વર્તમાનમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીના ૩।। ફુટના ભવ્ય, પ્રસન્ન, મધુર, રમણીય પ્રતિમાજી, વલ્લભીભંગના સમયે આકાશમાર્ગે અધિષ્ઠાયકની ભક્તિથી પ્રેરાઈ પધાર્યા છે. પૂર્વકાળમાં સંખ્યાબંધ જિનમંદિરો અહિં હતાં, એ વિષેના પ્રાચીન ઉલ્લેખો મળી આવે છે. કુમારપાલ મહારાજાએ તેમજ વસ્તુપાલ–તેજપાલે પણ અહિં સુંદર જિનમંદિરો બંધાવ્યાં હતાં. હિંદભરનું ઐતિહાસિક તીર્થ સોમનાથ મહાદેવનું મંદિર પણ અહિં સમુદ્રકાંઠે આવેલું છે.

આજે શ્રી ચંદ્રપ્રભસ્વામીના મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. અહિં ગજેન્દ્રપૂર્ણપ્રાસાદનું નવનિર્માણ થયું છે. શહેરના મધ્યબજારના લેવલથી ૮૫ ફુટ ઉંચું ત્રણ મજલાનું ૧૦૦×૭૦ ફુટની લંબાઇ–પહોળાઇવાળી જગ્યામાં પથરાયેલું ગગનચુંબી આલિશાન જિનાલય હિંદભરમાં આ એક જ છે. આ દહેરાસરમાં નવ ગભારા છે. પાંચ શિખરો, ત્રણ ઘુમ્મટો. અને દેવકુલિકાઓ મંદિરની શોભામાં વધારો કરી રહ્યાં છે. રંગમંડપ, કોરીમંડપ તેમજ વિશાલ નૃત્યમંડપ તેમજ તેમાં રહેલા આરસના સ્થંભોની માળાથી મંદિર દેવવિમાન જેવું લાગે છે.

આવા અલૌકિક જિનમંદિરના નિર્માણમાં અત્યાર સુધી આઠ લાખ રૂા. ખર્ચાઇ ચૂકયા છે. હજુ મંદિરમાં રૂપકામ, શિલ્પકામ તેમજ પાકા પ્લાસ્ટરનું કામ બાકી છે. જેમાં આશરે રૂા. ત્રણ લાખના ખર્ચનો અંદાજ છે.

આપ શ્રી સંઘને અમારી નમ્ર અરજ છે કે, આ મહાતીર્થભૂમિની એક વખત યાત્રા–સ્પર્શના કરી, જીવનની સફલતા કરવાપૂર્વક તીર્થયાત્રાનો લાભ લો ! તેમજ મહાતીર્થના જીર્ણોદ્ધારના ફાળામાં સહુ–કોઇ 'ફુલ નહિ તો ફુલની પાંખડી' અવશ્ય મદદ મોકલાવો.

નિવેદકઃ–**શ્રી ચંદ્રપ્રભાસ જીર્ણોદ્ધારક કમિટિ.**

—:: મદદ મોકલવાનાં સ્થળો ::—

**શેઠ હરખચંદ મકનજી**
૫૫/૫૭ બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ–૧

સેક્રેટરીઃ–**શ્રી હીરાચંદ વસનજી**
સ્ટે. વેરાવળ, **પ્રભાસપાટણ** [ સૌરાષ્ટ્ર ]